

પેજ-08
રાજપાલ યાદવનો ચેક બાઉન્સ થતાં પ્રિયંકા ચોપડાના ભૂતપૂર્વ મેનેજર જાજુએ...

અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
શ્રેયસ અય્યર કપ્તાની હેઠળ ભારતનો પરાજય ભારત-ઈંગ્લેન્ડ શ્રેણીમાં




હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 28.00 |
| વડોદરા | 34.00 | 27.00 |
| સુરત | 31.00 | 27.00 |

પેજ 5


ITR ભરતી વખતે વિદેશી સંપત્તિ અને આવકની જાણકારી આપવી કેમ...

06
JULY-2026
MONDAY

નેતન્યાહૂ જાણે છે બોસ કોણ છે ટ્રમ્પનો કટાક્ષ

પેજ 10

.....સુવિચાર.....
સાચા અને સારા વિચાર સાથે ઉઠાવેલું પગલું, તમને સફળતા તરફ જ લઈ જશે...!

વર્ષ-15 । અંક-233 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ - 07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



### રસીદ માંગવા છતાં ન મળી, RSS વડાએ પણ સેવ્યું મૌન

# રામ મંદિરમાંથી 147 કિલોનું સોનાથી મઢેલું રામચરિતમાનસ પણ ગુમ

(એજન્સી) નવી દિલ્હી | તા.05

અયોધ્યામાં રામલલ્લાને અર્પણ કરાયેલી 147 કિલો વજનની સોનાથી મઢેલી 'રામચરિતમાનસ' પ્રત ગુમ થઈ ગઈ છે. પૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ એસ. લક્ષ્મીનારાયણે આક્ષેપ કર્યો છે કે, તેમણે એપ્રિલ 2024માં શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયને રૂબરૂ આ કિંમતી ભેટ સોંપી હતી, પરંતુ તેની રસીદ મળી નથી. લગભગ 5 કરોડ રૂપિયાની કિંમતની આ ભેટ અંગે RSS વડા મોહન ભાગવતને રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી.

અયોધ્યામાં રામલલ્લાને અર્પણ કરવામાં આવેલી ભેટ-સોગાદો અને આભૂષણો ગુમ થવા અંગે એક નવો અને ચોંકાવનારો વિવાદ સામે આવ્યો છે. પૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ એસ. લક્ષ્મીનારાયણે દાવો કર્યો છે કે, તેમના પરિવાર દ્વારા રામ મંદિર ટ્રસ્ટને દાનમાં આપવામાં આવેલી 147 કિલો વજનની સોનાથી મઢેલી 'રામચરિતમાનસ' પ્રત ગુમ થઈ ગઈ છે. આ કિંમતી ભેટ તેમણે શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયને રૂબરૂ સોંપી હતી.પૂર્વ ગૃહ સચિવે આક્ષેપ કર્યો છે કે, વારંવાર વિનંતી કરવા છતાં ટ્રસ્ટ દ્વારા તેમને આ કિંમતી દાનની કોઈ રસીદ આપવામાં આવી નથી, કે તેની સુરક્ષા અંગે કોઈ માહિતી શેર કરાઈ નથી. એસ. લક્ષ્મીનારાયણે સમગ્ર ઘટનાક્રમ જણાવતા કહ્યું કે, 'હું એપ્રિલ 2024માં મારી પત્ની સરસ્વતી સાથે અયોધ્યા ગયો હતો. તે સમયે મેં ચંપત રાયને આ પવિત્ર રામચરિતમાનસ અર્પણ કરી હતી. મને ખાતરી આપવામાં આવી હતી કે તેને રામ મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત કરવામાં આવશે, પરંતુ રસીદ આપવામાં આવી નહોતી.'RSSના વડા અંગે એસ. લક્ષ્મીનારાયણે જમાવ્યું કે, 'રસીદ મેળવવા માટે તેઓ બે વાર અયોધ્યા ગયા હતા. એકવાર 9 કલાક અને બીજી વાર



4 કલાકની લાંબી રાહ જોયા બાદ ચંપત રાય સાથે મુલાકાત થઈ શકી હતી. તેમણે રસીદ આપવાનું વચન આપ્યું હતું, પણ આજ દિન સુધી રસીદ મળી નથી. આ બાબતે મે હૈદરાબાદમાં RSSના વડા ડૉ. મોહન ભાગવત સમક્ષ પણ રજૂઆત કરી હતી. મોહન ભાગવતે યોગ્ય પગલાં લેવાની ખાતરી આપી હતી, પરંતુ ત્યાંથી પણ આગળ કોઈ જવાબ મળ્યો નથી.'ગુમ થયેલી આ રામચરિતમાનસ માત્ર આર્થિક રીતે જ નહીં, પણ આસ્થાની દ્રષ્ટિએ પણ અમૂલ્ય છે. આ રામચરિતમાનસના કુલ 522 પાના છે, જેનું વજન આશરે 147 કિલોગ્રામ છે અને તે સંપૂર્ણ સોનાથી મઢેલી છે. બજાર મૂલ્ય પ્રમાણે આ સોનાની પ્રતની કિંમત આશરે સાડા ચારથી પાંચ કરોડ રૂપિયા હોવાનું મનાય છે. એસ. લક્ષ્મીનારાયણે જણાવ્યું કે, 'આ મારી સ્વર્ગસ્થ માતાની ભક્તિનો ખજાનો હતો, જેમણે પોતાના જીવનના 15થી 18 વર્ષ રામ નામ લખવામાં વિતાવ્યા હતા.' પૂર્વ ગૃહ સચિવનો પરિવાર દાયકાઓથી રામ જન્મભૂમિ ચળવળ સાથે સીધો જોડાયેલો છે. કન્યાકુમારીથી આંદોલન માટે મોકલવામાં આવેલી સૌથી પહેલી ઈંટ લક્ષ્મીનારાયણના સસરાના ઘરેથી જ મોકલવામાં આવી હતી. આટલી અતૂટ શ્રદ્ધા ધરાવતા પરિવાર સાથે ટ્રસ્ટના આવા વલણને કારણે હવે આ મુદ્દો ભારે ચર્ચા જગાવી રહ્યો છે.

## કાઝીરંગાના દિગ્ગજ પેટ્રોલ હાથી જોયમાલાનું અવસાન, મંત્રીએ પાઠવી શ્રદ્ધાંજલિ

ગુવાહાટી: આસામના કાઝીરંગા નેશનલ પાર્કના સૌથી પ્રતિષ્ઠિત અને લોકપ્રિય પેટ્રોલ હાથીઓમાંના એક 'જોયમાલા'એ રવિવારે દુનિયાને અલવિદા કહ્યું છે. ત્રણ દાયકાથી વધુ સમય સુધી વન્યજીવ સંરક્ષણ માટે સમર્પિત સેવા આપનાર જોયમાલાના નિધનથી સમગ્ર વન વિભાગમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આસામના વન મંત્રી જયંત મલ્લાબરુઆએ આ દિગ્ગજ હાથીને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.વન મંત્રીએ જોયમાલાને કાઝીરંગાના "શ્રેષ્ઠ જંગલ યોદ્ધા" ગણાવતા કહ્યું કે, તેનું જીવન પેટ્રોલ હાથીઓ દ્વારા કરવામાં આવતા મૌન બલિદાનોનું પ્રતીક છે. આ હાથીઓ ફ્રન્ટલાઈન સ્ટાફ સાથે ખભેખભા મિલાવીને કાઝીરંગાની વૈશ્વિક સ્તરે પ્રખ્યાત જૈવવિવિધતાનું રક્ષણ કરે છે. ૧૯૬૦માં જન્મેલી જોયમાલા ૧૯૯૨માં કાઝીરંગા નેશનલ પાર્કમાં જોડાયા હતા અને ૩૪ વર્ષ સુધી આ સુરક્ષિત વિસ્તારની રક્ષા કરી હતી. શ્રદ્ધાંજલિ આપતી વખતે મંત્રીએ ૨૦૦૪ની એ અવિસ્મરણીય ઘટનાને યાદ કરી હતી જ્યારે પેટ્રોલિંગ દરમિયાન એક વાઘ જોયમાલા પર કૂદી પડ્યો હતો. કેમેરામાં કેદ થયેલો આ દુર્લભ ક્ષણનો ફોટો આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાયો હતો અને તે કાઝીરંગા સાથે જોડાયેલા સૌથી પ્રતિષ્ઠિત ફોટોગ્રાફ્સમાંનો એક બન્યો હતો. આ ઘટનાએ પાર્કના પેટ્રોલ હાથીઓ અને તેમના મહાવતોની હિંમત અને સંયમને જગત સમક્ષ રજૂ કર્યા હતા. જોયમાલાની વાર્તા સંરક્ષણ સફળતામાં પેટ્રોલ હાથીઓના અમૂલ્ય યોગદાનની યાદ અપાવતી રહેશે.

## મમતા બોલ્યા- મને રોકવી હોય તો મારવી પડશે:ગદ્દારીની પણ એક હદ હોય છે

● બળવાખોર નેતાઓને પડકાર- હિંમત હોય તો ભાજપમાં જોડાઈ જાઓ

**15 જૂને TMCના 20 સાંસદોએ પણ પાર્ટી છોડીને ત્રિપુરાની નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી (NCPI)માં વિલિનીકરણ કરી લીધું હતું.**



(એજન્સી) કોલકાતા | તા.05

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં હાર પછી તૃણમૂલ કોંગ્રેસ (TMC) માં ચાલી રહેલી બળવાખોરી વચ્ચે મમતા બેનર્જીએ કહ્યું કે પાર્ટીનું ચૂંટણી ચિહ્ન ક્યાંય નહીં જાય. જો મને રોકવી હોય તો મને મારવી પડશે.મમતાએ બળવાખોર નેતાઓને પડકાર ફેંકતા કહ્યું, જો હિંમત હોય તો ખુલ્લેઆમ BJPમાં જોડાઈ જાઓ. શું તમને લાગે છે કે હું ખતમ થઈ ગઈ છું? હું જનતા વચ્ચે પાર્ટીનું ચૂંટણી ચિહ્ન લઈને જઈશ, મારો અવાજ કોઈ દબાવી શકશે નહીં.'તેમણે આરોપ લગાવ્યો કે બળવાખોર નેતાઓ હવે ખુલ્લેઆમ BJP માટે કામ કરી રહ્યા છે. મમતાએ કહ્યું, ગદ્દારીની પણ એક હદ હોય છે. મમતાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે પાર્ટીના 20 સાંસદો અને 58 ધારાસભ્યો અલગ જૂથ બનાવી ચૂક્યા છે.

**બંગાળ ચૂંટણીમાં હાર બાદ બળવાખોર જૂથે ઋતબ્રતને નેતા તરીકે પસંદ કર્યા :** 3 જૂને ટીએમસીમાં પહેલીવાર બળવાની ખબર સામે આવી હતી. ટીએમસીના 80માંથી 58 બળવાખોર ધારાસભ્યોએ પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્ય ઋતબ્રત બેનર્જીને પોતાના નેતા તરીકે પસંદ કર્યા હતા. વિધાનસભા સ્પીકર રથીન્દ્ર બોઝને સમર્થન પત્ર આપ્યો હતો. તેમાં માંગ કરવામાં આવી હતી કે ઋતબ્રતને વિરોધ પક્ષના નેતા જાહેર કરવામાં આવે. સ્પીકરે મંજૂરી આપી દીધી હતી. 22 જૂને યોજાયેલી પ્રતિનિધિ બેઠકમાં નવા અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને 30 સભ્યોની રાષ્ટ્રીય કાર્યકારિણીની રચના કરવામાં આવી હતી.

## પ્રશાંત કિશોર બાંકીપુરથી વિધાનસભા ચૂંટણી લડશે

● નીતિન નબીનના ગઢમાં ભાજપને ટક્કર આપશે, જાણો ભાજપમાંથી કોણ હોઈ શકે છે ઉમેદવાર




(એજન્સી) નવી દિલ્હી | તા.05

પટનાની બાંકીપુર વિધાનસભા બેઠક પર જનસુરાજ પાર્ટી તરફથી પ્રશાંત કિશોર ઉમેદવાર હશે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મનોજ ભારતીએ તેની જાહેરાત કરી છે.પ્રશાંત કિશોરે કહ્યું, 'ચાર વર્ષથી જન સુરાજ જ મારું જીવન છે. પાર્ટીએ મને જે જવાબદારી આપી છે તેને પૂરી કરવાનો પ્રયાસ કરીશ. બાંકીપુરથી જો જીત મળે છે તો તેનાથી પાર્ટીનો મનોબળ ઘણો વધશે અને પાર્ટી આગળ વધશે.'જણાવી દઈએ કે નીતિન નબીનના રાજ્યસભા સાંસદ બન્યા પછીથી જ પીકેના બાંકીપુરથી ચૂંટણી લડવાની ચર્ચા હતી. છેલ્લા દિવસોમાં ખુદ પીકેએ કહ્યું હતું કે- જો મારા ચૂંટણી લડવાથી ભાજપ બાંકીપુર જેવી મજબૂત બેઠક હારે છે, તો હું ચૂંટણી લડવા માટે તૈયાર છું.

### પૂર્વ ધારાસભ્યના પુત્રો પણ ટિકિટ માટે ચક્કર લગાવી રહ્યા છે

બાંકીપુરથી પોતાની દાવેદારી માટે ઘણા નેતાઓના પુત્રોના પણ નામ આવી રહ્યા છે, જેઓ ટિકિટ માટે નેતૃત્વના ચક્કર લગાવી રહ્યા છે. તેમાંથી બે નામ સૌથી મુખ્ય છે. કુમ્હરારના પૂર્વ ધારાસભ્ય અરુણ સિંહાના પુત્ર આશિષ સિંહા ટિકિટ મેળવવા પ્રયાસ કરી રહ્યા છે.2025ની વિધાનસભા ચૂંટણી દરમિયાન અરુણ સિંહાને કુમ્હરાર બેઠક પરથી ટિકિટ આપવામાં આવી ન હતી.

### નીતિન નબીનના રાજ્યસભામાં જવાથી બેઠક ખાલી પડી હતી

પાંચ વખત ધારાસભ્ય રહેલા નીતિન નબીનના રાજીનામાને કારણે થઈ રહી છે. નીતિન નબીનને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને એપ્રિલ 2026માં તેઓ રાજ્યસભામાં ગયા, જેના કારણે આ બેઠક ખાલી પડી હતી.નીતિન નબીન અને તે પહેલાં તેમના દિવંગત પિતા નવીન કિશોર પ્રસાદ સિંહાનું એકચક્રી શાસન રહ્યું છે.

### ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકોની મુશ્કેલીમાં વધારો

## રાયપુરમાં ધોધમાર વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત, અનેક વિસ્તારોમાં જળબંબાકાર

રાયપુર: છત્તીસગઢની રાજધાની રાયપુરમાં રવિવારે થયેલા ભારે વરસાદને પગલે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. રાત્રિ દરમિયાન પડેલા મુશળધાર વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં ગંભીર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. કેટલાક વિસ્તારોમાં ઘૂંટણ સુધી તો ક્યાંક કમર સુધી પાણી ભરાઈ જવાથી લોકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

વરસાદનું ગંદુ પાણી શહેરના અનેક રહેણાંક વિસ્તારોમાં ઘરોની અંદર ઘૂસી ગયું હતું. લોકોનો સામાન પલળી ગયો છે અને અનેક પરિવારોએ બાળકો તથા વડીલોની સુરક્ષા માટે આખી રાત જાગીને વિતાવી હતી. રાયપુરના દગાનીયા અને તાતીબંધ જેવા વિસ્તારો તેમજ ગુઢિયારી અંડરબ્રિજ સહિતના અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું. સવારના ૨ વાગ્યાથી જ સ્થાનિક લોકો પોતાના ઘરોમાંથી પાણી બહાર કાઢવા અને સામાનને સુરક્ષિત કરવા માટે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. અનેક પરિવારોને ખાવા-પીવાની અને પીવાના પાણીની પણ સમસ્યાનો સામનો કરવો પડ્યો છે.સ્થાનિક રહેવાસી રાજુ વર્માએ વહીવટીતંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવતા કહ્યું કે, આ કોઈ નવી સમસ્યા નથી. દર વર્ષે ચોમાસા દરમિયાન આવી સ્થિતિ સર્જાય છે, પરંતુ આજ સુધી કોઈ કાયમી ઉકેલ શોધવામાં આવ્યો નથી. નાનાં બાળકો અને વૃદ્ધો સાથે આવા ઘરોમાં રહેવું મુશ્કેલ બની ગયું છે. ગંદા પાણીના ભરાવાને કારણે ચેપ ફેલાવવાનું જોખમ પણ વધી ગયું છે.

### નીટ પેપર લીક, યુઝરનેમ ફીચર પછી ટેલિગ્રામને વધુ એક નોટિસ

## ફિલ્મો-વેબ સિરીઝની પાયરસી રોકવા ટેલિગ્રામને કેન્દ્ર સરકારનું અલ્ટીમેટમ

નવી દિલ્હી: નીટ પેપર લીક અને યુઝરનેમ ફીચર વિવાદ બાદ હવે ભારત સરકારે ટેલિગ્રામને ફિલ્મો-વેબસિરીઝની પાયરસી મુદ્દે નોટિસ ફટકારી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે મેસેજિંગ પ્લેટફોર્મને 15 દિવસમાં એક્શન ટેકન રિપોર્ટ સોંપવા નિર્દેશ આપ્યા છે. સરકારે પાયરેટેડ કન્ટેન્ટને એક-એક કરીને હટાવવાના બદલે પ્લેટફોર્મ સ્તરે પાયરસી રોકવા કહ્યું છે, અન્યથા કાર્યવાહીની ચેતવણી આપી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટેલિગ્રામ ફરી એક વખત ભારત સરકારની રડાર પર છે. નેટ પેપર લીક, યુઝરનેમ ફીચર વિવાદ પછી હવે કેન્દ્ર સરકારે ફિલ્મો-વેબ સિરીઝની પાયરસી મુદ્દે ટેલિગ્રામને નોટિસ ફટકારી છે. અધિકારીઓ મુજબ સરકારે સ્ટ્રીમિંગ પ્લેટફોર્મની ફિલ્મો અને કન્ટેન્ટની મોટાપાયે થઈ રહેલી પાયરસી રોકવા ટેલિગ્રામને નોટિસ આપી છે અને ૧૫ દિવસમાં એક્શન ટેકન રિપોર્ટ સોંપવા નિર્દેશ આપ્યા છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે મેસેજિંગ પ્લેટફોર્મને નિર્દેશ આપ્યા છે કે તે પાયરેટેડ ફિલ્મો અને ઓટીટી કન્ટેન્ટના ગેરકાયદે વિતરણ વિરુદ્ધ તુરંત પગલાં લે. ટેલિગ્રામ પાસે માગવામાં આવેલા એક્શન ટેકન રિપોર્ટમાં તેણે પાયરસી રોકવા માટે કયા પગલાં લીધા તેની માહિતી મગાઈ છે. નોટિસમાં સરકારે ટેલિગ્રામને વ્યક્તિગત ટેકડાઉનથી આગળ વધવા અને પાયરસીને રોકવા માટે પ્લેટફોર્મ-સ્તરીય દૃષ્ટિકોણ અપનાવવા કહ્યું છે. સરકારે મેસેજિંગ એપને ચેનલ્સ, ગ્રૂપ્સ, બોટ, એકાઉન્ટ્સ, એડમિન અને સંબંધિત સંસ્થાઓ સહિત વારંવાર ભંગ કરનારા વિરુદ્ધ કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યા છે. આ સિવાય પ્લેટફોર્મને ફિલ્મ નિર્માતાઓ, ઓટીટી પ્લેટફોર્મ્સ અને કાયદાની એજન્સીઓ માટે તેના ફરિયાદ નિવારણ તંત્રની વિગતો માગી છે. નોટિસમાં ટેલિગ્રામને યાદ અપાવાયું છે કે કોપીરાઈટ ભંગ કોઈ સાધારણ સિવિલ કેસ નથી. તે ફોજદારી ગૂનો પણ છે, જેમાં કોપીરાઈટ એક્ટ, ૧૯૫૭ અને સિનેમેટોગ્રાફ એક્ટ, ૧૯૫૨ હેઠળ જેલ અને દંડ થઈ શકે છે. ટેલિગ્રામ પર પહેલી વખત ૩,૦૦૦થી વધુ પાયરેટેડ ચેનલો પર કાર્યવાહી કરાયા પછી સરકારે આ નોટિસ આપી છે.

## રામ મંદિર દાનમાં કથિત ગોટાળા મામલે કોંગ્રેસના મોદી પર પ્રહારો

ચેન્નઈ: અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ મંદિરને મળતા દાનમાં કથિત ગોટાળાના મામલે રાજકીય ગરમાવો વધી ગયો છે. તમિલનાડુ કોંગ્રેસના પ્રમુખ માણિકમ ટાગોરે રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મૌન ધારણ કરવાની બાબત પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે ભારતીય જનતા પાર્ટી (BJP) અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પર મંદિરના નામે ફંડ ઉઘરાવવા અને આર્થિક ગેરરીતિઓ આચરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. ચેન્નઈમાં એક પત્રકાર પરિષદને સંબોધતા ટાગોરે દાવો કર્યો હતો કે અયોધ્યા રામ મંદિર સાથે જોડાયેલા દાનમાં આશરે ૭ કરોડથી ૭.૫ કરોડ રૂપિયા સુધીનો નાણાકીય ગોટાળો થયો છે. તેમણે પૂછ્યું કે, "વડાપ્રધાન આ મુદ્દે કેમ મૌન છે? ભાજપ અને આરએસએસ મંદિરોનો ઉપયોગ કરીને ભંડોળ એકત્ર કરે છે. ભાજપ જ્યારે કહે છે કે મંદિરો ભક્તોને સોંપી દેવા જોઈએ, ત્યારે તેમનો વાસ્તવિક ઉદ્દેશ્ય ત્યાંના પૈસા સુધી પહોંચવાનો હોય છે."આ સમગ્ર મામલે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચિત સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) તપાસ કરી રહી છે.

### ગ્રાહકો પર ટેકનોલોજીથી ચાંપતી નજર

## ભારતનું એક ટ્રિલિયન ડોલરથી વધુનું રિટેલ માર્કેટ હવે એઆઈના ભરોસે

મુંબઈ: ભારતના 1 ટ્રિલિયન ડોલરના રિટેલ માર્કેટમાં ગ્રાહકોના વર્તનને સમજવા ટોચની કંપનીઓ AIનો ઉપયોગ કરી રહી છે. CCTV કેમેરા અને કમ્પ્યુટર વિઝન દ્વારા ગ્રાહકો દુકાનમાં કઈ વસ્તુઓ જુએ છે, ક્યાં વધુ સમય રોકાય છે અને ખરીદી કર્યા વિના શા માટે નીકળી જાય છે તેનું વિશ્લેષણ થઈ રહ્યું છે. આનાથી ગ્રાહકોને વધુ સારો શોપિંગ અનુભવ આપવાનો અને વેચાણ વધારવાનો હેતુ છે.

ભારતમાં ઓનલાઈન શોપિંગનો વ્યાપ વધી રહ્યો છે. આ વચ્ચે ભારતના ૧ ટ્રિલિયન ડોલરથી વધુના રિટેલ માર્કેટમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સહારો લેવામાં આવી રહ્યો છે. એઆઈ હવે ચેટબોટ પૂરતું સીમિત નથી રહ્યું. દેશની ટોપ રિટેલ કંપનીઓ દુકાનમાં ગ્રાહકો કેવી રીતે વર્તે છે, કંઈ વસ્તુઓ જુએ છે, કઈ જગ્યાએ વધુ સમય રોકાય છે અને ખરીદી કર્યા વિના કેમ નીકળી જાય છે તે જાણવા માટે એઆઈનો ઉપયોગ કરી રહી છે.ટોપ રિટેલ કંપનીઓ સ્ટોરમાં લગાવેલા સીસીટીવી કેમેરા, કમ્પ્યુટર વિઝન, સ્પીચ એનાલિટિક્સ અને એઆઈ આધારિત પ્રિડિક્ટિવ એનાલિસિસના આધારે ગ્રાહકોના વર્તનનું વિશ્લેષણ કરી રહી છે. તેનો હેતુ માત્ર સેલ્સ વધારવાનો નહીં પરંતુ, ગ્રાહકોને વધુ પર્સનલ અને સરળ શોપિંગ અનુભવ આપવાનો છે. નિષ્ણાતોના મતે, આજનો કસ્ટમર મોબાઈલ એપ, વેબસાઈટ અને ફિઝિકલ સ્ટોરમાં ફરીને એકસરખો અનુભવ ઈચ્છે છે. આ બદલાતી અપેક્ષાઓને પહોંચી વળવા રિટેલર્સ હવે એઆઈ તરફ વળ્યા છે.

એઆઈ હવે રિટેલમાં કસ્ટમર્સને એકસરખી ઓફરો બતાવવાની જગ્યાએ તેમની શોપિંગ હિસ્ટ્રી, ચોઈઝ, સ્થાન, સમય અને સ્ટોકના આધારે અલગ અલગ ભલામણો કરે છે. તે ડિમાન્ડનું પૂર્વાનુમાન, સ્ટોક મેનેજમેન્ટ, ડાયનામિક પ્રાઈઝિંગ અને ફાસ્ટ ડિલિવરી જેવા સેકટર્સમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

## કેટીઆરનો કાફલો અટકાવતા તેલંગાણામાં પોલીસ અને બીઆરએસ વચ્ચે ઘર્ષણ

જનગામ: તેલંગાણામાં રાજકીય માહોલ ગરમાયો છે. ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) એ રવિવારે આરોપ લગાવ્યો છે કે પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ કે.ટી. રામારાવ (કેટીઆર) જ્યારે કાનેપલ્લી પંપ હાઉસની મુલાકાત લેવા જઈ રહ્યા હતા, ત્યારે પોલીસે જનગામ જિલ્લાના પેમ્બાર્થી ખાતે તેમનો કાફલો અટકાવ્યો હતો. બીઆરએસના નેતાઓ અને પોલીસ કર્મચારીઓ વચ્ચે આ બાબતે તીખી તકરાર પણ થઈ હતી.બીઆરએસના જણાવ્યા અનુસાર, કેટીઆર અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ જ્યારે હૈદરાબાદ-વારંગલ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પોલીસે હાઈવે પર ઠેર-ઠેર બેરિકેડ્સ મૂકીને ભારે સુરક્ષા તૈનાત કરી દીધી હતી. પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે પોલીસે બીઆરએસના નેતાઓ, કાર્યકરો અને ખેડૂતોને પંપ હાઉસના સ્થળ સુધી પહોંચતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. કેટીઆરનો કાફલો અટકાવાતા નેતાઓ અને પોલીસ વચ્ચે દલીલો થઈ હતી, જેના કારણે હાઈવે પર વાતાવરણ તંગ બની ગયું હતું.

# જમ્મુ-કાશ્મીરમાં 2 લશ્કરના આતંકવાદીઓ માર્યા ગયાના અહેવાલ:એક પહેલગામ હુમલા બાદ બનેલી હિટ લિસ્ટમાં સામેલ હતો



(એજન્સી) નવી દિલ્હી | તા.05

જમ્મુ-કાશ્મીરના શોપિયાંના સૈદપોરા વિસ્તારમાં શનિવારે સાંજથી ચાલી રહેલી અથડામણમાં લશ્કરના 2 આતંકીઓ માર્યા ગયા હોવાના સમાચાર છે. સુરક્ષા દળોએ આની પુષ્ટિ કરી નથી. જો કે કેટલાક મીડિયા અહેવાલો અનુસાર માર્યા ગયેલા બંને આતંકીઓની ઓળખ લશ્કર-એ-તૈયબા (LeT) ના ટોપ ઓપરેટિવ ઝાકિર અહેમદ ગની (A++ કેટેગરી) અને તેના સાથી લતીફ ભટ તરીકે થઈ છે.દક્ષિણ કાશ્મીરના શોપિયાંમાં સૈદપોરા પાયીન નજીક છાનપોરા વિસ્તારમાં બંને આતંકીઓ છુપાયા હોવાના સુરક્ષા દળોને ગુપ્ત સૂત્રો પાસેથી સમાચાર મળ્યા હતા. ઘેરાબંધી દરમિયાન જ્યારે સુરક્ષા દળો આતંકીઓના ઠેકાણાની નજીક પહોંચ્યા તો બંનેએ ભારે ગોળીબાર કરી દીધો. અથડામણ 4 જુલાઈની સાંજે 7:45 વાગ્યે શરૂ થઈ હતી. જોઈન્ટ ઓપરેશન કાશ્મીર પોલીસ SOG, 44 RR, 20 RR, 34 RR અને 03 PARA એ મળીને ચલાવ્યું છે.હાલમાં અંધારાના કારણે એન્કાઉન્ટર અને સર્ચ ઓપરેશન રોકી દેવામાં આવ્યું છે. આને સવારે ફરીથી શરૂ કરવામાં આવશે. અત્યાર સુધી આતંકીઓના મૃતદેહ પણ મળી આવ્યા નથી.

**રિપોર્ટ્સમાં દાવો- કુલગામનો રહેવાસી હતો ઝાકિર :** સૂત્રોના જણાવ્યા મુજબ, કુલગામના મુતલહમ ગામના રહેવાસી ઝાકિર અહેમદ ગનીને સુરક્ષા દળોએ ગઈકાલે દક્ષિણ કાશ્મીરના જિલ્લાઓમાં અન્ય આતંકવાદીઓ સાથે ટ્રેક કર્યો હતો. ઝાકિરનું નામ પાકિસ્તાન સાથે સંકળાયેલા અનેક આતંકી હુમલાઓ સાથે પણ જોડાયેલું હતું.ઓક્ટોબર 2025 માં NIA કોર્ટે આમના વિરુદ્ધ નોટિસ જાહેર કરી હતી અને તાજેતરમાં જ તેમનું નામ એપ્રિલ 2026 ના પહેલગામ આતંકી હુમલાની તપાસ સાથે પણ જોડાયું હતું. પહેલગામ હુમલા પછી સુરક્ષા એજન્સીઓએ કાશ્મીરમાં 14 આતંકવાદીઓની યાદી જાહેર કરી હતી અને તેમના ઘર પણ તોડી પાડવામાં આવ્યા હતાસુરક્ષા રેકોર્ડ મુજબ, ઝાકિર 2024 થી લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલો છે.

### 14 લોકલ આતંકીઓમાં 9 માર્યા ગયા, હવે 5 ની શોધ

જો ઝાકિર ગનીના મોતની પુષ્ટિ થઈ જાય છે તો તે 9મો આતંકી હશે, જેને સુરક્ષા દળોએ મારી નાખ્યો છે. જે 14 આતંકીઓની યાદી જાહેર કરવામાં આવી હતી, તેમાંથી અત્યાર સુધીમાં ઝાકિર ગની સહિત 9 માર્યા ગયા છે.

# પ્રવાસી સાથે ટુર પેકેજના નામે રૂ. ૭૬,૦૦૦/-ની છેતરપિંડી કરનાર બે આરોપીઓ ઝડપાયા..



ડાંગ | ડાંગ જિલ્લાના સાપુતારા પોલીસ સ્ટેશનની ટીમે પ્રવાસી સાથે પ્રવાસના બહાને લોભ-લાલચ આપી છેતરપિંડી આચરતી ગેંગના બે સાગરીતોને ગણતરીના કલાકોમાં ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. ડાંગ-આહવાના પોલીસ અધિક્ષક પૂજા યાદવ તેમજ નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.જે.કે.બારીયાની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન રિસોર્સની મદદથી આ કામગીરી કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, 'vendorland tours & Vacations Pvt. Ltd' નામની કંપનીના સંચાલકો અને કર્મચારીઓએ ફરિયાદીને ટુર પેકેજ અપાવી અલગ-અલગ ચાર્જના નામે કોઈ સુવિધા આપ્યા વગર રૂ. ૭૬,૦૦૦/- ની છેતરપિંડી કરી હતી અને ક્રેડિટ કાર્ડના વ્યાજ પેટે પણ રૂ. ૧૦,૫૦૦/- પડાવી લીધા હતા.આ અંગે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (BNS) ની કલમ ૩૧(૪) અને ૫૪ મુજબ ગુનો નોંધાતા સાપુતારા પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી.સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.જે.કે.બારીયા દ્વારા આ ગુનામાં સામેલ મુખ્ય આરોપીઓ (૧) નિલેષભાઈ રામદાસભાઈ આહીરે (રહે. નાશિક, મહારાષ્ટ્ર) અને (૨) મિત સુરેશભાઈ શાહ (રહે. વિરાર, જી. પાલઘર, મહારાષ્ટ્ર) ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે વોન્ટેડ આરોપીઓ પૂજા શર્મા અને જયદીપ શેટ્ટી (બંને કંપનીના કોલ સેન્ટર કર્મચારી) ને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે..પોલીસ કાર્યવાહી: સાપુતારા પી.આઈ. જે.કે. બારીયા અને તેમની ટીમ દ્વારા ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને આ ગેંગના બે મુખ્ય આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે.ગુનો: ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (BNS) ની કલમ ૩૧(૪) અને ૫૪ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.વધુ તપાસ: આ ગુનામાં સામેલ અન્ય બે વોન્ટેડ આરોપીઓ, પૂજા શર્મા અને જયદીપ શેટ્ટી (જેઓ કંપનીના કોલ સેન્ટર કર્મચારી છે), તેમને પકડવા માટે પોલીસે શોધખોળ શરૂ કરી છે.ડાંગ અને સાપુતારા જેવા પ્રવાસન સ્થળોએ આવતા પ્રવાસીઓએ કોઈપણ ટૂર એજન્સી કે પેકેજ બુક કરાવતી વખતે સાવચેત રહેવું જોઈએ. કોઈપણ અજાણી કંપનીને અગાઉથી મોટી રકમ ચૂકવતા પહેલા તેની અધિકૃતતા (Registration) તપાસી લેવી હિતાવહ છે.

### ગાંધીનગર ખાતે ખેડૂતો મુદ્દે AAP દ્વારા સામૂહિક ઉપવાસ કાર્યક્રમનું આયોજન

# કાગળ પર સગેવગે થતી ગ્રામ પંચાયતોની સત્તા, ગામડાઓને આર્થિક અને વહીવટી રીતે સ્વતંત્ર કરવાની જરૂર : મનોજ સોરઠીયા

**જે લોકો વિચારી રહ્યા છે કે 25 લાખની જમીનના 50 લાખ મળશે તો એમને હું કહેવા માગું છું કે આવું થવાનું નથી: પ્રવીણ રામ AAP**

**જેતપુર હોય કે કોંઢ હોય, દરેક જગ્યાએ શરૂઆતથી AAP ખેડૂતો સાથે ઉભી રહી: બ્રિજરાજ સોલંકી AAP**

અમદાવાદ | આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર અનશન છાવણી ખાતે ખેડૂતોના વિવિધ પ્રશ્નો મુદ્દે સામૂહિક ઉપવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા અને કિસાન સેલના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ સહિતના અગ્રણી નેતાઓ ખેડૂતોના સમર્થનમાં ઉપવાસ પર બેઠા હતાં. આ તકે 'આપ' નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, આજે સમગ્ર ગુજરાતમાં ખેડૂતોના પ્રશ્નો, સ્માર્ટ મીટર, શિક્ષણ, બિસ્માર રોડ-રસ્તા અને સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારને લઈને જનતામાં ભારે વિરોધ છે. જનતાના ભોગે શોષણ કરનારી અને સત્તાના જોરે વિરોધ કરનારાઓનો અવાજ દબાવનારી આ ભાજપ સરકાર હવે સત્તામાં લાંબા સમયની મહેમાન નથી, આગામી દિવસોમાં જનતા તેમની પાસે ચોક્કસ હિસાબ માંગશે. આજે આમ આદમી પાર્ટીના નિષ્ઠાવાન કાર્યકરો સત્તામાં બેઠેલા સરમુખત્યારો સામે અવાજ ઉઠાવીને ગુજરાતની જનતાની પીડાને વાચા આપી રહ્યા છે, કારણ કે સરકાર જનતાને લાંબો સમય ગુલામ રાખી શકતી નથી. ગુજરાતના ગામડાઓમાં જમીન સંપાદન અને છેલ્લા દસ વર્ષથી ખેતરોમાં જબરદસ્તી વળતર આપ્યા વિના નાખવામાં આવતા વીજળીના થાંભલાઓ સામે ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. આજે ગ્રામ પંચાયતો અને ગામસભાઓના અધિકારો માત્ર કાગળ પર રહી ગયા છે અને કલેક્ટર કે સરકારી તંત્ર તેમની વાત સાંભળતું નથી. હવે સમય આવી ગયો છે કે આપણા ગામડાઓ, ખેતરો અને સંસાધનો પર ગામડાઓનો જ સ્વતંત્ર અધિકાર હોય તેવી વ્યવસ્થા ઊભી થાય. ભાજપે ગુજરાતમાં ૩૦ વર્ષ અને કેન્દ્રમાં ૧૫ વર્ષ શાસન કર્યું, પરંતુ જનતાને આર્થિક રીતે પાયમાલ કરીને માત્ર પોતાની સત્તા જ મજબૂત કરી છે. આવનારા દિવસોમાં આ ભ્રષ્ટ લોકોને સત્તા પરથી હટાવીને સામાન્ય માણસનું શાસન લાવવું જ પડશે, તો જ પરિસ્થિતિ બદલી શકાશે.આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામે જણાવ્યું હતું કે, જ્યારે ખેડૂતોના જમીન પર થાંભલા નખાશે ત્યારે માર્કેટ ભાવ કોણ નક્કી કરશે? તો માર્કેટ ભાવ તો દસ્તાવેજના આધારે નક્કી થશે, આપણે મોટાભાગે લોકો જાણીએ છીએ કે જમીનોના દસ્તાવેજ 25 ટકા ભાવે જ થાય છે. તો ખેડૂતને જે વળતર મળવાનું છે તે જમીનનો ભાવ દસ્તાવેજના આધારે નક્કી થશે પણ માર્કેટના ભાવનો તો કોઈ આધાર હોતો નથી કારણ કે એ મૌખિક વાત હોય છે. તો 25 લાખની જમીનનો દસ્તાવેજ 7-8 લાખ નક્કી થશે અને એના ડબલ એટલે કે ફક્ત 15 લાખ ખેડૂતોને ચૂકવીને એમની જમીન લેવામાં આવશે. જે લોકો વિચારી રહ્યા છે કે 25 લાખની જમીનના 50 લાખ મળશે તો એમને હું કહેવા માગું છું કે આવું થવાનું નથી. એટલા માટે ગુજરાતના ખેડૂતો માંગ કરી રહ્યા હતા.

# ખેડૂતોને લલચાવવા અને ભ્રમિત કરવા માટે સરકારે જાહેરાતો કરી: ગોપાલ ઈટાલીયા

**વીજળીના થાંભલા મુદ્દે અને ખેડૂતોની વિવિધ માંગોના સમર્થનમાં સામૂહિક ઉપવાસ કાર્યક્રમનું આયોજન કર્યું**




અમદાવાદ | આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર ખાતે ખેડૂતોના વિવિધ પ્રશ્નો મુદ્દે સામૂહિક ઉપવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા અને કિસાન સેલના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ સહિતના અગ્રણી નેતાઓ ખેડૂતોના સમર્થનમાં ઉપવાસ પર બેઠા છે. આ તકે મીડિયા સાથે વાતચીત કરતા 'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, આજે આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતભરના ખેડૂતોની વિવિધ માંગણીઓના સમર્થનમાં અને હાલનો જે સૌથી સળગતો મુદ્દો છે, ખેતરોમાં વીજળીના થાંભલા (ટાવર) નાંખવાનો, તે મુદ્દે સામૂહિક ઉપવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અમારા પ્રદેશના સૌ આગેવાનો, ખેડૂત પ્રતિનિધિઓ અને પક્ષના કાર્યકરો મોટી સંખ્યામાં આજે ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ઉપસ્થિત થયા છે. છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપના શાસનમાં દિવસે-દિવસે ખેડૂતો પાયમાલ થયા છે, ખેતી ભાંગી પડી છે અને ખેતમજૂરી કરતા લોકો હેરાન થયા છે, જેના કારણે ખેડૂતોમાં ભારે રોષની લાગણી ઊભી થઈ છે.

# થાંભલા મુદ્દે સ્ટેટ લેવલની કમિટી બને, જેમાં ખેડૂતો પણ સામેલ હોય: ઈસુદાન ગઢવી

**સરકાર 25 વર્ષ પછી જમીનની કિંમત અને કંપનીના પ્રોફિટનું મૂલ્યાંકન કરે અને એના આધારે વળતર ચૂકવે અથવા ખેડૂતોને ભાડું ચૂકવવામાં આવે અથવા પ્રોફિટમાં ભાગ આપવામાં આવે: ઈસુદાન ગઢવી**

અમદાવાદ | આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર ખાતે ખેડૂતોના વિવિધ પ્રશ્નો મુદ્દે સામૂહિક ઉપવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા અને કિસાન સેલના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ સહિતના અગ્રણી નેતાઓ ખેડૂતોના સમર્થનમાં ઉપવાસ પર બેઠા છે. આ તકે મીડિયા સાથે વાતચીત કરતા 'આપ' નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને પોતાના પાકના યોગ્ય ભાવ નથી મળતા અને કમોસમી વરસાદ કે કુદરતી આફત સમયે સતત તેમનું શોષણ થાય છે. આ મુદ્દે અમે ભાજપ સરકાર સમક્ષ રજૂઆતો કરી હતી, પરંતુ જ્યારે ખાનગી કંપનીઓ સાથે મળીને ખેડૂતોના ખેતરોમાં તેમની મંજૂરી કે યોગ્ય વળતર આપ્યા વિના મોટા ટાવરો નાખવાની કામગીરી શરૂ કરાઈ, ત્યારે ખેડૂતોને અન્યાય થયો અને આ અન્યાય સામે ખેડૂતોએ એક થઈને આંદોલન શરૂ કર્યું. ખેડૂતોની આ એકતાની જીત થઈ છે, કારણ કે જ્યારે આપણે હક માટે લડીશું ત્યારે જ કંઈક મેળવી શકીશું. જોકે, સરકારે હાલમાં ખેડૂતો માટે જે જાહેરાત કરી છે, તેનો અમે અભ્યાસ કર્યો છે અને તેમાં હજી પણ ઘણી બધી ખામીઓ તથા અસ્પષ્ટતા છે. આમ આદમી પાર્ટીએ ખેડૂતોની આ લડત શરૂઆતથી જ ચાલુ રાખી છે, જેના ભાગરૂપે અમે ગુજરાતમાં ૧૧ કિસાન મહાપંચાયતો યોજી, આશરે ૧૨,૦૦૦ જેટલા ગામોમાં બેઠકો કરી અને ખેડૂતો પાસે સહી ઝુંબેશ ચલાવીને મુખ્યમંત્રી સમક્ષ માંગણીઓ મૂકી હતી. ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતુ કે અમે મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી હતી કે, રાજ્ય કક્ષાએ (સ્ટેટ લેવલની) એક ન્યુટ્રલ 'વળતર કમિટી' બનાવવામાં આવે, જેમાં ખેડૂતોના પ્રતિનિધિઓ અને નિવૃત્ત ન્યાયાધીશ પણ સામેલ હોય. આ કમિટી તટસ્થ રીતે આગામી ૨૫ વર્ષ પછી જમીનની કિંમત અને કંપનીઓના નફાને ધ્યાનમાં રાખીને વળતરની નીતિ નક્કી કરે, જેથી ખેડૂતોને કાં તો વન-ટાઈમ યોગ્ય વળતર મળે, અથવા જમીનનું નિયમિત ભાડું મળે, અથવા તો કંપનીના નફામાંથી હિસ્સો મળે.



# ઈન્ડોનેશિયા ભારતની વિકાસની સફળતાની ગાથાઓ તરફ જોઈ રહ્યું છે, જે દ્વિપક્ષીય સંબંધોને નવો વેગ આપી રહી છે

અમદાવાદ | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 6-8 જુલાઈ 2026 દરમિયાન યોજાનારી આગામી ઈન્ડોનેશિયાની મુલાકાત એવા સમયે આવી રહી છે જ્યારે બંને દેશો વચ્ચેની ભાગીદારી પરંપરાગત સહયોગથી આગળ વધી રહી છે. આજે, ઈન્ડોનેશિયા ભારત તરફ માત્ર એક વ્યૂહાત્મક ભાગીદાર તરીકે જ નહીં, પરંતુ ટેક્નોલોજી, નીતિગત વિચારો અને વિકાસના ઉકેલોના એક વિશ્વસનીય સ્ત્રોત તરીકે પણ વધુને વધુ જોઈ રહ્યું છે.ખાદ્ય સુરક્ષા અને ડિજિટલ ગવર્નન્સથી લઈને આરોગ્યસંભાળ, કૃષિ અને સંરક્ષણ સુધી, ભારતના સફળ જાહેર નીતિના મોડેલો ઈન્ડોનેશિયાની પોતાની વિકાસયાત્રા માટે મૂલ્યવાન સંદર્ભ બિંદુઓ બની રહ્યા છે. ઈન્ડોનેશિયાના કેટલાક પ્રતિનિધિમંડળોએ ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આપણી જાહેર વિતરણ પ્રણાલી (PDS), ચોખાના ફોર્ટિફિકેશનની યોજના, ખાતર સબસિડી સુધારણા, એગ્રીસ્ટેક (AGRISTACK) વગેરે જેવી સામાજિક કલ્યાણ યોજનાઓમાંથી શીખવા માટે ભારતની મુલાકાત લીધી છે.1.ઈન્ડોનેશિયા ડિજિટલ પેમેન્ટ્સમાં ભારતીય કુશળતાનો લાભ લઈ રહ્યું છે. પ્રસ્તાવિત યુપીઆઈ-ક્યુઆરઆઈએસ (UPI-QRIS) લિંકેજ બંને દેશોના પ્રવાસીઓ અને વ્યવસાયો માટે સીમલેસ ક્રોસ-બોર્ડર (સરહદ પાર) પેમેન્ટની મંજૂરી આપશે. આ પહેલથી પર્યટન, વ્યાપાર અને ડિજિટલ કોમર્સને વેગ મળવાની અપેક્ષા છે અને સાથે જ ટ્રાન્ઝેક્શન્સ વધુ ઝડપી, સસ્તા અને વધુ અનુકૂળ બનશે.ઈન્ડોનેશિયામાં વ્યાપાર કે રોકાણ ધરાવતા ભારતીય વ્યવસાયો માટે અને દર વર્ષે બાલી અને ઈન્ડોનેશિયાના અન્ય સ્થળોની મુલાકાત લેતા અંદાજિત 17 લાખ ભારતીય પ્રવાસીઓ માટે, એક લાઈવ UPI-QRIS કોરિડોર પરિવર્તનકારી સાબિત થશે.2.ભારતનું ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ સહયોગના મુખ્ય ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યું છે. ઈન્ડોનેશિયાનું ઓપન નેટવર્ક (ION) ભારતના ONDC મોડેલથી પ્રેરિત છે અને તેનો ઉદ્દેશ્ય ઈન્ડોનેશિયામાં 6.5 કરોડથી વધુ માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSMEs) માટે વધુ ઓપન અને સર્વસમાવેશી ડિજિટલ માર્કેટપ્લેસ બનાવવાનો છે. 'બેકન 2.0' (Beckn 2.0) ઓપન પ્રોટોકોલ પર બનેલ ION, 7 જુલાઈના રોજ મોદી-પ્રાબોવો સમિટ દરમિયાન તેનું પ્રથમ લાઈવ ટ્રાન્ઝેક્શન નોંધાવશે તેવી અપેક્ષા છે.3.ઈન્ડોનેશિયા સાથે ભારતની ડિજિટલ ભાગીદારી હવે માત્ર સફળ મોડેલો શેર કરવાથી આગળ વધીને દેશના આગામી પેઢીના ડિજિટલ બેકબોન (ડિજિટલ માળખું) ના નિર્માણમાં મદદ કરવા તરફ આગળ વધી રહી છે. ઈન્ડોનેશિયાની મહત્વાકાંક્ષી 'ડિજિટલ નુસાન્તારા' (Digital Nusantara) પહેલનો ઉદ્દેશ્ય એક સંકલિત અને ઈન્ટરઓપરેબલ રાષ્ટ્રીય ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાનો છે, અને આ યાત્રામાં ભારતીય ટેક્નોલોજી કુશળતા એક મહત્વપૂર્ણ ભાગીદાર તરીકે ઉભરી રહી છે.

આધાર, યુપીઆઈ (UPI), ડિજીલોકર (DigiLocker), ઈ-કેવાયસી (e-KYC) અને ઓએનડીસી (ONDC) ની સફળતાને શક્તિ આપનારા ભારતીય ડિજિટલ સોલ્યુશન્સ હવે ઈન્ડોનેશિયાના પોતાના ડિજિટલ પરિવર્તનમાં પ્રાસંગિક બની રહ્યા છે. આ ટેક્નોલોજી અપનાવવાથી આગળ વધીને ઊંડા સંસ્થાકીય સહયોગ તરફનો બદલાવ દર્શાવે છે, જેમાં ભારતીય કંપનીઓ સુરક્ષિત અને વસ્તીના મોટા પાયા પર ચાલી શકે તેવા ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણમાં તેમના અનુભવનું યોગદાન આપી રહી છે.

ઈન્ડોનેશિયા માત્ર ટેક્નોલોજી ગ્રાહક રહેવાને બદલે સમગ્ર આસિયાન (ASEAN) દેશોમાં ડિજિટલ સોલ્યુશન્સનું ઉત્પાદક અને નિકાસકાર બનવાનું મોટું વિઝન પણ ધરાવે છે. ઓપન, સર્વસમાવેશી અને સાર્વભૌમ ડિજિટલ પ્લેટફોર્મ બનાવવાનો ભારતનો એક દાયકાનો અનુભવ ઈન્ડોનેશિયા આ લક્ષ્ય હાંસલ કરવા તરફ કામ કરી રહ્યું હોવાથી મૂલ્યવાન પાઠ પ્રદાન કરે છે.

4.નાણાકીય બજારોમાં પણ સહયોગ વિસ્તરી રહ્યો છે. બંને પક્ષો એઆઈ-સંચાલિત માર્કેટ સર્વેલન્સ (બજારની દેખરેખ), ડિજિટલ ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ અને ટેક્નોલોજી આધારિત મૂડી બજાર સુધારણાઓમાં ભારતીય કુશળતાના ઉપયોગની શક્યતાઓ શોધી રહ્યા છે. ટેક્નોલોજી દ્વારા પોતાના શેરબજારોના આધુનિકીકરણનો ભારતનો પોતાનો અનુભવ ઈન્ડોનેશિયા સાથે સહયોગના નવા માર્ગો ખોલી રહ્યો છે.

5.ઈન્ડોનેશિયાનો મહત્વાકાંક્ષી 'ફ્રી ન્યુટ્રિશિયસ મીલ્સ' (મફત પૌષ્ટિક ભોજન) કાર્યક્રમ ભારતના મધ્યાહ્ન ભોજન (PM POSHAN) યોજનામાંથી પ્રેરિત છે. તેવી જ રીતે, તેની 'રેડ એન્ડ વ્હાઈટ વિલેજ કોઓપરેટિવ્સ' પહેલ જન ઔષધિ મોડેલ દ્વારા સસ્તી દવાઓ માટે ભારત સાથે સહયોગની શક્યતાઓ શોધી રહી છે, જે ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યસંભાળની પહોંચને મજબૂત કરવામાં મદદ કરશે.

6.આ ભાગીદારી સંરક્ષણ ક્ષેત્રમાં પણ વિસ્તરી રહી છે. ઈન્ડોનેશિયા સંરક્ષણ ઉત્પાદન, ટેક્નોલોજી ટ્રાન્સફર, સૈન્ય તાલીમ અને દરિયાઈ સહયોગ પર ભારત સાથે કામ કરી રહ્યું છે. આત્મનિર્ભર ભારત હેઠળ સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનમાં ભારતનો અનુભવ લાંબાગાળાના સહયોગ માટે નવી તકો ઊભી કરી રહ્યો છે.

એકસાથે જોતાં, આ પહેલો એક વ્યાપક પ્રવાહ દર્શાવે છે. ભારતની વિકાસયાત્રા હવે માત્ર તેના પોતાના નાગરિકોને જ લાભ નથી પહોંચાડી રહી પરંતુ મિત્ર દેશો માટે બ્લુપ્રિન્ટ તરીકે પણ કામ કરી રહી છે. પ્રધાનમંત્રી મોદી જ્યારે ઈન્ડોનેશિયાની મુલાકાતે છે, ત્યારે આ વધતી જતી જ્ઞાન ભાગીદારી દ્વિપક્ષીય સંબંધોના સૌથી મજબૂત સ્તંભોમાંના એક તરીકે ઉભરી રહી છે, જે નવીનતા, આર્થિક વૃદ્ધિ અને લાંબાગાળાના વ્યૂહાત્મક સહયોગ માટે તકો ઊભી કરે છે.




OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ધાતરવડી ડેમ-૨ ઓવરફ્લો થતા તેના છ દરવાજા ખોલવામાં આવ્યા છે

# અમરેલીમાં મેઘ તાંડવ રાજુલામાં ૮ ઈંચ વરસાદ

**અમરેલી: સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ છેલ્લા ૨૪ કલાકમાં વિનાશક બેટિંગ કરી છે, જેમાં ખાસ કરીને અમરેલી જિલ્લામાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની છે. રાજુલા અને ખાંભા પંથકમાં આભ ફાટ્યું હોય તેમ અનરાધાર ૮ ઈંચ જેટલો વરસાદ ખાબકતા સમગ્ર વિસ્તાર જળબંબાકાર થઈ ગયો છે. રાજ્યના કુલ ૧૯૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જે દર્શાવે છે કે સમગ્ર ગુજરાતમાં મેઘમહેર વરસી રહી છે.**

### રાજુલા અને પીપાવાવ હાઈવેની સ્થિતિ

મુશળધાર વરસાદને પગલે રાજુલાનો મુખ્ય પીપાવાવ પોર્ટ ફોરલેન હાઈવે પાણીમાં ગરકાવ થઈ ગયો છે. માર્ગ પર નદી જેવી સ્થિતિ સર્જાતા ટ્રક, બસ અને અનેક નાના-મોટા વાહનો રસ્તા વચ્ચે જ ફસાઈ ગયા છે. પરિસ્થિતિની ગંભીરતાને પારખી સ્થાનિક ધારાસભ્ય હીરા સોલંકી તત્કાળ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છે. વધુમાં, ધાતરવડી ડેમ-૨ ઓવરફ્લો થતા તેના છ દરવાજા ખોલવામાં આવ્યા છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોને તંત્ર દ્વારા એલર્ટ આપવામાં આવ્યું છે.



અમરેલીમાં મેઘો મૂશળધાર, રાજુલામાં 8 ઈંચ વરસાદ, 76 તાલુકામાં મેઘમહેર

### જાફરાબાદ અને ધારીમાં ભારે હાલાકી

જાફરાબાદના પીપળી કાંઠા વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે, જેના કારણે અનેક ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકોની ઘરવખરી અને જીવનજરૂરી સામાન પલળી ગયો છે. બીજી તરફ, ધારીના ચલાલામાં માત્ર ૩ કલાકમાં જ ૪ ઈંચ વરસાદ પડતા મુખ્ય માર્ગો નદીમાં ફેરવાઈ ગયા છે. ચલાલાનું સુપ્રસિદ્ધ ભીમનાથ મહાદેવ મંદિર પણ પાણીમાં ગરકાવ થયું છે, જેના કારણે ભક્તો અને સ્થાનિકોને ભારે હાલાકી પડી રહી છે.





### રાજ્યવ્યાપી અસર

હવામાન વિભાગના અહેવાલ મુજબ, ગીર સોમનાથના ઉનામાં ૬.૪૨ ઈંચ, નવસારીના ગણદેવીમાં ૬.૧૮ ઈંચ અને ભાવનગરના મહુવામાં ૬ ઈંચ વરસાદ વરસ્યો છે. અમદાવાદ શહેરમાં પણ ૧.૫૪ ઈંચ વરસાદ સાથે મેઘરાજાનું આગમન થયું છે. સાવરકુંડલા-મહુવા સ્ટેટ હાઈવે પર નવા બ્રીજનું કામકાજ ચાલુ હોવાથી કોઝ-વે ડૂબી ગયો છે, જેના કારણે અમરેલી અને ભાવનગરને જોડતો મુખ્ય માર્ગ બંધ કરવાની ફરજ પડી છે.


### તંત્રની કામગીરી અને સ્થિતિ

અમરેલી જિલ્લામાં વહેલી સવારથી શરૂ થયેલી મેઘસવારીએ રવિવારે બપોર સુધીમાં તો વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ૮ કલાકમાં ૭૬ તાલુકાઓમાં નોંધાયેલા વરસાદે ખેડૂતોમાં આનંદની સાથે સાથે અનેક જગ્યાએ આફત પણ નોતરી છે. તંત્ર દ્વારા સલામતી માટે તાત્કાલિક અસરથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ટીમ તૈનાત કરવામાં આવી છે અને લોકોને નીચાણવાળા વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી ચાલુ છે. આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ જળવાઈ રહેવાની શક્યતા હોવાથી વહીવટી તંત્ર દ્વારા સતર્કતા રાખવામાં આવી રહી છે.





## વડોદરામાં ગેંગવોરનો ભય: અલ્પુ સિન્ધી ગેંગના સાગરીત પર હુમલો, પૂર્વ અદાવતનું પરિણામ



વડોદરા | વડોદરાના વારસિયા વિસ્તારમાં સક્રિય ગેંગવોરના પડઘા ફરી એકવાર સંભળાયા છે. ૯ દિવસ પૂર્વે શહેરના પોશ ગણાતા રેસકોર્સ વિસ્તારમાં અલ્પુ સિન્ધી ગેંગના એક સાગરીત પર હરિ સિન્ધી અને તેના સાગરીતોએ જીવલેણ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનામાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, હરણી-વારસિયા રિંગરોડ સ્થિત દાજીનગર સોસાયટીમાં રહેતા રવિ બીમનદાસ દેવજાની બ્રેડનો વ્યવસાય કરે છે. ગત ૨૫મી જૂનની સવારે ૪ વાગ્યે રવિ તેના મિત્ર અર્જુન ઉર્ફે બલ્લે ઠાકુર સાથે નટુભાઈ સર્કલ પાસે નાસ્તો કરવા ગયો હતો. દરમિયાન, ત્યાં હાજર હરિ સિન્ધીએ રવિને બોલાવ્યો હતો. રવિ ત્યાં પહોંચતા જ તેની સાથે અગાઉના વિવાદને લઈને હરિ સિન્ધી, સાહિલ રાજપૂત અને વિવેક ઉર્ફે બન્ની કેવલાણીએ ઝઘડો શરૂ કર્યો હતો. ઝઘડો ઉગ્ર બનતા આરોપીઓએ રવિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## રાજકોટમાં રેલવે પોલીસની સતર્કતાથી મુસાફરનો જીવ બચ્યો, પોલીસની ત્વરિત કાર્યવાહીથી ટળી મોટી દુર્ઘટના



રાજકોટ | રાજકોટ રેલવે સ્ટેશન પર શનિવારે સવારે એક રૂંવાડા ઊભા કરી દે તેવી ઘટના બની હતી, જેમાં પોલીસની સમયસૂચકતાને કારણે એક મુસાફરનો જીવ આબાદ બચી ગયો હતો. માંડગાંવ-હાપા ટ્રેનમાં ચડતી વખતે સંતુલન ગુમાવનાર મુસાફરને રેલવે પોલીસના હેડ કોન્સ્ટેબલ મધુરાજસિંહ જાડેજાએ ક્ષણિક વિલંબ કર્યા વિના ખેંચીને સુરક્ષિત બચાવી લીધો હતો. મળતી માહિતી મુજબ, શનિવારે સવારે સ્ટેશન પરથી માંડગાંવ-હાપા ટ્રેન રવાના થઈ રહી હતી. આ સમયે એક મુસાફરે દોડીને ચાલુ ટ્રેનમાં ચડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ટ્રેનમાં ચડતી વખતે મુસાફરનું સંતુલન બગડતા તે પ્લેટફોર્મ અને ટ્રેનની વચ્ચે ખાબકવાની અણી પર હતો. જો તે ટ્રેન નીચે સરકી ગયો હોત તો ગંભીર દુર્ઘટના સર્જાઈ હોત. ત્યાં જ ફરજ પર તહેનાત રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્ક્વોડના હેડ કોન્સ્ટેબલ મધુરાજસિંહ જાડેજાની નજર આ મુસાફર પર પડી હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજીને તેમણે વીજળીક ગતિએ દોડીને મુસાફરને મજબૂતાઈથી પકડી લીધો હતો અને તેને પ્લેટફોર્મ તરફ ખેંચી લીધો હતો.

### રેકોર્ડબ્રેક ઉત્પાદન છતાં ભાવમાં તેજી

## ખાદ્યતેલ અને શાકભાજીના ભાવમાં ડબલ માર

(એજન્સી) રાજકોટ । તા. 05

સૌરાષ્ટ્રના કેન્દ્ર સમાન રાજકોટમાં મોંઘવારીનો માર યથાવત છે. જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે હવે સૌરાષ્ટ્ર તેલલોબીએ સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં પ્રતિ ડબ્બે રૂ. ૩૦નો વધારો ઝીંકતા મધ્યમ વર્ગના પરિવારનું બજેટ ખોરવાઈ ગયું છે. યુદ્ધની અસરો બાદ પેટ્રોલ, ડીઝલ અને ગેસના ઊંચા ભાવમાં કોઈ રાહત મળી નથી, ત્યાં હવે ખાદ્યતેલના ભાવ વધારાએ દામ વધારી દીધા છે.

એક તરફ ગત વર્ષે મગફળીનું ૬૧ લાખ ટન જેવું વિક્રમી ઉત્પાદન થયું છે, છતાં સિંગતેલના ભાવમાં આ પ્રકારનો વધારો સૌને આશ્ચર્યમાં મૂકે તેવો છે. જૂન મહિનામાં વરસાદના અભાવે વાવણીને અસર થઈ હતી, જોકે હવે અનેક તાલુકાઓમાં વાવણીલાયક વરસાદ શરૂ થયો છે. આટલી સકારાત્મક સ્થિતિ હોવા છતાં તેલના ભાવમાં થયેલો રૂ. ૩૦નો વધારો ગ્રાહકો માટે ચિંતાજનક છે.

જોકે, રાહતના સમાચાર એ છે કે નારિયેળ તેલના ભાવમાં પ્રતિ ડબ્બે રૂ. ૫૦નો ઘટાડો નોંધાયો છે, જેના ભાવ રૂ. ૩૭૦૦ થી ૩૭૫૦ ની આસપાસ પહોંચ્યા છે.

ખાદ્યતેલની સાથે સાથે શાકભાજીના ભાવમાં પણ ભડકો જોવા મળી રહ્યો છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં કોથમીર રૂ. ૧૬૦૦ પ્રતિ મણ અને મેથી રૂ. ૨૦૦૦ પ્રતિ મણને પાર થઈ ગઈ છે.

### નાફેડની 1.59 લાખ ગુણીઓ થઈ ખાખ

## મોરબીમાં મગફળી ગોદામ આગમાં કરોડોનું નુકસાન

(એજન્સી) મોરબી । તા. 05

મોરબી નજીક રફાળેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ગુજરાત સ્ટેટ વેરહાઉસ કોર્પોરેશનના ભાડાના ગોડાઉનમાં આજે બપોરે લાગેલી ભીષણ આગને કારણે અફરાતફરી મચી ગઈ હતી. આ ગોડાઉનમાં સંગ્રહિત નાફેડ દ્વારા ટેકાના ભાવે ખરીદાયેલી ૧.૫૯ લાખ ગુણી મગફળી આગની ઝપેટમાં આવી જતાં મોટું આર્થિક નુકસાન થયું હોવાની આશંકા છે.

### ભીષણ આગ, ફાયર ટીમોની જહેમત

બપોરે દોઢ વાગ્યાના સુમારે ગોડાઉનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોતા આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. મગફળી તેલીબિયાં હોવાથી આગે ખૂબ જ ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. મોરબી, વાંકાનેર અને રાજકોટથી આવેલી કુલ ૭ ફાયર ટીમો સતત પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લેવાના પ્રયાસો કરી રહી છે. આગની ગંભીરતાને જોતા ફાયર બ્રિગેડ દ્વારા રાતભર આગ ઓલવવાની કામગીરી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### સુરક્ષા વ્યવસ્થા પર સવાલો

ઘટનાસ્થળેથી મળેલી માહિતી મુજબ, આટલા વિશાળ ગોડાઉનમાં આગ ઓલવવાની આધુનિક ફાયર સિસ્ટમ કાર્યરત નહોતી, માત્ર પ્રાથમિક ફાયર સેફ્ટીના સાધનો જ હતા. ગોડાઉન મેનેજર એચ.જી. રાઠોડે જણાવ્યું હતું કે, આ ગોડાઉન છેલ્લા ૮-૯ દિવસથી બંધ હતું અને તેમાં જીવાત રોકવા માટે ફ્યુમિગેશનની પ્રક્રિયા કરવામાં આવી હતી. કોડીનાર, તાલાલા અને ટંકારા સહિતની ૧૦ મંડળીઓની અંદાજે ૧.૫૯ લાખ ગુણી એટલે કે ૫૫ લાખ કિલોથી વધુ મગફળીનો જથ્થો સંગ્રહિત હતો.



આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. જોકે, ગોડાઉન ઘણા દિવસોથી બંધ હોવા છતાં આ પ્રકારની દુર્ઘટના ઘટતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. તંત્ર દ્વારા આગ પર કાબૂ મેળવ્યા બાદ આગ લાગવા પાછળનું સચોટ કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવશે. અત્યારે પ્રાથમિક તબક્કે કરોડો રૂપિયાની મગફળીનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હોવાનું અનુમાન છે.

### 8.70 લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ

## બાબરામાં દેશી દારૂનું મિનિ કારખાનું ઝડપાયું

(એજન્સી) બાબરા । તા. 05

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના નોંઘણવદર ગામની સીમમાં ઈલેક્ટ્રિક ઉપકરણોની મદદથી ચાલતા દેશી દારૂના એક મિનિ કારખાના પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે દરોડો પાડી મોટો પર્દાફાશ કર્યો છે. પોલીસે સ્થળ પરથી લાખો રૂપિયાનો મુદ્દામાલ અને દારૂ બનાવવા માટેનો આથો જપ્ત કરી એક શ્રમિકને ઝડપી પાડ્યો છે, જ્યારે મુખ્ય સંચાલકો સહિત ચાર વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

બાતમીના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં પોલીસે ૨,૦૮૫ લિટર તૈયાર દેશી દારૂ અને ૧૩,૨૫૦ લિટર દારૂનો આથો મળી કુલ ૮.૭૦ લાખ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કારખાનાના મુખ્ય સંચાલકોમાં ચંદાભાઈ જેબલિયા અને કનુભાઈ હુદડના નામ ખુલ્યા છે. પૂછપરછ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, અહીંથી રોજિંદા ધોરણે વાહન મારફતે આસપાસના વિસ્તારો સહિત રાજકોટ સુધી દેશી દારૂનો જથ્થો સપ્લાય કરવામાં આવતો હતો.

દરોડા દરમિયાન ભીખાભાઈ ગોલતર નામના શ્રમિકને પોલીસે રંગેહાથ પકડી પાડ્યો હતો, જ્યારે અન્ય બે શ્રમિકો ભાભલુભાઈ ટીટોસા અને ગભાભાઈ બસિયા ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. એસ.એમ.સી.ના એ.એસ.આઈ. પરબતભાઈ મકવાણાની ફરિયાદના આધારે કુલ ચાર આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ માટે આ કેસ લાઠી પોલીસને સોંપવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસની મદદથી સ્થળ પર રહેલા દુર્ગંધયુક્ત આથાનો નાશ કરવામાં આવ્યો છે. લાઠી પોલીસ હવે નાસી છૂટેલા શ્રમિકો અને મુખ્ય સંચાલકોની શોધખોળ હાથ ધરી રહી છે.

### બાપોદ પોલીસે તપાસ હાથ ધરી

## વડોદરામાં ભાડે કાર લઈ બારોબાર ગીરવે મૂકી

(એજન્સી) વડોદરા । તા. 05

શહેરના બાપોદ વિસ્તારમાં કાર ભાડે લઈને તે બારોબાર ફાઈનાન્સરને ત્યાં ગીરવે મૂકી દેવાનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. બાપોદ પોલીસે આ મામલે છેતરપિંડીનો ગુનો નોંધી આરોપી સુરેશ ભરવાડ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આજવા રોડ વિસ્તારમાં રહેતા અને કાર રેન્ટલનું કામ કરતા ઓમ રાજકુમાર સિંઘે નોંધાવેલી ફરિયાદ મુજબ, સિકંદરપુરા ગામે રહેતા સુરેશ ભરવાડે ગત ૧૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ ત્રણ દિવસ માટે એક કાર ભાડે લીધી હતી. તે સમયે ઓમ પાસે પોતાની કાર ઉપલબ્ધ ન હોવાથી તેણે મિત્ર રણજીત કહારની કાર ભાડે આપી હતી. આ સમયગાળા દરમિયાન ઓમ એક અન્ય કેસમાં ૨૮ દિવસ માટે જેલવાસ ભોગવીને પરત આવ્યો ત્યારે તેને જાણવા મળ્યું કે સુરેશે કાર પરત કરી નથી.

જ્યારે ઓમે સુરેશને પૂછપરછ કરી ત્યારે જાણવા મળ્યું કે તેણે રણજીતની કાર નવસારીમાં રહેતા તેના મિત્ર કિશન પાસે ગીરવે મૂકી દીધી હતી. બીજી તરફ, કારના માલિક રણજીત દ્વારા સતત કારની માંગણી કરવામાં આવતી હતી. આ દબાણને કારણે ઓમે રણજીતની કાર છોડાવવા માટે પોતાની કાર ફાઈનાન્સરને ત્યાં ગીરવે મૂકીને કાર પાછી મેળવી હતી.

### આરોપીની કરતૂતો

સુરેશે માત્ર ગાડી જ ગીરવે નહોતી મૂકી, પરંતુ આટલા લાંબા સમય સુધી ગાડીનો ઉપયોગ કરવા છતાં તેનું ભાડું પણ ચૂકવ્યું નહોતું. અંતે ઓમ રાજકુમાર સિંઘે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપી સુરેશ ભરવાડની શોધખોળ શરૂ કરી છે. ભાડે લીધેલી ગાડી બારોબાર ગીરવે મૂકી દેવાના આ કિસ્સાએ કાર રેન્ટલના વ્યવસાય સાથે જોડાયેલા લોકોમાં પણ ચિંતા ફેલાવી છે.

### દારૂની મહેફિલમાં 6ની ધરપકડ

## વડોદરા ફાયરિંગ કેસમાં 6 આરોપીઓને રિમાન્ડ

(એજન્સી) વડોદરા । તા. 05

શહેરના ભાયલી વિસ્તારમાં આવેલ અશ્વમેઘ એવન્યુ બિલ્ડિંગમાં દારૂની મહેફિલ દરમિયાન ફાયરિંગ કરવાની ઘટનામાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. તાલુકા પોલીસે આ કેસમાં ૬ આરોપીઓની ધરપકડ કરીને તેમને કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે તમામ આરોપીઓને એક દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો છે.

### દારૂની મહેફિલમાં ઉશ્કેરાટ

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભાયલીમાં એક બિલ્ડિંગના ચોથા માળે આવેલી ઓફિસમાં છ મિત્રો દારૂની મહેફિલ માણી રહ્યા હતા. આ દરમિયાન કોઈ બાબતે ઉશ્કેરાટ થતાં એક મિત્રએ પોતાની લાયસન્સવાળી રિવોલ્વરથી બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ગોળીઓ નજીકના આરના-૪૮ ફ્લેટના બે ઘરોમાં ઘૂસી ગઈ હતી. સદનસીબે રાત્રિનો સમય હોવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી.

### તપાસનો દોર શરૂ

પોલીસે શક્તિસિંહ રાણા, મેહુલ ગઢવી, ઈન્દ્રજીતસિંહ વાઘેલા, સંજય દવે, વિજયકુમાર મારવાડી અને દીપક ઝાની ધરપકડ કરી છે. તપાસ અધિકારીઓએ કોર્ટમાં ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી, જેમાં આર્મ્સ લાયસન્સની ખરાઈ, રિવોલ્વર ખરીદવાનું સ્થળ અને સમય તથા ફાયરિંગ પાછળનું સાચું કારણ જાણવાની તપાસ બાકી હોવાનું જણાવ્યું હતું. હવે પોલીસ આ તમામ દિશાઓમાં આરોપીઓની સઘન પૂછપરછ કરશે.

શહેરના તરસાલી બાયપાસ પાસે આવેલી શિવમ રેસિડેન્સીમાં ૨૧ વર્ષીય પરિણીતા નેહાએ લગ્નના માત્ર ચાર મહિનામાં જ ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવી દેતા ચકચાર મચી ગઈ છે.

પરિવારજનોએ સાસરિયાઓ પર દહેજ માટે શારીરિક અને માનસિક ત્રાસ આપવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**વૃષભ : બ. વ. ઉ.**

આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ આમ છતાં ચિંતાનું કારણ બનશે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પ્રિયપાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલીસર્જાશે.

**મિથુન : ક. છ. ઘ.**

ફિટનેસ તથા વેટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. કેટલાક માટે લગ્નની શરણાઈના સૂર સંભળાય છે.

**કર્ક : ડ. હ.**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.

**સિંહ : મ. ટ.**

તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે। પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારૂ સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે.

**તુલા : ર. ત.**

આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**વૃશ્ચિક : ન. ય.**

ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારા મિત્રો તથા પરિવારના સભ્યો સાથે એક સાંજનું આયોજન કરો. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે.

**મકર : ખ. જ.**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે.

સિંહનું અસ્તિત્વ અને સામાજિક સ્વીકૃતિ

# આપણો વારસો, આપણી જવાબદારી સિંહ સાથેના સહઅસ્તિત્વ માટે જાગૃતિ અનિવાર્ય

| તખુભાઈ | સાંડસુર

સિંહ જંગલી પ્રાણી છે પરંતુ તેની પ્રકૃતિ જે રીતે સંવેદનાથી જોડાયેલી છે તે રીતે તેને જંગલી એટલે કે અવિચારી ન ગણી શકાય,તેવું તે પ્રાણી છે. મહદઅંશે જન સમુદાય સાથે તે જોડાઈ જાય છે. કોઈ કાલ્પનિક ભયથી કે પછી તેની સામેની સુગને કારણે કોઈ તેને ધિક્કારે તો વાત જુદી છે પણ તે રાજા તરીકે તમે તેને કોઈ ખલેલ ન કરો તો તમને ખલેલ કરવામાં તેને જરાય રસ નથી!!? ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા ગીતાના વિભૂતિયોગમા કહેવાયું છે કે ।હું પ્રાણીઓમા સિંહ છું.તાજેતરની ઘટનાઓએ ફરી એક વખત સમાજમાં સિંહ માટે એક ધૃણિત એવું વાતાવરણ ઊભું કર્યું હોય તેની પ્રતીતિ થાય છે. તે વાત પણ સ્વભાવિક છે કે જ્યારે કોઈનું સ્વજન વિદાય લઈ લે તો સ્વાભાવિક છે કે તેના તરફ અણગમો કે વૈરવૃત્તિ થવાની ! પણ કેટલીક વાતો એ આપણે સિંહ માટે સમજવી પડશે અને તેનાથી થનારી અસરોની પણ ચિંતા કરવી પડશે!સિંહ રેવન્યુ વિસ્તારમાં એટલે કે જ્યાં આપણે ખેતીવાડી કરીએ છીએ ત્યાં હવે નિવાસ કરતો થયો છે. કારણ કે તેમની સંખ્યા વધવાના કારણે આજે ગુજરાતના લગભગ 11 જિલ્લાઓમાં અને 35,000 સ્ક્વેર કિલોમીટરમા તેનો વિહાર દેખાઈ રહ્યો છે. એ

તેથી સ્વાભાવિક છે કે માનવ સાથે તેમનો અનુબંધ વધુ સંપર્કયુક્ત બન્યો.પણ તેનાથી આપણે ડરવાની કે પછી તેને તેના તરફ શુગ રાખવાની આવશ્યકતા દેખાતી નથી. 200 કિલો જેટલું મહાકાય વજન ધરાવતું આ પ્રાણી આપણા સૌ માટે ગૌરવ રૂપ એટલે છે કે એશિયામાં માત્ર એક જ જગ્યાએ અહીં દેખાઈ રહ્યું છે. ગીર અને તેની આસપાસના વિસ્તારોને પ્રવાસન ઉદ્યોગ તરીકે દુનિયાના લોકોને ખેંચી લાવવા માટે તે કારણરૂપ બને છે. એટલું જ નહીં કે દર વર્ષે લગભગ ઓછામાં ઓછા 35 લાખ જેટલા પ્રવાસીઓ આ પ્રાણીના કારણે ખેંચાઈને આવે છે. તેનાથી લગભગ 50 લાખથી પણ વધારે લોકોને રોજગારી મળી રહે છે.

ઓપરેશન મ્યૂલ હંટ ૧.૦ અને ૨.૦ અંતર્ગત અત્યાર સુધીમાં ૪૧ આરોપીઓ ઝડપાયા

# સાયબર ફ્રોડનો ભોગ બનનારાને એક વર્ષમાં રૂા.૪.૧૪ કરોડ રિફંડ કરાયા

(એજન્સી) ભાવનગર | તા.05

સાયબર ફ્રોડ થતી લોકોના પરસેવાની કમાણીને ચાંઉ કરી જનારા તત્વો સામે ભાવનગર પોલીસ દ્વારા ઓપરેશન મ્યૂલ હંટ હાથ ધરવામાં આવ્યું હતું. જૂન-૨૦૨૫થી જૂન-૨૦૨૬ દરમિયાન 'ઓપરેશન મ્યૂલ હંટ ૧.૦ અને ૨.૦' હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં શહેર-જિલ્લાના સાત પોલીસ મથકોના કુલ ૧૫ ગુનાઓમાં કુલ ૪૧ આરોપીઓને ઝડપી લેવાયા હતા. જેમના એકાઉન્ટમાં એનસીઆરપી પોર્ટલની અરજી અનુસાર કુલ રૂ.૧૩.૯૧ કરોડની છેતરપિંડીની રકમ આવી હતી. જેમાંથી પોલીસે રૂા.૪.૧૪ કરોડ રિફંડ થયાં છે. સાયબર ફ્રોડ થકી લોકો સાથે છેતરપિંડીથી પૈસાની છેતરપિંડી આચરી મ્યૂલ એકાઉન્ટ થકી પૈસાને સગેવગે કરી દેનારી સિન્ડિકેટ સામે ભાવનગર પોલીસ દ્વારા ઓપરેશન મ્યૂલ હંટ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસે જૂન-૨૦૨૫થી જૂન-૨૦૨૬ દરમિયાન 'ઓપરેશન મ્યૂલ હંટ ૧.૦ અને ૨.૦' હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં 'ઓપરેશન મ્યૂલ હંટ ૧.૦' અંતર્ગત ભાવનગરના વરતેજમાં ૧, બરતળાવમાં ૧, ઘોઘારોડમાં ૪ અને વલ્લભીપુર પોલીલ મથકમાં ૧ મળી કુલ ૭ ગુના નોંધવામાં આવ્યા હતા અને તેના અંતર્ગત કુલ ૨૨ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. મ્યૂલ હંટ ૧.૦ અંતર્ગત નોંધાયેલા ગુનામાં કેન્દ્ર સરકારના એનસીઆરપી પોર્ટલમાં ફ્રોડની ૩૮ અરજીઓ થઈ હતી અને પોર્ટલ અન્વયે આરોપીઓના એકાઉન્ટમાં છેતરપિંડીની રકમ કુલ રૂા.૭,૦૧,૮૫,૪૯૦ આવી હતી. જે બાદ 'ઓપરેશન મ્યૂલ હંટ ૨.૦' અંતર્ગત બોરતળાવમાં ૧, નિલમબાગમાં ૨, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ૩ અને મહુવા ટાઉન પોલીસ મથકમાં બે મળી કુલ ૮ ફરિયાદ નોંધાઈ હતી અને તેના અંતર્ગત પોલીસે ૧૯ આરોપીઓને ઝડપી લીધાં છે. મ્યૂલ હંટ ૨.૦ અંતર્ગત નોંધાયેલા ગુનામાં એનસીઆરપી પોર્ટલમાં ફ્રોડની ૩૦૮ અરજીઓ થઈ હતી. પોર્ટલ અન્વયે આરોપીઓના એકાઉન્ટમાં છેતરપિંડીની રકમ કુલ રૂા.૬,૮૯,૯૧,૩૭૩ આવી હતી. આમ, શહેર-જિલ્લાના સાત પોલીસ મથકોના કુલ ૧૫ ગુનાઓમાં કુલ ૪૧ આરોપીઓને ઝડપી લેવાયા હતા. જેમના એકાઉન્ટમાં એનસીઆરપી પોર્ટલની અરજી અનુસાર કુલ રૂ.૧૩.૯૧ કરોડની છેતરપિંડીની રકમ આવી હતી. જે બાદ પોલીસે છેતરપિંડીની અરજીમાં કાર્યવાહી કરી છેતરપિંડના નાણાં બેંકમાં હોલ્ડ કરીને જૂન-૨૦૨૫થી જૂન-૨૦૨૬ સુધીમાં કુલ રૂા.૪,૧૪,૨૪,૨૦૩નું રિફંડ સાયબર ફ્રોડનો ભોગબનનારા અલગ-અલગ લોકોને કરી દેવામાં આવ્યું છે.સાયબર ફ્રોડના નાણાં બે અલગ-અલગ રીતે ક્રિપ્ટો કરન્સીમાં કન્વર્ટ થતાં હોવાનુ ખુલ્યું હતું. જેમાં ભોગ બનનારના નાણાં મ્યૂલ એકાઉન્ટમાંથી સીધાં ક્રિપ્ટો કરન્સીમાં કનવર્ટ થતાં હોવાનુ તેમજ સાયબર ફ્રોડના નાણાં મ્યૂલ એકાઉન્ટમાંથી પાંચ આંગડિયા પેઢી થકી સુરતમાં મોકલવામાં આવતા હતા અને ત્યાંથી તેને ક્રિપ્ટો કરન્સીમાં કન્વર્ટ કરાતા હતા. તપાસમાં પાંચ ક્રિપ્ટો વોલેટની પણ ઓળખ થઈ છે.

તહેવારો દરમિયાન કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે

## વાવ-થરાદ જિલ્લામાં 31 ડિસેમ્બર, 2026 સુધી હથિયારબંધીનું જાહેરનામું અમલમાં

વાવ - થરાદ | આગામી સમયમાં રથયાત્રા, રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, પતેતી, દિવાળી તથા હિન્દુ ધર્મના નવા વર્ષ સહિતના વિવિધ તહેવારોની ઉજવણીને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી મયુર મહેતા (આઈ.એ.એસ.) દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ, 1951ની કલમ-37(1) હેઠળ વાવ-થરાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. 31 ડિસેમ્બર, 2026 સુધી હથિયારબંધીનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામા મુજબ શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂક, ખંજર, અઢી ઈંચથી વધુ લાંબા અને અણીદાર પાનાવાળા ચપ્પા સહિત શારીરિક ઈજા પહોંચાડી શકે તેવી વસ્તુઓ સાથે રાખવા પર પ્રતિબંધ રહેશે. તેમજ શરીરને હાનિકારક સ્ફોટક પદાર્થો, પથ્થરો અથવા ફેંકવાના સાધનો લઈ જવા કે એકત્ર કરવા, સળગતી મશાલ સાથે સરઘસ કાઢવા તેમજ કાયદો અને વ્યવસ્થાને અસર પહોંચાડે તેવી પ્રવૃત્તિઓ કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.જાહેરનામા હેઠળ સરકારી ફરજ દરમિયાન અધિકૃત હથિયાર સાથે રહેતા સરકારી કર્મચારીઓ તથા જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષક દ્વારા શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી રાખવાની મંજૂરી આપવામાં આવેલી વ્યક્તિઓને અપવાદ આપવામાં આવ્યો છે.

## પંચેશ્વર મહાદેવ મંદિર સમિતિ દ્વારા પૂજારી ટીનુભાઈ રામાવતનું સન્માન

જગદીશ પી. દવે, દેશલપર (ગુંતલી)

સાંગનારા રોડ સ્થિત પંચેશ્વર મહાદેવ મંદિર ખાતે મંદિર સમિતિ દ્વારા શનિદેવ મંદિર, નખત્રાણાના પૂજારી ટીનુભાઈ રામાવત (રામાનંદી સાધુ) નું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સમિતિના હોદ્દેદારો અને સભ્યોએ તેમની ધાર્મિક સેવા, ભક્તિભાવ અને સમાજલક્ષી કાર્યને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. સન્માન સ્વીકારતા પૂજારી ટીનુભાઈ રામાવતે પંચેશ્વર મહાદેવ મંદિર સમિતિ, ઉપસ્થિત આગેવાનો, ભાવિકો તથા સમસ્ત ભક્તજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે તાજેતરમાં યોજાયેલા શનિદેવ મંદિરના ૧૩મા પાટોત્સવને દાતાશ્રીઓ, ભક્તજનો અને સેવાભાવી કાર્યકરોના સહયોગથી ભવ્ય અને ભક્તિમય રીતે ઉજવવામાં આવ્યો હતો. દાતાશ્રીઓએ ઉદાર હાથે દાનની સરવાણી વહાવી હતી તેમજ અનેક સેવાભાવી લોકોએ તન, મન અને ધનથી સેવા આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. પૂજારી ટીનુભાઈ રામાવતે જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ મળેલા અવિસ્મરણીય સહકાર બદલ તેઓ તમામ દાતાશ્રીઓ, મંદિર સમિતિના સભ્યો, યુવાનો, મહિલા મંડળ, ગ્રામજનો અને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે સહયોગ આપનાર દરેક વ્યક્તિના આભારી છે. તેમણે ભગવાન શનિદેવ મહારાજ તથા હનુમાનજી દાદા સૌના જીવનમાં સુખ, સમૃદ્ધિ, આરોગ્ય અને શાંતિ વરસાવે તેવી પ્રાર્થના પણ કરી હતી.કાર્યક્રમમાં મંદિર સમિતિના સભ્યો, ગામના આગેવાનો તથા મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ પૂજારી ટીનુભાઈ રામાવતના સેવાકાર્યને બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી.



## દારૂના દુષણને કારણે ગામમાં દારૂડીયાઓનું રણ થઈ ગયું

ચાણસ્મા : એક બાજુ ગાંધીજીના ગુજરાત માં ચુસ્ત દારૂબંધીનો અમલ હોવાનું સરકાર બણગા ફૂંકી રહી છે જ્યારે બીજી બાજુ ચાણસ્મા સહિત પંથકમાં બેફામ દેશી વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે ચાણસ્મા નગરમાં ચાણસ્મા હારીજ હાઈવે પર પેટ્રોલપંપની બાજુમાં હોટલ હાઈલેન્ડ સામે ચાણસ્મા સર્કલ હાઈવે પોલિસ ચોકી થી ૧૦૦ મીટરના અંતરે ઈન્દિરા નગર માં દેશી વિદેશી દારૂનું ધુમ વેચાણ થઈ રહ્યું છે કારોડા ગામ માં દારૂનું વેચાણ કરતાં ઈસમને દારૂનું વેચાણ બંધ કરવાનું સરપંચ કહેવા ગયા તો તમારાથી થાયતે કરી લે જો. તેમ ધમકાવી બુટલેગરની દાદાગીરી સામે આવતાં સરપંચ અને ગ્રામજનોએ ચાણસ્મા પોલિશ મથકે લેખિત રજુઆત કરાઈ હોવા છતાં પોલિશ દ્વારા કોઈ જ કાર્યવાહી નહી કરતાં ગામમાં દારૂડીયા બેફામ બન્યા છે જેથી ચાણસ્મા પોલિશ દ્વારા કારોડા ગામમાં દારૂબંધીનો ચુસ્ત અમલ કરવવા કારોડા ગામલોકોએ માંગ કરી છે જ્યારે ચાણસ્મા થી કારોડા ગામે. કેટલાક માથાભારે ઈસમો દ્વારા કારેડા ગામે દેશી દારૂનું વેચાણ કરવા આવતાં હોવા નું ગામ લોકોએ જણાવ્યું હતું



' જ્યાં નાડી બોલે અને રોગ રડે'

## સેવા, સમર્પણ અને આયુર્વેદનું જીવંત સરનામું - ભુજના ડૉ. નિશીબેન પોમલ

મહેશ એલ. સોની નખત્રાણા



ભુજ: આધુનિક જીવનશૈલી અને વધતા રોગોના સમયમાં લોકો ફરી એકવાર આયુર્વેદ તરફ વળી રહ્યા છે. કારણ કે આયુર્વેદ માત્ર રોગને દબાવતું નથી, પરંતુ શરીરના મૂળ કારણને સમજી તેને સંતુલિત કરીને કાયમી આરોગ્ય તરફ દોરી જાય છે. ભુજના પ્રમુખસ્વામીનગર સ્થિત AUM Ayurvedic Clinic આજે આવી જ આયુર્વેદિક સારવાર અને માનવીય સેવાભાવ માટે સમગ્ર કચ્છમાં આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે.આ ક્લિનિકના સંચાલક જાણીતા આયુર્વેદાચાર્ય ડૉ. નિશીબેન વસંતભાઈ પોમલ (B.A.M.S., F.A.S. - Nadi Vaidya) પોતાની જ્ઞાનસંપદા, સરળ સ્વભાવ અને દર્દીપ્રત્યેની આત્મીયતા માટે વિશેષ ઓળખ ધરાવે છે. મૂળ વતન સાંયરા (યક્ષ) અને ભુજના જાણીતા સામાજિક અગ્રણી વી. પી. જ્વેલર્સના વસંતભાઈ પોમલની સુપુત્રી એવા ડૉ. નિશીબેન આજે હજારો દર્દીઓ માટે આશાનું કિરણ બની ચૂક્યા છે.ડૉ. નિશીબેનની સૌથી મોટી વિશેષતા છે નાડી પરીક્ષણની પ્રાચીન અને દુર્લભ આયુર્વેદિક વિદ્યા. માત્ર ત્રણ આંગળીઓના સ્પર્શથી શરીરમાં રહેલા વાત, પિત્ત અને કફના અસંતુલનને સમજી રોગના મૂળ સુધી પહોંચવાની તેમની કુશળતા અનેક દર્દીઓ માટે ચમત્કાર સમાન સાબિત થઈ છે. તેમની સારવાર માત્ર દવા સુધી સીમિત નથી, પરંતુ યોગ્ય આહાર, જીવનશૈલી, વ્યાયામ, નિદ્રા અને માનસિક સંતુલન અંગે પણ તેઓ દર્દીઓને વિગતવાર માર્ગદર્શન આપે છે.કોરોના મહામારીના કપરા સમયમાં, જ્યારે લોકોમાં ભય અને નિરાશાનું વાતાવરણ હતું, ત્યારે ડૉ. નિશીબેન પોમલે નિઃસ્વાર્થ સેવાભાવથી અનેક લોકોને આયુર્વેદિક માર્ગદર્શન, રોગપ્રતિકારક ઉકાળા અને જરૂરી સારવાર પૂરી પાડી હતી. તેમની આ માનવસેવાને આજે પણ કચ્છના લોકો કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે છે.AUM Ayurvedic Clinic ખાતે પાચનતંત્રના રોગો, બાળરોગ, સ્ત્રીરોગ, પુરુષરોગ, ત્વચા અને વાળની સમસ્યાઓ, સાંધાના દુખાવા, એલર્જી, શ્વસનતંત્રના રોગો, મૂત્રમાર્ગના રોગો તેમજ વાત-પિત્ત-કફ સંબંધિત દીર્ઘકાલીન રોગોની આયુર્વેદિક સારવાર સફળતાપૂર્વક કરવામાં આવે છે.

તિથિ અને જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે વાંઢાય ખાતે ધાર્મિક કાર્યક્રમો, કચ્છભરમાં સેવાયજ્ઞ યોજાશે

# પોલીસ અધિકારીથી પરમ પૂજ્ય સંત સુધીની અનોખી યાત્રા

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

પરમ પૂજ્ય બ્રહ્મલીન સંત શ્રી વાલરામ મહારાજની ૩૩મી નિર્વાણ તિથિ તથા જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે તા. ૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ સાધના કુટીર - ઈશ્વર આશ્રમ, વાંઢાય ખાતે પૂજ્ય જીતુભગતજીના સાનિધ્યમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.પરમ પૂજ્ય સંત શ્રી વાલરામ મહારાજનો જન્મ ઈ.સ. ૧૯૨૬માં કરાંચી (હાલ પાકિસ્તાન) ખાતે રઘુવંશી ઠક્કર પરિવારના ગાંગજીભાઈ રૂપારેલના ઘરે થયો હતો. ભારત-પાકિસ્તાનના ભાગલા બાદ તેઓ પરિવાર સાથે મુંબઈ આવ્યા અને વિલ્સન કોલેજમાંથી બી.એસસી. (બેચલર ઑફ સાયન્સ)ની પદવી પ્રાપ્ત કરી. ત્યારબાદ અમદાવાદમાં પોલીસ વિભાગમાં અધિકારી તરીકે સેવા કરવાની તક મળી, પરંતુ તેમનું મન વૈરાગ્ય તરફ વળતાં તેમણે સરકારી નોકરીનો ત્યાગ કરી શ્વેત વસ્ત્રો ધારણ કર્યા અને સાધુ જીવનનો માર્ગ અપનાવ્યો.માતાશ્રી સાથે હરિદ્વાર જઈ પૂજ્ય ઓધવરામ મહારાજ પાસેથી દીક્ષા ગ્રહણ કરી તેમણે કચ્છી આશ્રમમાં સેવા, સ્મરણ અને સાધનામાં પોતાનું જીવન સમર્પિત કર્યું. ઈ.સ. ૧૯૬૩માં બચુભગતજી તેમને કચ્છના વાંઢાય ગામે લઈ આવ્યા. ઈશ્વર સાગરના કિનારે નાનકડી ઝૂંપડીમાં શરૂ થયેલી સાધના આજે સાધના કુટીર - ઈશ્વર આશ્રમ તરીકે ભક્તિ, સેવા અને સત્સંગનું પવિત્ર કેન્દ્ર બની છે.



સંત શ્રી વાલરામ મહારાજે વાંઢાય ખાતે શ્રી રઘુકુલભૂષણ ભગવાન શ્રીરામ મંદિરના નિર્માણમાં યોગદાન આપ્યું, ઉમિયા માતાજીના અન્નક્ષેત્ર માટે રૂ. ૫૧ હજારનું દાન આપ્યું, ઈશ્વર આશ્રમનો જીર્ણોદ્ધાર કરાવ્યો, ગેસ્ટ રૂમોનું નિર્માણ કરાવ્યું તેમજ કચ્છના અનેક વિસ્તારોમાં ગૌસેવા, આરોગ્ય સેવા, શિક્ષણ સહાય, અન્નદાન અને અન્ય અનેક પરોપકારી કાર્યો કરીને સમાજસેવાનું અમૂલ્ય કાર્ય કર્યું.તા. ૯ જુલાઈએ સાંજે ૪:૩૦ કલાકે સંધ્યાપાઠ યોજાશે. જ્યારે તા. ૧૦ જુલાઈએ સવારે સમાધિ પાદુકા પૂજન, પાઠ, સ્મરણ, ભજન-સત્સંગ અને બપોરે ૧૨:૦૦ કલાકે ભંડારા સ્વરૂપે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગના અનુસંધાને શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ દ્વારા સમગ્ર કચ્છમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. પૂજ્ય જીતુભગતજીના માર્ગદર્શન હેઠળ સંધ્યાપાઠ, ગૌસેવા, આરોગ્ય સેવા, અન્નદાન તેમજ અન્ય લોકકલ્યાણકારી કાર્યક્રમો યોજાશે. સમાજના તમામ લોકો કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી બને તેવી તેમણે અપીલ કરી હતી.

## બોટાદમાં બાઈક આડે ગાય આવતા ચાલકનું ગંભીર ઈજા બાદ મોત

ભાવનગર : બોટાદના ગઢડા રોડ પર ગત ૯ જૂન ૨૦૨૬ના રોજ સવારના સમયે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બાઈક ચાલક આધેડનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ, બોટાદના મહાદેવનગર ખાતે રહેતા અને ગુરુકુળમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતા કમલેશભાઈ ચંદ્રકાંતભાઈ મહેતા (ઉં.વ. ૫૯) પોતાની મોટરસાઈકલ (જીજે-૩૩-એ-૮૧૮૧) લઈને નોકરી પર જઈ રહ્યા હતા. ગઢડા રોડ પર પેટ્રોલ પંપ અને સામે અચાનક ગાય આડી આવતા, ત્યાંથી પસાર થતા રાહદારી કિશોરભાઈ કળથીયા સાઈડમાં ખસવા ગયા હતા. તે વખતે કમલેશભાઈએ બાઈક તેમની પાછળ અથડાવી દીધી હતી અને પોતે રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક ભાવનગરની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.


ગ્રામજનોને મળી રાહત, વન વિભાગની ત્વરિત કાર્યવાહી

## નખત્રાણાના દનણામાં દીપડો પાંજરે પૂરાયો

| મહેશ એલ સોની | નખત્રાણા

નખત્રાણા તાલુકાના દનણા ગામ અને આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી દીપડાના આતંકને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. દીપડાએ પાલતુ પશુઓનું મારણ કરતા ગામલોકો રાત્રીના સમયે ઘરની બહાર નીકળતા પણ ડરતા હતા.

આ બાબતે દનણા ગામના સરપંચ દ્વારા વન વિભાગ સમક્ષ તાત્કાલિક દીપડાને પકડવાની રજૂઆત કરવામાં આવી હતી. ગ્રામજનોની ફરિયાદને ગંભીરતાથી લઈને વન વિભાગની ટીમે દનણાના સીમ વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ પાંજરા ગોઠવી દીધા હતા.વન વિભાગની આ વ્યૂહરચના આખરે રંગ લાવી. ગઈ રાત્રે ગોઠવવામાં આવેલા એક પાંજરામાં નર દીપડો કેદ થયો હતો. આજે સવારે પાંજરામાં દીપડો હોવાની જાણ થતા જ ગામમાં રાહતની લાગણી ફેલાઈ ગઈ.હાલ વન વિભાગ દ્વારા પાંજરે પુરાયેલા દીપડાને સુરક્ષિત સ્થળે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દીપડો પકડાતા દનણા સહિત આસપાસના ગામના લોકોએ રાહતનો શ્વાસ લીધો છે અને વન વિભાગની કામગીરીને બિરદાવી છે.



ધસમસતા પ્રવાહમાં કાર નાખવાનું સાહસ પડ્યું ભારે

# ભાવનગર: મહુવાની ડોંગી નદીના ધસમસતા પ્રવાહમાં તણાઈ કાર, હોડીની જેમ તરતી ગાડીનો વીડિયો વાઈરલ

(એજન્સી) ભાવનગર | તા.05

ભાવનગરના મહુવા તાલુકાના ઓથા ગામ નજીક ડોંગી નદીમાં ભારે વરસાદને કારણે એક કાર તણાઈ ગઈ. નદીના ધસમસતા પ્રવાહમાં કાર ચાલકે વાહન પસાર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કાબૂ ગુમાવતા કાર પાણીમાં તણાઈ. સદનસીબે સ્થાનિક ગ્રામજનોએ સમયસર પહોંચી કારમાં સવાર તમામ મુસાફરોનો આબાદ બચાવ કર્યો. બાદમાં ક્રેનથી કારને પણ બહાર કઢાઈ. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ભારે વરસાદને કારણે સ્થાનિક નદી-નાળાઓ ઉભરાઈ રહ્યા છે. આ દરમિયાન મહુવાના ઓથા ગામ નજીકથી પસાર થતી ડોંગી નદીના ધસમસતા પૂરમાં કાર તણાઈ જવાની





ઘટના સામે આવી છે. હોડીની જેમ પાણીમાં તરતી કારનો વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાઈરલ થઈ રહ્યો છે. સદનસીબે સ્થાનિક ગ્રામજનોની સમયસૂચકતાના કારણે કારમાં સવાર તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો છે.

મળતી માહિતી અનુસાર, ઓથા ગામ નજીક ડોંગી નદી પર પાણીનો જોરદાર પ્રવાહ વહી રહ્યો હતો. આ પૂરના પાણી વચ્ચેથી જ કારચાલકે પોતાનું વાહન પસાર કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પાણીનું વહેણ એટલું તીવ્ર હતું કે કારચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને કાર જોતજોતામાં નદીના પ્રવાહમાં તણાવા લાગી હતી. સદનસીબે થોડે દૂર આગળ જતા એક નાળું આવતા કાર ત્યાં ફસાઈને અટકી ગઈ હતી, જેના કારણે તે ઊંડા પાણીમાં આગળ વહેતી અટકી હતી.

કાર પાણીમાં ફસાતા જ આસપાસના ગ્રામજનો તાત્કાલિક મદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોએ ભારે જહેમત ઉઠાવીને સૌથી પહેલા કારની અંદર ફસાયેલા તમામ મુસાફરોને એકપછી એક સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. મુસાફરોનો બચાવ થયા બાદ, ગ્રામજનોએ ક્રેનની મદદથી પાણીના ધસમસતા વહેણમાંથી કારને પણ સલામત રીતે બહાર ખેંચી લીધી હતી. આ અકસ્માતમાં કારને વ્યાપક નુકસાન થયું છે, પરંતુ મોટી જાનહાનિ ટળી છે.

મહુવાથી ખરીદી કરીને પરત ફરી રહ્યા હતા

## અગતરીયા ગામના પાટિયા પાસે કાર ચાલકે દંપતીને અડફેટે લેતા પત્નીનું મોત

ભાવનગર : મહુવા-રાજુલા હાઈવે પર અગતરીયા ગામના પાટિયા પાસે સર્જાયેલા મોટરસાયકલ લઈને ઉભેલા દંપતીને એક બેફામ ગતિએ આવતા કારના ચાલકે જોરદાર ટક્કર મારતા દંપતીને ઈજાગ્રસ્ત હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં પત્નીનું મોત નિપજ્યું હતું. મહુવા-રાજુલા હાઈવે પર અગતરીયા ગામ નજીક કારની ટક્કરે બાઈક લઈને ઉભેલા દંપતીને ગંભીર ઈજાઓ થઈ હતી. મહુવાથી ખરીદી કરી ખેરા ગામ પરત ફરતી વખતે GJ-32-AG-4416 નંબરની કારના ચાલકે GJ-14-AS-4271 નંબરના બાઈકને ટક્કર મારી. ગંભીર રીતે ઘવાયેલા મુન્નીબેન ગુજરિયાનું ભાવનગર સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મહુવા રૂરલ પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રાજુલા તાલુકાના ખેરા ગામે રહેતા ચંદ્રેશભાઈ ગુજરિયા અને તેમના પત્ની મુન્નીબેન મહુવાથી ખરીદી કરીને પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન અગતરીયા પાટિયા પાસે રોડ સાઈડમાં ઉભેલા તેમના બાઈક (જીજે-૧૪-એએસ-૪૨૭૧) ને કાર નંબર જીજે-૩૨-એજી-૪૪૧૬ ના ચાલકે ગફલતભરી રીતે ચલાવીને ઠોકર મારી હતી.ટક્કર એટલી જોરદાર હતી કે દંપતી રોડ પર પટકાયું હતું. અકસ્માતમાં ચંદ્રેશભાઈને સામાન્ય ઈજાઓ થઈ હતી, જ્યારે મુન્નીબેનને કમર અને ખભાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

## ડબલ ટેક્સેશનથી બચવા માટે FTCનો દાવો કરવો

# ITR ભરતી વખતે વિદેશી સંપત્તિ અને આવકની જાણકારી આપવી કેમ જરૂરી? સમજો નિયમ અને દંડ

(એજન્સી) નવી દિલ્હી | તા.05

આકારણી વર્ષ 2026-27 માટે ITR ફાઈલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ભારતમાં રહેતા કરદાતાઓએ વિદેશી આવક અને સંપત્તિની સંપૂર્ણ વિગતો ITRમાં આપવી ફરજિયાત છે. વિદેશી બેન્ક ખાતા, શેર અને રિટાયરમેન્ટ એકાઉન્ટ્સની માહિતી ન આપવા બદલ 10 લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. ITR-2 કે ITR-3 ફોર્મનો ઉપયોગ કરીને 'શેડ્યૂલ એફએ' દ્વારા વિગતો આપવી પડશે.આકારણી વર્ષ (Assessment Year) 2026-27 માટે ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. તમામ પ્રકારના કરદાતાઓ તેમની પાછલા નાણાકીય વર્ષની આવક માટે ITR ફાઈલ કરી શકે છે.આવકવેરા વિભાગ સતત એ વાત પર ભાર મૂકે છે કે કરદાતાઓએ તેમના ITRમાં પોતાની તમામ પ્રકારની આવકની વિગતો અચૂક આપવી જોઈએ. જો તેમ કરવામાં ન આવે, તો કરદાતાઓ પર મોટો દંડ થઈ શકે છે. ત્યારે આજે આપણે વિદેશમાં આવેલી સંપત્તિને લઈને ઈન્કમ ટેક્સ એક્ટ શું કહે છે અને તેની માહિતી ન આપવા બદલ દંડની શું જોગવાઈ છે, તેની સંપૂર્ણ વિગતો જાણીશું.

વિદેશમાં આવક મેળવતા અથવા સંપત્તિ ધરાવતા રેસિડેન્ટ કે ઓર્ડિનરી રેસિડેન્ટ (ROR)એ પોતાનું રિટર્ન ફાઈલ કરવા માટે ITR-2 ફોર્મનો ઉપયોગ કરવો પડશે. જોકે, તેમની પાસે કોઈ બિઝનેસ કે પ્રોફેશન દ્વારા આવક ન હોવી જોઈએ. આવા કરદાતાઓએ 'શેડ્યૂલ એફએ'દ્વારા પોતાની વિદેશી સંપત્તિની વિગતો આપવાની રહેશે. બીજી તરફ જે લોકો વિદેશમાં સંપત્તિ ધરાવે છે અને તેમને બિઝનેસ કે પ્રોફેશનથી પણ આવક થાય છે, તેમણે ITR-3 ફોર્મ દ્વારા પોતાનું રિટર્ન ફાઈલ કરવાનું રહેશે.




બ્લેક મની (અઘોષિત વિદેશી આવક અને સંપત્તિ) અને ટેક્સને લગતા કાયદા (BMA) જેવા ટેક્સ ચોરી રોકતા કડક કાયદાઓને કારણે વિદેશી સંપત્તિની માહિતી આપવી જરૂરી છે. કરદાતાઓએ પોતાનું રિટર્ન સબમિટ કરતા પહેલાં પોતાના નાણાકીય રેકોર્ડ્સને મેચ કરી લેવા જોઈએ. સાવચેતીપૂર્વક વિગતો ભરવાથી નોટિસ, દંડ અને લાંબી તપાસની પ્રક્રિયાથી બચી શકાય છે.વિદેશમાં સંપત્તિ ધરાવતા કરદાતાઓએ ડબલ ટેક્સેશનથી બચવા માટે ફોરેન ટેક્સ ક્રેડિટ (FTC)નો દાવો કરવો જોઈએ. જોકે, આવા મામલામાં મળનારી રાહત અને તેનું પ્રમાણ ભારતે જે-તે દેશ સાથે કરેલી ડબલ ટેક્સેશન એવોઈડન્સ એગ્રીમેન્ટ (DTAA)ની શરતો પર અથવા જ્યાં DTAA નથી ત્યાં એકતરફી રાહત સાથે સબંધિત નિયમો પર આધાર રાખે છે.વિદેશી આવકને ITR-2 ના સંબંધિત શિડ્યૂલમાં દર્શાવવી જોઈએ અને યોગ્ય ફોરેન ટેક્સ ક્રેડિટનો દાવો કરવા માટે ચૂકવવામાં આવેલા વિદેશી ટેક્સની માહિતી શિડ્યૂલ ટીઆર (ટેક્સ રિલીફ)માં આપવી પડશે.

આવકવેરાના નિયમો પ્રમાણે ભારતમાં રહેતા લોકો માટે તેમના ITRમાં વિદેશી આવક અને વિદેશી સંપત્તિની સંપૂર્ણ વિગતો આપવી ફરજિયાત છે. આમાં વિદેશી બેન્ક ખાતા, શેર, વિદેશી રિટાયરમેન્ટ એકાઉન્ટ અને એમ્પ્લોયી સ્ટોક ઓનરશિપ પ્લાન (ESOP) સામેલ છે.

જો કરદાતા આવી સંપત્તિની માહિતી આપવામાં કોઈ પણ ચૂક કરે છે તો ભલે તેના પર કોઈ ટેક્સ ન બનતો હોય, તો પણ 10 લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.ભારતમાં ITRમાં આપવામાં આવતી માહિતી સામાન્ય રીતે એપ્રિલથી માર્ચના સમયગાળા દરમિયાનની આવક સાથે જોડાયેલી હોય છે. પરંતુ વિદેશી સંપત્તિની વિગતો કેલેન્ડર વર્ષના હિસાબે આપવાની રહે છે. આનું કારણ એ છે કે મોટાભાગના અન્ય દેશો નાણાકીય વર્ષ તરીકે કેલેન્ડર વર્ષનું પાલન કરે છે. આકારણી વર્ષ 2026-27ના ITRમાં જાન્યુઆરી 2025થી ડિસેમ્બર 2025 સુધીની આવક અથવા સંપત્તિની વિગતો આપવાની રહેશે.

## ઉભરતા બજારોમાં સફળ થવા એઆઇ ઈકોસિસ્ટમ અનિવાર્ય: વિશ્વ બેંક

નવી દિલ્હી: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈ હવે માત્ર પ્રાયોગિક સાધન મટીને એક સામાન્ય હેતુની ટેકનોલોજી બની રહી છે, જે ઉત્પાદન, ઉત્પાદકતા અને આર્થિક વિકાસને સંપૂર્ણપણે બદલી શકે છે. જોકે, વિશ્વ બેંકના તાજેતરના અહેવાલ મુજબ, ઉભરતા બજારોમાં તેના ફાયદા મેળવવા માટે માત્ર બહારથી મોડલ આયાત કરવા પૂરતું નથી, પરંતુ સ્થાનિક સ્તરે ટકાઉ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવું અત્યંત આવશ્યક છે.અહેવાલમાં જણાવાયું છે કે એઆઈ અત્યંત ઝડપથી વિકસી રહ્યું છે. પરંપરાગત પેટર્ન-ઓળખ પ્રણાલીઓથી આગળ વધીને, હવે તે જનરેટિવ એઆઈ અને એજન્ટિક એઆઈ તરફ પ્રયાણ કરી રહ્યું છે. આ નવી ટેકનોલોજી માનવીની મદદ વગર જટિલ કાર્યોનું આયોજન અને અમલ કરવામાં સક્ષમ છે. અગાઉની ટેકનોલોજી લહેરોની સરખામણીએ આ ટેકનોલોજીનો સ્વીકાર વિશ્વભરમાં ખૂબ જ ઝડપથી થઈ રહ્યો છે. ઉભરતા બજારો માટે આ એક સુવર્ણ તક છે, જેના દ્વારા શિક્ષણ, આરોગ્ય અને નાણાકીય ક્ષેત્રની મર્યાદાઓને દૂર કરી શકાય તેમ છે. વર્તમાન સમયમાં એઆઈનો વિકાસ મુખ્યત્વે કેટલીક ઉચ્ચ આવક ધરાવતી અર્થવ્યવસ્થાઓ સુધી મર્યાદિત છે. ઉભરતા બજારોએ જો આનો મહત્તમ લાભ લેવો હોય તો, રોકાણના નિર્ણયો લેતી વખતે માત્ર મોડલ-કેન્દ્રિત હોવાની જરૂર નથી. તેના બદલે, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેટા, કૌશલ્ય વિકાસ અને આ તમામ ઘટકોને જોડતા પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

# News Brief

## સાણંદમાં સીજી સેમી પ્લાન્ટનું ઉત્પાદન શરૂ થતાં સેમિકન્ડક્ટર યુગનો પ્રારંભ

સાણંદ: ગુજરાતના સાણંદ ખાતે સ્થિત સીજી સેમીની ઓસેટ સુવિધામાં વ્યાપારી ઉત્પાદનનો પ્રારંભ થવાની સાથે જ ભારતે સેમિકન્ડક્ટર ક્ષેત્રે એક નવા યુગમાં પ્રવેશ કર્યો છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે શનિવારે આ મહત્વપૂર્ણ સિદ્ધિની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, આ પ્લાન્ટ વર્ષ ૨૦૨૬માં વ્યાપારી ઉત્પાદન શરૂ કરનાર દેશનો ત્રીજો સેમિકન્ડક્ટર યુનિટ બન્યો છે.આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના દૂરદર્શી વિઝન હેઠળ દેશમાં સેમિકન્ડક્ટર ઉત્પાદનનું એક મજબૂત માળખું આકાર લઈ રહ્યું છે, જે વિકસિત ભારતનો પાયો બનશે. તેમણે ૧૩ માર્ચ ૨૦૨૪ના રોજ ભૂમિપૂજન બાદ માત્ર ૨૭ મહિનાના ટૂંકા ગાળામાં પ્લાન્ટને ઉત્પાદન સુધી પહોંચાડવા માટે ગુજરાત સરકારના સહકારને બિરદાવ્યો હતો. આ પ્રોજેક્ટમાં ૭,૬૦૦ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે અને તે જાપાનની રેનેસાસ ઈલેક્ટ્રોનિક્સ સાથેની ભાગીદારીમાં સ્થાપવામાં આવ્યો છે. સાણંદ સુવિધામાં બનતી ચિપ્સનો ઉપયોગ ભારતમાં ઓટોમોબાઈલ, સ્કૂટર અને ઔદ્યોગિક સાધનોમાં કરવામાં આવશે. આ ઉપરાંત, આ ચિપ્સની જાપાન, અમેરિકા અને યુરોપમાં નિકાસ પણ કરવામાં આવશે, જે ભારતને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં એક મહત્વના હિસ્સેદાર તરીકે સ્થાપિત કરશે. મંત્રીએ નોંધ્યું હતું કે ૨૦૨૬ના અંત સુધીમાં દેશભરમાં પાંચ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થઈ જશે.

## અદાણી કેસ રદ કરવા અમેરિકી ન્યાય વિભાગની કોર્ટમાં માંગણી

ન્યુયોર્ક: ગૌતમ અદાણી અને અદાણી જૂથના અન્ય આરોપીઓ વિરુદ્ધ ચાલી રહેલા કેસ મામલે અમેરિકી ન્યાય વિભાગે (DOJ) ફેડરલ કોર્ટમાં એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. ન્યાય વિભાગે સ્પષ્ટપણે જણાવ્યું છે કે આ કેસ ક્યારેય દાખલ જ ન થવો જોઈતો હતો. હવે વિભાગે કોર્ટને વિનંતી કરી છે કે આ તમામ આરોપોને કાયમી ધોરણે રદ કરવામાં આવે, કારણ કે આ કાર્યવાહી કાયદાકીય દ્રષ્ટિએ અત્યંત નબળી છે અને હવે તે ન્યાયના હિતમાં પણ નથી.

ન્યુયોર્કના પૂર્વ જિલ્લાની ફેડરલ કોર્ટમાં સબમિટ કરવામાં આવેલી વિગતવાર ફાઈલિંગમાં ન્યાય વિભાગે આ નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે. વિભાગનું કહેવું છે કે વ્યાપક સમીક્ષા બાદ તેમને ખાતરી થઈ છે કે આ કેસને આગળ વધારવો જોઈએ નહીં. ન્યાય વિભાગે એવી દલીલ કરી છે કે આ સમગ્ર મામલો મોટાભાગે ભારત સાથે જોડાયેલો છે. તેમાં ભારતીય વ્યક્તિઓ પર અન્ય ભારતીયોને લાંચ આપવાનો અને ભારતીય કરારો મેળવી ભારતીયોને વીજળી પૂરી પાડવાનો આક્ષેપ છે. અમેરિકાએ 'વિશ્વ પોલીસ' બનવાનો પ્રયાસ કરવાને બદલે પોતાના આંતરિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ભારતીય સિસ્ટમ પોતાની રીતે આ મામલાઓને વધુ સારી રીતે સંભાળી શકે છે.અમેરિકી ન્યાય વિભાગે એ પણ નોંધ્યું છે કે ભારતમાં આ તમામ આક્ષેપોની તપાસ થઈ ચૂકી છે અને તેમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ કે ગુનાહિત misconduct મળી આવ્યા નથી. આ ઉપરાંત, આ કેસમાં કોઈ પણ રોકાણકારોને નુકસાન થયું નથી. બે નોંધો સંપૂર્ણપણે ચૂકવાઈ ગઈ છે અને બાકીની નોંધોનું સર્વિસિંગ નિયમિત રીતે ચાલી રહ્યું છે.

## ડુંગળીના ખરીદ ભાવમાં ૧૩ ટકાનો વધારો કરતા ખેડૂતોને રાહત

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે ડુંગળીના ઉત્પાદકોને મોટો ફાયદો પહોંચાડતા પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન બફર માટે ડુંગળીના ખરીદ ભાવમાં ૧૩ ટકાનો વધારો કર્યો છે. હવે ડુંગળીનો ખરીદ ભાવ પ્રતિ ક્વિન્ટલ ૧,૮૭૫ રૂપિયાથી વધારીને ૨,૧૨૫ રૂપિયા કરવામાં આવ્યો છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સુધારેલો ભાવ ૪ જુલાઈ ૨૦૨૬થી અમલમાં આવ્યો છે. સરકારના આ નિર્ણયથી ડુંગળી પકવતા ખેડૂતોને તેમના પાકના વધુ સારા ભાવ મળશે અને બફર સ્ટોક ખરીદીની કામગીરીને વેગ મળશે. હાલમાં નાફેડ (NAFED) અને એનસીસીએફ (NCCF) દ્વારા સરકારના પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન બફર માટે ડુંગળીની ખરીદી ચાલી રહી છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના ૨૦૨૫-૨૬ના બીજા આગોતરા અંદાજ મુજબ, દેશમાં ડુંગળીનું ઉત્પાદન ૩૦૭.૩૭ લાખ મેટ્રિક ટન રહેવાનો અંદાજ છે, જે ૨૦૨૪-૨૫ના ૩૦૭.૬૭ લાખ મેટ્રિક ટનના ઉત્પાદનની સરખામણીએ સમાન છે. મંત્રાલયના મતે, હાલના તબક્કે ડુંગળીની એકંદરે ઉપલબ્ધતા અંગે કોઈ ચિંતાનું કારણ નથી. જોકે, સામાન્ય મોસમી પ્રભાવને કારણે ભાવમાં થોડો વધારો જોવા મળી શકે છે. મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં હાલમાં ડુંગળીનો સ્ટોક પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે અને ક્યાંય પણ અછતની સ્થિતિ નથી.દેશભરની મંડીઓમાં ડુંગળીની દૈનિક આવક ૫૦,૦૦૦ મેટ્રિક ટનથી વધુ છે, જ્યારે મહારાષ્ટ્રમાં આ આંકડો ૩૦,૦૦૦ મેટ્રિક ટનથી વધુ જોવા મળી રહ્યો છે. મંડીઓમાં ડુંગળીનો સરેરાશ ભાવ પ્રતિ કિલો ૧૮ રૂપિયાની આસપાસ છે, જ્યારે દેશમાં ડુંગળીનો સરેરાશ છૂટક ભાવ પ્રતિ કિલો ૩૧ રૂપિયા છે.

## બંધ બજારે ડોલરના ભાવ ઉંચકાયા

# સોના તેમજ ચાંદીની ટેરીફ વેલ્યુ ઘટતાં ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં થયેલો ઘટાડો

મુંબઈ : મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોનાના ભાવ વધ્યા મથાળેથી ઘટાડા પર રહ્યા હતા જ્યારે ચાંદીના ભાવમાં આગેકૂચ ચાલુ રહી હતી. વિશ્વબજારમાં હવામાન મિશ્ર હતું. દરમિયાન, ક્રૂડતેલના ભાવ ફરી ઉંચકાયા હતા.દેશમાં આયાત થતા સોના- ચાંદીની ઈમ્પોર્ટ ડયુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે જુલાઈ માટે નોંધપાત્ર ઘટાડો કરતાં કિંમતી ધાતુઓની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. આવી ટેરીફ વેલ્યુ સોનામાં ૧૦ ગ્રામના ડોલરના સંદર્ભમાં ૧૩૪૮થી ઘટી ૧૨૯૭ ડોલર કરાઈ છે જ્યારે ચાંદીમાં કિલોના ૨૧૭૫થી ઘટી ૧૮૭૫ ડોલર કરાઈ હોવાના સમાચાર મળ્યા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૪૧૭૯થી ૪૧૮૦ વાળા નીચામાં ભાવ ૪૧૬૬થી ૪૧૬૭ ડોલર થઈ ૪૧૭૬થી ૪૧૭૭ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૬૨.૩૫થી ૬૨.૩૬ વાળા નીચામાં ભાવ ૬૨.૧૬થી ૬૨.૧૭ થઈ ૬૨.૪૧થી ૬૨.૪૨ ડોલર છેલ્લે સપ્તાહના અંતે રહ્યા હતા.દરમિયાન, ઘરઆંગણે અમદાવાદ બજારમાં સોનાના ભાવ આજે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૪૯૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૫૦૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૨૩૫૦૦૦ રહ્યા હતા. વિશ્વબજારમાં ક્રૂડતેલ બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૧.૬૭ વાલા ૭૨.૪૯ થઈ ૭૨.૧૨ ડોલર રહ્યા હતા.

## થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનો તફાવત ઊંચો રહેતા બેન્કો પર દબાણ

# પશ્ચિમ એશિયા યુદ્ધ વચ્ચે પણ દેશના વેપારગૃહો દ્વારા ધિરાણ માંગ ઊંચી

મુંબઈ : જૂન ત્રિમાસિકમાં દેશની બેન્કિંગ વ્યવસ્થામાં થાપણ વૃદ્ધિની સરખામણીએ ધિરાણ વૃદ્ધિ ઊંચી જોવા મળી છે. થાપણ વૃદ્ધિ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચે વધી રહેલા અંતરને ધ્યાનમાં રાખી બેન્કો પર થાપણ વૃદ્ધિમાં વધારો કરવાનું દબાણ આવી ગયું છે. પશ્ચિમ એશિયા યુદ્ધ વચ્ચે પણ વેપારગૃહો દ્વારા ધિરાણ માગ સ્થિતિસ્થાપક રહી છે. આમ ધિરાણ વૃદ્ધિ સામે ટકી રહેવા બેન્કો પર થાપણ વૃદ્ધિને ઝડપી બનાવવાનું દબાણ વધ્યું છે.જૂન ત્રિમાસિકમાં નાની-મોટી સહિત મોટાભાગની બેન્કોમાં ધિરાણ વૃદ્ધિનો આંક વાર્ષિક ધોરણે ૧૨.૯૦ ટકાથી ૨૬.૫૦ ટકાની વચ્ચે રહ્યો છે જ્યારે થાપણ વૃદ્ધિ ૮.૫૦ ટકાથી ૧૭.૧૦ ટકાની વચ્ચે જોવા મળી હોવાનું વિવિધ બેન્કોના તાજેતરના ત્રિમાસિક રિપોર્ટ પરથી જણાયું હતું.પશ્ચિમ એશિયાના યુદ્ધ વચ્ચે પણ ભારતના અર્થતંત્રમાં મજબૂતાઈને પગલે ઉદ્યોગો તરફથી ધિરાણ માગ જળવાઈ રહી છે. બેન્ક ધિરાણ ઉપરાંત ઉદ્યોગો બોન્ડસ મારફત પણ નાણાં ઊભા કરી રહ્યા છે.વર્કિંગ કેપિટલની આવશ્યકતા પૂરી કરવા ઉદ્યોગો દ્વારા ધિરાણ ઉપાડ વધુ જોવા મળી રહ્યો છે.૧૫ જૂનના અંતે બેન્કોનો કુલ ધિરાણ આંક રૂપિયા ૨૧૫.૫૦ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે થાપણ આંક રૂપિયા ૨૫૮.૪૦ ટ્રિલિયન રહ્યો હતો. ધિરાણમાં વાર્ષિક ધોરણે ૧૭.૭૦ ટકા જ્યારે થાપણમાં ૧૨ ટકા વધારો થયો છે. આમ થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચે ૫.૭૦ ટકા જેટલો મોટો તફાવત જોવા મળી રહ્યો છે.થાપણો ઊભી કરવા સંઘર્ષ કરી રહેલી બેન્કો માટે રિઝર્વ બેન્કના તાજેતરના નિર્ણય ટેકારૂપ બની રહેવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) અથવા એફસીએનઆર (બી) થાપણોને પ્રોત્સાહિત કરતી રિઝર્વ બેન્કની તાજેતરની વિન્ડોથી બેન્કોને થાપણ મેળવવામાં મદદરૂપ બની રહેશે તેવી બેન્કિંગ ક્ષેત્રના વર્તુળો અપેક્ષા રાખી રહ્યા છે.

## ટ્રાન્સમિશન અને સ્ટોરેજ પર વિશેષ ભાર

નવી દિલ્હી: ભારતની વીજળી પ્રણાલી હવે એક નવા અને સુવ્યવસ્થિત બદલાવ તરફ આગળ વધી રહી છે, જેમાં પેઢી દર પેઢી જનરેશન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશનના તબક્કાઓનો સમાવેશ થાય છે. એક નવા સંશોધન અહેવાલ મુજબ, આગામી દાયકા માટે ટ્રાન્સમિશન કેપેક્સ અને એનર્જી સ્ટોરેજ એ સૌથી મહત્વપૂર્ણ આધારસ્તંભ બની રહ્યા છે. બ્રોકરેજ ફર્મના અંદાજ મુજબ, ભારતની સ્થાપિત વીજ ક્ષમતા હાલના ૫૩૮ ગીગાવોટથી વધીને નાણાકીય વર્ષ ૨૦૩૨ સુધીમાં ૯૦૦ ગીગાવોટ થવાની ધારણા છે. આ વૃદ્ધિ બે માર્ગીય રહેશે. કોલસો પાયાની જરૂરિયાત પૂરી કરવાનું ચાલુ રાખશે, જ્યારે પુનઃપ્રાપ્ય ઉર્જા એટલે કે રિન્યુએબલ એનર્જી વધારાની ક્ષમતાનો મોટો હિસ્સો રોકશે. જોકે, આ સંક્રમણ ૨૦૩૨ના અંત સુધીમાં ૭૪ ગીગાવોટ એનર્જી સ્ટોરેજની જમાવટ પર નિર્ભર રહેશે, જેથી વીજળીની માંગ અને પુરવઠામાં આવતા ઉતાર-ચઢાવને સંભાળી શકાય. મે ૨૦૨૬માં આકરા ઉનાળા દરમિયાન વીજળીની માંગ ૨૭૧ ગીગાવોટની સર્વકાલીન ઊંચાઈએ પહોંચી હતી.

## ૧૩ IPO દ્વારા એકત્ર કરાયેલા ભંડોળમાં ફંડોનો હિસ્સો વધીને ૩૨%

# યુદ્ધના સમય દરમિયાન IPOમાં મ્યુ. ફંડોના હિસ્સામાં સતત વધારો

અમદાવાદ : અમદાવાદથી પ્રાપ્ત માહિતી અનુસાર, ઈરાન યુદ્ધ બાદ મ્યુચ્યુઅલ ફંડનો IPOમાં હિસ્સો સતત વધી રહ્યો છે. ફેબ્રુઆરીના અંતથી શરૂ થયેલા યુદ્ધ પછીના ૧૩ IPOમાં ફંડોનો હિસ્સો ૩૨.૩% થયો છે, જે યુદ્ધ પહેલાંના ૨૦% કરતા ઘણો વધારે છે. નાના કદની કંપનીઓના શેરોમાં રોકાણકારો વધુ રસ દાખવી રહ્યા છે.ઈરાન યુદ્ધ પછી, કંપનીઓ દ્વારા પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ)માં મ્યુચ્યુઅલ ફંડોનો હિસ્સો સતત વધ્યો છે. હકીકતમાં, જૂનમાં આ હિસ્સો બહુ-વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચ્યો છે. ડેટા અનુસાર, ફેબ્રુઆરીના અંતમાં ઈરાન યુદ્ધ શરૂ થયા પછી આવા ૧૩ આઈપીઓ લોન્ચ કરવામાં આવ્યા છે. આ આઈપીઓ દ્વારા એકત્ર કરાયેલા કુલ ભંડોળમાં મ્યુચ્યુઅલ ફંડ્સનો હિસ્સો ૩૨.૩% હતો. ઈરાન યુદ્ધ પહેલાં, આ આંકડો ૨૦% હતો.વાર્ષિક ડેટા પણ સમાન વલણને પ્રતિબિંબિત કરે છે. ૨૦૨૩માં કુલ આઈપીઓ આવકમાં મ્યુચ્યુઅલ ફંડનો હિસ્સો ૧૭% હતો. ૨૦૨૪માં આ આંકડો ૨૦%, ૨૦૨૫માં ૨૨% અને જૂન ૨૦૨૬ સુધીમાં ૨૯% થયો હતો. ઈરાન યુદ્ધ પછી ૧૩ આઈપીઓમાં આ વલણ વધુ વધીને ૩૨.૩% થયું હતું. તાજેતરમાં, નાની કંપનીઓના શેરોએ મોટી કંપનીઓ કરતા વધુ સારો દેખાવ કર્યો છે. તેથી, એસેટ મેનેજરો હવે રૂ. ૪,૦૦૦ કરોડથી ઓછી માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતી કંપનીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે વધુ વલણ ધરાવે છે. ઈરાન યુદ્ધ પછી શરૂ થયેલા આઈપીઓમાં સરેરાશ એક-અંકનો લાભ જોવા મળ્યો છે. ૨૦૨૩ માં અરજીઓ માટે ખુલ્લા આઈપીઓ માટે, આ લાભ સમાન રોલિંગ ધોરણે ૧૨% થી વધુ હતો અને તે વર્ષના સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૪૯.૨% પર પહોંચ્યો હતો.

## આઈટી સેક્ટરમાં નજીકના ગાળામાં નરમાશ રહેવાની શક્યતા: ઈક્વિરસ રિપોર્ટ

નવી દિલ્હી: ભારતીય આઈટી સેવા કંપનીઓ માટે પ્રથમ ત્રિમાસિક ગાળો થોડો મંદ રહેવાની સંભાવના છે. ઈક્વિરસ સિક્યોરિટીઝના તાજેતરના રિપોર્ટ મુજબ, જ્યાં સુધી ક્લાયન્ટ્સ ખર્ચ ઘટાડવાના પ્રોજેક્ટ્સથી આગળ વધીને મોટા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-આધારિત ટ્રાન્સફોર્મેશન સોદાઓ તરફ નહીં વળે, ત્યાં સુધી વૃદ્ધિમાં મોટો ઉછાળો આવવો મુશ્કેલ છે. બ્રોકરેજ ફર્મના મતે, ૨૦૨૭ના નાણાકીય વર્ષ દરમિયાન માંગ મર્યાદિત રહેશે. અસ્થિર આર્થિક સ્થિતિ અને ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતાઓને કારણે કંપનીઓ તેમના ખર્ચ બાબતે અત્યંત સાવચેત છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો સ્વીકાર વધી રહ્યો છે, પરંતુ મોટાભાગના ક્લાયન્ટ્સ તેને નવા બજેટ ફાળવીને નહીં, પરંતુ ઉત્પાદકતામાં વધારો અને વેન્ડર કોન્સોલિડેશન (વિક્રેતાઓના એકીકરણ) દ્વારા ફંડિંગ કરી રહ્યા છે. આ પરિબળ નજીકના ગાળામાં આવક વૃદ્ધિને મર્યાદિત કરી શકે છે.

# નોકરિયાતો માટે ગુડ ન્યૂઝ! હવે વધી જશે ઈન-હેન્ડ સેલેરી, PFના નવા નિયમો

(એજન્સી) નવી દિલ્હી | તા.05

ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે સારા સમાચાર! કેન્દ્ર સરકારે PF યોગદાનના નિયમો બદલ્યા છે. હવે PFમાં મહત્તમ 1,800 રૂપિયાનું યોગદાન અનિવાર્ય કરાયું છે. આનાથી કર્મચારીઓની ઈન-હેન્ડ સેલરી વધશે. જે કર્મચારીઓની સેલરી 15,000 રૂપિયાથી વધુ છે, તેઓ પોતાની મરજીથી PF યોગદાન 1,800 રૂપિયા સુધી મર્યાદિત કરાવી શકે છે. આનાથી 60,000 રૂપિયા બેઝિક સેલરી ધરાવતા કર્મચારીની સેલરી 5,600 રૂપિયા વધી શકે છે.

જો તમે પણ પ્રાઈવેટ સેક્ટરના કર્મચારી છો અને તમારું PF એકાઉન્ટ છે, તો તમારી ઈન-હેન્ડ સેલરી (હાથમાં આવતો પગાર) વધી શકે છે, કારણ કે તાજેતરમાં સરકાર તરફથી એક ખાસ નિયમમાં ફેરફારની જાહેરાત કરવામાં આવી છે. આ નિયમ હેઠળ તમારું PF કોન્ટ્રિબ્યુશન (ફાળો) ઓછો થઈ જશે, અને ઈન-હેન્ડ સેલરી વધી જશે. કેન્દ્ર સરકારે તાજેતરમાં કેટલાક નિયમો બદલ્યા છે, જેમાં એક નિયમ PF કોન્ટ્રિબ્યુશનને સ્વૈચ્છિક કરવાનો પણ સામેલ છે. આ નિયમ હેઠળ PF કોન્ટ્રિબ્યુશન પર કેપ (મર્યાદા) લગાવી દેવામાં આવી છે. હવે દર મહિને PFમાં માત્ર મહત્તમ 1,800 રૂપિયાનું કોન્ટ્રિબ્યુશન જ અનિવાર્ય કરવામાં આવ્યું છે. એનો અર્થ એ છે કે, જેમનું PF વધુ કપાઈ રહ્યું છે, તેઓ ઈચ્છે તો તેને ઓછું કરાવીને 1,800 રૂપિયા સુધી મર્યાદિત કરી શકે છે. પરંતુ આ એમ્પ્લોયર અને કર્મચારી બંનેની મરજી પર નિર્ભર કરે છે. કર્મચારી ઈચ્છે, તો જ આને વધારી શકે છે, અથવા ઓછું કરાવી શકે છે.


જો કે, જેમની સેલરી 15,000 રૂપિયા સુધી છે, તેમણે 1,800 રૂપિયાનું PF કપાવવું જ પડશે. અત્યાર સુધી, ઘણી કંપનીઓ કર્મચારીઓની વાસ્તવિક બેઝિક સેલરી પર સ્વેચ્છાએ PFની ગણતરી કરતી હતી, ભલે તે 15,000 રૂપિયાથી ઘણી વધારે હોય. તેના કારણે ઘણીવાર માસિક PF કપાત 5,000 રૂપિયા, 10,000 રૂપિયા કે, તેથી વધુ પણ થઈ જતી હતી. નવા નિયમો હેઠળ, આ પ્રકારનું ઊંચું અંશદાન હવે અનિવાર્ય રહેશે નહીં. હવે કર્મચારીઓ પોતાની મરજીથી PFમાં યોગદાન આપી શકે છે, જેનાથી તેમની ઈન-હેન્ડ સેલરી વધી શકે છે.માની લો કે, 60,000 રૂપિયાની બેઝિક સેલરી ધરાવતો કર્મચારી દર મહિને 7,200 રૂપિયાનું યોગદાન આપે છે. આવા કિસ્સામાં જો બંને પક્ષો ન્યૂનતમ રકમનું પાલન કરવાનો નિર્ણય લે છે, અને અનિવાર્ય યોગદાનને 1,800 રૂપિયા સુધી મર્યાદિત કરે છે, તો ઈન-હેન્ડ સેલરી 5,600 રૂપિયા વધી જશે. પરંતુ જો તમે તમારા રિટાયરમેન્ટ પ્લાન માટે PF અમાઉન્ટ વધારવા માંગો છો, તો તમે તમારી PF અમાઉન્ટની કપાત ચાલુ રાખી શકો છો, અને ઈચ્છો તો, તેને વધુ વધારી પણ શકો છો.


## મોટી સિદ્ધિ | બુર્જ ખલીફામાં ખોલી એઆઈ સ્ટાર્ટઅપ ઓફિસ

# બુર્જ ખલીફામાં ઓફિસ ખોલી ભારતીય કિશોરે રચ્યો ઈતિહાસ

દુબઈ: દુબઈના આકાશને આંબતી વિશ્વની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફામાં એક ૧૪ વર્ષીય ભારતીય મૂળના કિશોરે પોતાની સફળતાનો ઝંડો લહેરાવ્યો છે. જૈનમ જૈન નામના આ પ્રતિભાશાળી બાળકે આટલી નાની વયે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈ ક્ષેત્રે સ્ટાર્ટઅપ શરૂ કરીને સમગ્ર વિશ્વમાં ચર્ચા જગાવી છે. આ કિશોરે બુર્જ ખલીફાના ૧૪૧મા માળે પોતાની ઓફિસ શરૂ કરી છે, જે તેને દુબઈનો સૌથી નાનો એઆઈ ફાઉન્ડર બનાવે છે.

જૈનમ જૈનની સફળતાની ગાથા માત્ર તેની ઓફિસ સુધી સીમિત નથી. તેની પાછળ વર્ષોની મહેનત અને શીખવાની અદમ્ય જિજ્ઞાસા રહેલી છે. જૈનમે જણાવ્યું હતું કે તેને વ્યવસાયના પાયાના પાઠ માત્ર ૬ વર્ષની વયે શીખવા મળ્યા હતા. જ્યારે તેના પિતા તેને તેમની પ્રથમ બિઝનેસ મીટિંગમાં સાથે લઈ ગયા હતા, ત્યારે જ તેના મનમાં વ્યાપાર જગત વિશે જિજ્ઞાસા જન્મી હતી. તેણે પોતાની જાતને





પુસ્તકીયા જ્ઞાન સુધી સીમિત ન રાખતા, વાસ્તવિક દુનિયાના અનુભવો અને સફળ લોકો સાથેના સંવાદ દ્વારા શિક્ષણ મેળવવાનું પસંદ કર્યું હતું. તેણે ૧૩ વર્ષની નાની વયે જ ૧૦૫ દિવસમાં ધોરણ ૧૦ની પરીક્ષાઓ પૂર્ણ કરીને પોતાના લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું હતું.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, જૈનમ જૈન દ્વારા શરૂ કરવામાં આવેલા આ એઆઈ સ્ટાર્ટઅપનું મુખ્ય લક્ષ્ય કંપનીઓના કામકાજને સરળ બનાવવાનું છે. આ પ્રોજેક્ટ હાલમાં પરીક્ષણના તબક્કે છે અને ખાસ કરીને કંપનીઓ માટે માર્કેટિંગ, લીડ મેનેજમેન્ટ, ન્યૂઝલેટર અને ગ્રાહકો સાથેના સંવાદને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી અસરકારક બનાવવાનું કામ કરે છે. અનેક મોટી કંપનીઓએ આ અનોખા પ્રોજેક્ટમાં વિશેષ રસ દાખવ્યો છે.જૈનમની સફળતા પાછળ તેની સ્વ-શિસ્ત પણ જવાબદાર છે. તે ૧૦ વર્ષની ઉંમરથી જ પોતાની જાતને ૫૦ દિવસની અલગ-અલગ ચેલેન્જ આપતો આવ્યો છે. આ ચેલેન્જમાં ૫૦ પુસ્તકો વાંચવા, ૫૦ નેટવર્કિંગ ઈવેન્ટ્સમાં ભાગ લેવો અને અંદાજે ૬,૦૦૦ કિલોમીટર જેટલી મુસાફરી કરીને દિગ્ગજ બિઝનેસમેનોને મળીને તેમની કાર્યપદ્ધતિ સમજવી વગેરેનો સમાવેશ થાય છે. માત્ર એટલું જ નહીં, જૈનમ એક જાણીતો વક્તા પણ છે અને તેના નામે બે પેટન્ટ તેમજ એક પુસ્તક પણ નોંધાયેલા છે. તેની પાસે ૧,૪૫,૦૦૦થી વધુ સબ્સ્ક્રાઈબર્સ ધરાવતું વિશાળ ડિજિટલ નેટવર્ક પણ છે. આજના સમયમાં જ્યારે બાળકો ભણતરના ભાર નીચે દબાયેલા હોય છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ વદ - 07

# અયોધ્યા રામ મંદિર મામલે હવે સીબીઆઇની એન્ટ્રી

અયોધ્યાના શ્રી રામ મંદિરમાં થતી દાનચોરી મામલે દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. તપાસ કરી રહેલી એસઆઈટીને આ બાબતે ઘણી નવી જાણકારી મળી છે. એસઆઈટીની પૂછપરછ દરમિયાન નિર્માણ સહાયક ગોપાલ રાય અજ્ઞાત સ્થળે ચાલ્યા ગયા છે. તેઓ કર્ણાટક કે દિલ્હી ગયા હોવાનું મનાય છે. મંદિરની સુરક્ષા સંભાળતા સિનિયર પોલીસ અધિકારીઓને પણ બદલવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ હાઈકોર્ટની લખનૌ બેંચમાં આ બાબતે એક જાહેર હીતની અરજી પણ કરવામાં આવી છે. ચઢાવાની રકમ બાબતે કેગ દ્વારા તપાસ અને કૌભાંડની સંપૂર્ણ તપાસ સીબીઆઈને સોંપવાની માંગણી આ અરજીમાં કરવામાં આવી છે. આ અરજીની સુનાવણી સોમવારે થવાની શક્યતા છે. જોકે આંતરિક સુત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના કહેવાથી હવે તપાસ સીબીઆઈને સોંપવામાં આવશે.કેન્દ્ર સરકારે પાકિસ્તાનમાંથી ઓપરેટ કરતા ૨૩ જેટલા આતંકવાદીઓની યાદી જાહેર કરી છે. પાકિસ્તાનમાં સક્રિય જૈશ-એ-મહોમદ અને લશ્કર-એ-તૈયબાના ૨૩ આતંકવાદીઓને હવે સત્તાવાર આતંકવાદી જાહેર કરવામાં આવ્યા છે. સરકારનું કહેવું છે કે આ તમામ આતંકવાદીઓ જમ્મુ-કાશ્મીરમાં ઘૂસણખોરી, આતંકવાદીઓની ભરતી, હથિયારોની દાણચોરી, ડ્રોન દ્વારા હથિયારો મોકલવા. તેમજ આતંકી હુમલાઓનું કાવતરૂ કરવાની કામગીરી કરે છે. આ તમામ આતંકવાદીઓ બીજા આતંકવાદીઓને તાલીમ પણ આપે છે. લશ્કર-એ-તૈયબાના સ્થાપક હાફીઝ સૈયદના નજીકના ત્રણ સાથીદારો અબ્દુલ રૌઉફ, હાફીઝ ખાલીદ વલીદ અને રાણા ઈફતીખારના નામ પણ આ યાદીમાં છે. રાણા ઈફતીખાર યુવાનોને આતંક ફેલાવવા માટે ઉશ્કેરે છે અને વિવિધ આતંકવાદી સંગઠનો વચ્ચે સમન્વયનું કામ કરે છે. હાફીઝ ખાલીદને ઘણા આંતકવાદી હુમલાઓનો માસ્ટર માઈન્ડ ગણાવવામાં આવ્યો છે.પંજાબ વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષે તૈયારી શરૂ કરી છે. કોંગ્રેસે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને લોકસભાના સભ્ય ચરણજીત સિંહ ચન્નીને ચૂંટણી પ્રચાર સમિતિના પ્રમુખ બનાવ્યા છે. ચરણજીત સિંહ ચન્નીએ મોરીંદામાં એક મીટીંગ કરી હતી. આ મીટીંગમાં તમામ ભૂતપૂર્વ મંત્રીઓ, ધારાસભ્યો સિવાય સિદ્ધુ મુસેવાલાના પિતા બલકૌર સિંહ પણ હાજર રહ્યા હતા. ચન્નીની આ મીટીંગ શક્તિ પ્રદર્શન માટે ગોઠવાઈ હોવાનું મનાય છે. નવાઈની વાત એ છે કે ચન્નીને ચૂંટણી પ્રચાર સમિતિના પ્રમુખ બનાવ્યા છતાં એમણે કોંગ્રેસ હાઈકમાન્ડનો આભાર માન્યો નહોતો. મીટીંગ પછી એમના સમર્થકોએ જાહેરમાં ચન્નીને પ્રદેશ પ્રમુખ બનાવવાની માંગણી કરી હતી. કોંગ્રેસે ચૂંટણી પહેલા પંજાબ કોંગ્રેસના કેટલાક નેતાઓ પર લગામ કસવા એમની સામે પગલા લેવાનું નક્કી કર્યું છે. સિદ્ધુ મુસેવાલાના પિતા હવે સક્રિય રાજકારણમાં આવી ગયા છે.મમતા બેનર્જી અને અભિષેક પર કલકત્તા હાઈકોર્ટની કડકાઈકલકત્તા હાઈકોર્ટની એક બેંચે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને એમના ભત્રીજા અભિષેક બેનર્જીને એમની સામે ચાલી રહેલા કોર્ટના અપમાનના કેસમાં સોગંદનામુ દાખલ કરવાનો હુકમ કર્યો છે. આ પહેલા ૧૯મી જુને જસ્ટીસ અરીજીત બેનર્જી અને જસ્ટીસ અપુર્બા સિંહા રોયની બેંચે મમતા બેનર્જી અને અભિષેક બેનર્જીને કોર્ટનું અપમાન કરવા માટે નોટીસ મોકલી હતી. આ કેસ તૃણમુલ કોંગ્રેસે ૨૧મી જુલાઈ ૨૦૨૫ના રોજ કલકત્તામાં યોજેલી શહીદ દિવસ રેલી સાથે જોડાયેલો છે. આરોપ છે કે રેલી દરમિયાન કલકત્તા હાઈકોર્ટના ૨૦૧૮ના હુકમની અવગણના કરવામાં આવી હતી. કોઈપણ રાજકીય પક્ષને શહેરના મુખ્ય વિસ્તાર કે રસ્તાઓ જામ કરવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. કેસની હવે પછીની સુનાવણી ઓગસ્ટ મહિનામાં થશે.લાલુ પ્રસાદ યાદવ અને એમના પત્ની રાબડી દેવી હમણા તો નિવૃત્ત જીવન જીવે છે. બંને વયોવૃદ્ધ થઈ ગયા છે. બિહાર સરકારે રાબડી દેવી પાસે સરકારી મકાન પણ ખાલી કરાવ્યું છે. હવે સરકારે લાલુ અને રાબડીને ઝેડ પ્લસ સુરક્ષા આપવાનો નિર્ણય કરીને બધાને ચોકાવી દીધા છે. જોકે હજી ગૃહમંત્રાલય તરફથી કોઈ પત્ર મોકલવામાં આવ્યો નથી, પરંતુ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીની સરકારે લાલુ - રાબડીના નિવાસસ્થાને સુરક્ષા કર્મચારીઓ મોકલી દીધા છે. થોડા સમય પહેલા જ એટલે કે ૪થી જૂને લાલુએ પોતાને મળેલી ઝેડ પ્લસ સુરક્ષા પરત કરી હતી. આ બાબતે ત્યાર પછી વિવાદ પણ થયો હતો. આરજેડીએ એવો આક્ષેપ કર્યો હતો કે લાલુ કુટુંબ સામે બદલો લેવા માટે એમની સુરક્ષા દુર કરવામાં આવી છે.

# બાંગ્લાદેશ, પાક. અને મ્યાંમાર થકી ચીને ભારત પર ભીંસ વધારી

મોંગલા અને ચટગાંવ બંદરો ચીનને આપવા પાછળ માત્ર વેપાર કારણ નથી. ચીન અહીંયા જે આધુનિક ક્રેન અને લોજિસ્ટિક ડેવલપમેન્ટ કરી રહ્યુ છે તે બંગાળની ખાડીમાંથી પસાર થતા દરેક જહાજ અને સામાનની તથા સૈન્ય સપ્લાયની પણ પળેપળની માહિતી મેળવવા માગે છે : આ જગ્યા ભારતના કોલકાતાથી માત્ર ૮૦ કિ.મી દૂર આવેલી છે. ભારતીય સરહદની આટલી નજીક ખંધા ચીનની એન્ટ્રી ઘણા સમીકરણો બદલી શકે છે. જાણકારો માને છે કે, ચીન અહીંયા કોઈ માલગાડી ચલાવવાનું નથી કે વેપારી જહાજો પણ આવવાની નથી. ચીન અહીંયા જાસુસી સિસ્ટમ ડેવલપ કરવા માગે છે. તે પોતાની એડવાન્સ મરિન સર્વેલન્સ સિસ્ટમ અને ઈલેક્ટ્રોનિક જાસુસી સિસ્ટમ અહીંયા લાગવી દેશે : મોંગલા બંદર ભારતના હાથમાંથી જતું રહેતા જ ભારતનો મલ્ટિ મોડલ ટ્રાન્ઝિટ પ્લાન ઠપ થઈ ગયો છે. અહીંયાથી જ આપણા ઉત્તર-પૂર્વના રાજ્યોનો તમામ માલસામાન સસ્તા ભાવે વિદેશોમાં જતો હતો. આ ઉપરાંત આ દરિયાઈ રસ્તે જ થાઈલેન્ડ, વિયેતનામ, ઈન્ડોનેશિયા જેવા બજારોમાં પણ ભારત પોતાની પહોંચ વધારવા માટે સજ્જ હતું પણ હવે આ સપનું તૂટી ગયું છે ચીન દાયકાઓથી ભારતને મિત્રતાની વાતો કરીને ફસાવી રહ્યો છે અને ભારત તેની જાળમાં ફસાતું પણ આવ્યું છે. અરુણાચલની જમીન હોય કે પછી લદાખના મેદાનો કે પછી ઘાટીઓ ચીને કાયમ ભારતને છેતર્યું છે. તેણે અત્યાર સુધી પાકિસ્તાનને પોતાનો હાથો બનાવેલો હતો. તેણે કંગાળ પાકિસ્તાનને અબજો રૂપિયાની લોન આપીને અને ત્યાં રોકાણ કરીને તેને ગુલામ બનાવી દીધું છે. હવે તેણે આવી જ રણનીતિ સાથે બાંગ્લાદેશને શકંજામાં લીધું છે. હકિકતે તે પાકિસ્તાન બાદ હવે બાંગ્લાદેશને ગુલામ બનાવીને ભારતી ઘેરાબંદી કરવા પ્રયાસ કરી રહ્યું છે. બંગાળની સાથે વેપાર, રોકાણ અને લોનના નામે તે એવી રણનીતિ બનાવી રહ્યું છે કે, ભારતને બંગાળની ખાડીમાં અને તેના પૂર્વત્તોર રાજ્યોને સરળતાથી નુકસાન પહોંચાડી શકાય. હાલમાં સૌથી મોટી ચિંતા મોંગલા બંદરની છે. અહેવાલો પ્રમાણે બાંગ્લાદેશે આ બંદરની ૧૧૦ એકર જમીન ઈકોનોમિક ઝોનના નામે ચીની સરકારી કંપનીને આપી દીધી છે. આશ્ચર્યની વાત એ છે કે, ૨૦૧૫ના સોદા પ્રમાણે આ જગ્યા ભારતને આપવાનું નક્કી થયું હતું પણ બાંગ્લાદેશની નવી સરકારે વિશ્વાસઘાત કરીને ચીનને આ જગ્યા ભેટ ધરી દીધી છે. આપણા સુરક્ષા અધિકારીઓ હવે જણાવે છે કે, મોંગલા અને ચટગાંવ બંદરો ચીનને આપવા પાછળ માત્ર વેપાર કારણ નથી. ચીન અહીંયા જે આધુનિક ક્રેન અને લોજિસ્ટિક ડેવલપમેન્ટ કરી રહ્યુ છે તે બંગાળની ખાડીમાંથી પસાર થતા દરેક જહાજ અને સામાનની તથા સૈન્ય સપ્લાયની પણ પળેપળની માહિતી મેળવવા માગે છે. તે વેપારના નામે ભારતની જાસુસી કરવા માગે છે. જાસુસીનો ભય માત્ર દરિયામાં જ નથી. તે બાંગ્લાદેશમાં રહીને ભારતીય સેનાના સિગ્નલોની પણ જાસુસી કરી શકે છે. તે એવા ઈલેક્ટ્રોનિક ડિવાઈસ લગાવી શકે છે જે પશ્ચિમ બંગાળના સુકનામાં આવેલા આપણા સૈન્યના રેડિયો અને રડાર સિગ્નલો સરળતાથી પકડી લે. ઉલ્લેખનીય છે કે, ભારતે ઘણા સમયતી જે એક્ટ ઈસ્ટ પોલિસી બનાવી છે અને પૂર્વની સુરક્ષાના જે ચક્રવ્યૂહ તૈયાર કર્યો છે તેને બાંગ્લાદેશ અને ચીનની આ મિલિભગતથી મોટો ઝાટકો લાગી શકે તેમ છે. બાંગ્લાદેશે જે રીતે એકાએક પોતાની પોલિસીઓ બદલીને મોંગલા પોર્ટ ભારતના બદલે ચીનને આપી દીધો તે જણાવે છે કે, ચીનના પૈસા આગળ બાંગ્લાદેશ વેચાઈ ગયું છે. તેણે મોંગલા, ચટગાંવ ખાતે ચીનને રડાર અને સોનાર સિગ્નલના પરમેનન્ટ ઠેકાણા આપી દીધા છે. સ્થિતિ એવી થઈ છે કે, હવે કોલકાતાથી હલ્દિયા સુધી ચીન સરળતાથી ભારત ઉપર જાસુસી કરી શકશે. આ સિવાય કોલકાતા કે વિશાખાપટ્ટનમથી કોઈ જહાજ કે



સૈન્ય જહાજ નીકળશે તો ચીન સરળતાથી તેને ટ્રેસ કરી શકશે અને તેની તમામ ગતિવિધિઓ ઉપર નજર રાખી શકશે. મહત્ત્વની વાત એ છે કે, બાંગ્લાદેશે એકાએક ચીનને જે ભેટ આપી દીધી છે તે ભારત માટે અત્યંત જોખમી છે. ચાઈના સિવિલ એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન નામની ચીની સરકારી કંપની દ્વારા મોંગલા પોર્ટનું ડેવલપમેન્ટ અને કન્ટ્રોલનું કામ લેવામાં આવ્યું છે. આ લોકેશન ચીન પાસે જવાથી તેના ભયસ્થાનો મોટાપાયે વધી ગયા છે. આ જગ્યા ભારતના કોલકાતાથી માત્ર ૮૦ કિ.મી દૂર આવેલી છે. ભારતીય સરહદની આટલી નજીક ખંધા ચીનની એન્ટ્રી ઘણા સમીકરણો બદલી શકે છે. જાણકારો માને છે કે, ચીન અહીંયા કોઈ માલગાડી ચલાવવાનું નથી કે વેપારી જહાજો પણ આવવાની નથી. ચીન અહીંયા જાસુસી સિસ્ટમ ડેવલપ કરવા માગે છે. તે પોતાની એડવાન્સ મરિન સર્વેલન્સ સિસ્ટમ અને ઈલેક્ટ્રોનિક જાસુસી સિસ્ટમ અહીંયા લાગવી દેશે. ચીની સેના કોલકાતા અને હલ્દિયા પોર્ટની તમામ જાણકારી મેળવી શકશે. એક સમયે ભારત માટે મિત્ર ગણાતું મોંગલા પોર્ટ હવે ચીની જાસુસીનો અડ્ડો બની જશે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ જાણકારો માને છે કે, તારિક રહેમાન સરકારે સમજી વિચારીને આ ગેમ પ્લાન બનાવ્યો છે. બાંગ્લાદેશ હવે કોઈપણ ભોગે ભારતના ટ્રાન્સપોર્ટ અને ટ્રાન્ઝિટ નેટવર્ક ઉપર પોતાની નિર્ભરતા ઓછી કરવા માગે છે. બાંગ્લાદેશ માને છે કે, ચીન દ્વારા કરોડો યુઆનનું રોકાણ કરીને મોંગલા પોર્ટને અત્યાધુનિક બનાવી દેવાશે. તેના પગલે તે કોલકાતા પોર્ટને ઠેંગો બતાવવા માગે છે. તે પોતાનો તમામ વૈશ્વિક વેપાર હવે ચીનના ઈશારે ચાલતા સામુદ્રિક રસ્તે જ કરવા સજ્જ થઈ ગયું છે. તેના કારણે જ તેણે મોંગલા પાસે ૧૧૦ એકર જમીન પણ ચીની કંપનીને રિઝર્વ કરીને આપી દીધી છે. ચીનના લોકો અને ખાસ કરીને સૈનિકો અને મજૂરોને બાંગ્લાદેશમાં લાવવા અને ત્યાં રોકાવા માટે બાંગ્લાદેશે પોતાની સ્થાનિક સ્કૂલોમાં ચીની ભાષા શીખવવાની શરૂઆત કરાવી દીધી છે. હકિકતે આ આંતરરાષ્ટ્રીય કૂટનીતિ નહીં પણ ચીનની રીતસરની ગુલામી જ છે. ચિંતાજનક વાત એ છે કે, મોંગલા બંદર ભારતના હાથમાંથી જતું રહેતા જ ભારતનો મલ્ટિ મોડલ ટ્રાન્ઝિટ પ્લાન ઠપ થઈ ગયો છે. ભારત વરસોથી પોતાની એક્ટ ઈસ્ટ પોલિસી હેઠળ મોંગલાને પોતાના જાદુઈ રસ્તા જેવું મનાતું હતું. અહીંયાથી જ આપણા ઉત્તર-પૂર્વના રાજ્યોનો તમામ માલસામાન સસ્તા ભાવે વિદેશોમાં જતો હતો. આ ઉપરાંત આ દરિયાઈ રસ્તે જ થાઈલેન્ડ, વિયેતનામ, ઈન્ડોનેશિયા જેવા બજારોમાં પણ ભારત પોતાની પહોંચ વધારવા માટે સજ્જ હતું પણ હવે આ સપનું તૂટી ગયું છે. ભારતે જે અબજો રૂપિયાનું રોકાણ અહીંયા કર્યું હતું તેની સામે અનેકગણું રોકાણ ચીને કરીને બાંગ્લાદેશ પાસેથી મનમાની કરાવવાનું શરૂ કરી દીધું છે. તેના કારણે જ ભારતની ઈસ્ટ બિઝનેસ પોલિસીને પણ વ્યાપક નુકસાન જાય તેવું દેખાઈ રહ્યું છે. ચીન માત્ર એક જ બંદર લઈને શાંત નથી બેસી રહ્યું. તેણે ભારતને ચારે તરફથી ઘેરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તેણે ભારતના પૂર્વોત્તરના રાજ્યોનો સકંજો કસવાની શરૂઆત કરી હોય તેમ દેખાઈ રહ્યું છે. જેવું બાંગ્લાદેશ તેને ઘુંટણીયે પડયું કે તેણે તરત જ તીસ્તા નદી ઉપર એક વિવાદિત અને વિશાળ ડેમ બનાવવાની કામગીરીની ઝડપ વધારી દીધી છે. તીસ્તા નદીનું પાણી ભારત માટે કેટલું મહત્ત્વનું છે તે ચીન જાણે છે તેથી જ તેણે આ જગ્યા દબાવવા માટે આ મેલી મથરાવટી ઘસી છે. આ ઉરપાંત તેણે ચીન-મ્યાંમાર-બાંગ્લાદેશ ઈકોનોમિક કોરિડોરની કામગીરીમાં પણ તેજી લાવી દીધી છે. તે દરિયા, નદી અને રસ્તા દ્વારા ભારતની પૂર્વી સરહદોને ઘેરવા માગે છે. ત્યાં તે પોતાના રસ્તા, રડાર, બ્રિજ, મિલિટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવીને ભારત માટે મોટા પડકારોનું સર્જન કરી રહ્યું છે. હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે, બાંગ્લાદેશ હવે ભારતનું મિત્ર નથી. તે ચીની પૈસા આગળ ઘુંટણીયે પડી ગયું છે. તેના માટે તેણે ચીનને ભારતની સરહદોની નજીકના વિસ્તારો ભેટ ધરી દીધા છે. ભારતની કૂટનીતિ અને વિદેશનીતિ નહીં સુધરે તો મોટું નુકસાન થશે ભારતની નેબરહુડ ફર્સ્ટની નીતિને પગલે બાંગ્લાદેશે ઘણું નુકસાન કર્યું છે. હજી પણ તે મોટું નુકસાન કરવાની ફિરાકમાં છે. ભારતમાં જે રીતે છેલ્લાં એક દાયકાથી વિદેશનીતિ અને કૂટનીતિની સ્થિતિ ખરાબ થયેલી છે તેના પગલે ભારતની વૈશ્વિક અસરો ઘટી ગઈ છે. ભારતની જે છબી હતી, ભારતની વાતનું જે વજન પડતું હતું તેમાં ઘણો ઘટાડો જોવા મળી રહ્યો છે. ભારતની વિદેશનીતિની નિષ્ફળતાના પાપે હવે સ્થાનિક ધોરણે પણ ઘણા પડકારો ઊભા થવા લાગ્યા છે. હાલમાં બાંગ્લાદેશે જે ચીન સાથે સોદા કર્યા છે તેના પગલે ભારતને હવે માત્ર સરહદ સુરક્ષિત કરવાથી કોઈ લાભ થવાનો નથી. ભારતે હકિકતે તો રાજકીય ચર્ચા, આથક સહયોગ અને જનસંપર્ક સ્તરે બાંગ્લાદેશને પોતાની તરફ ખેંચી લેવું જોઈએ. પાડોશી દેશો જે રીતે ધીમે ધીમે ભારતના વિરોધીઓ સાથે જોડાઈ રહ્યા છે તે અત્યંત જોખમી સ્થિતિ છે. તેમાંય બાંગ્લાદેશે જે રીતે જેએફ-૧૭ સોદો કર્યો છે તે સાઉથ એશિયામાં સૌથી મોટું શક્તિ સંતુલન વિખેરી શકે છે. ભારત માટે એક સમયે આ વિમાન પણ મોટો ખતરો નથી પણ પાડોશમાં રહેલા મિત્રના નામે શત્રુઓના ગુલામો વધારે જોખમી છે. તેણે તાકીદે રણનીતિ બદલીને ભારતને સાથ આપવો પડશે તેવું દબાણ લાવવું પડશે નહીંતર ભારતને ખૂબ જ નુકસાન જશે. ચીન હવે બાંગ્લાદેશની સેના ઉપર પણ કન્ટ્રોલ ઈચ્છી રહ્યું છે સ્પષ્ટપણે જાણકારો માને છે કે, ચીનની રણનીતિ માત્ર રોકાણ કરવાની કે પ્રોજેક્ટ શરૂ કરવાની હોતી નથી. તે બાંગ્લાદેશને મોટાપાયે હથિયારો પણ વેચે છે. બીજી તરફ આવા રોકાણ કરીને, પ્રોજેક્ટ વિકસાવીને તે બાંગ્લાદેશ ઉપર લાંબા સમય સુધી પોતાનો પ્રભાવ વધારવા માગે છે. બાંગ્લાદેશ ઘણા વખતથી ચીની હથિયારો ખરીદી રહ્યું છે. હાલમાં પણ બાંગ્લાદેશની નૌસેનામાં ચીની સબમરીન, ફ્રિગેટ્સ અને કોર્વેટ્સ છે. તે ઉપરાંત બાંગ્લાદેશની સેના પાસે જે હથિયારો છે તેમાંથી મોટાભાગના હવે ચીની હથિયારો થઈ ગયા છે. એક અહેવાલ જણાવે છે કે, જો હવે બાંગ્લાદેશ ચીન-પાકિસ્તાનના જેએફ-૧૭ ઉપર આધાર રાખવા લાગે તો બાંગ્લાદેશની એરફોર્સ ઉપર પણ તેનો કબજો થઈ જશે. આ રીતે બાંગ્લાદેશના સૈન્યની તમામ પાંખ ઉપર ચીનનો કબજો વધારે મજબૂત થશે. ધીમે ધીમે આ તમામ સાધનો લીધ બાદ તેના સ્પેરપાર્ટ્સ, સોફ્ટવેર અપડેશન, ટ્રેનિંગ અને મેન્ટેનન્સ માટે બાંગ્લાદેશે ફરજિયાત ચીન ઉપર જ આધાર રાખવો પડશે. તેના થકી ચીન ભારતની નજીક આવેલી સરહદો ઉપર પોતાની સૈન્ય પકડ મજબૂત બનાવી લેશે. જે ભવિષ્યમાં ભારત માટે મોટો પડકાર બની શકે છે. જાસૂસીનો ખતરો: લેખ અનુસાર, ચીનનું ધ્યાન માત્ર વેપાર પર નથી, પરંતુ તે આ બંદરો પર 'એડવાન્સ મરિન સર્વેલન્સ' અને 'ઈલેક્ટ્રોનિક જાસૂસી સિસ્ટમ' સ્થાપિત કરવા માગે છે. આ સિસ્ટમ્સ દ્વારા ભારતની સૈન્ય ગતિવિધિઓ, ખાસ કરીને પશ્ચિમ બંગાળ (સુકના) ના રેડિયો અને રડાર સિગ્નલો તેમજ કોલકાતા-હલ્દિયા અને વિશાખાપટ્ટનમથી પસાર થતા ભારતીય જહાજો પર નજર રાખવી સરળ બનશે.

સૈન્ય મજબૂતીકરણ: બાંગ્લાદેશનું ચીની હથિયારો, સબમરીન અને ફ્રિગેટ્સ પર વધતું નિર્ભરતા તથા જેએફ-૧૭ જેવા યુદ્ધવિમાનોના સોદા ભારત માટે દક્ષિણ એશિયામાં શક્તિ સંતુલન બગાડી શકે છે.

આર્થિક અને વ્યૂહાત્મક અસરો

મલ્ટિ-મોડલ ટ્રાન્ઝિટ પ્લાન: મોંગલા બંદર પર ચીની કંપની (ચાઈના સિવિલ એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન) નું વર્ચસ્વ આવવાથી ભારતનો પૂર્વોત્તર રાજ્યો માટેનો ટ્રાન્ઝિટ પ્લાન ખોરવાઈ શકે છે. આ રસ્તો ભારત માટે થાઈલેન્ડ, વિયેતનામ અને ઈન્ડોનેશિયા જેવા બજારો સુધી પહોંચવાનો ટૂંકો અને સસ્તો માર્ગ હતો.

વ્યૂહાત્મક ઘેરાબંદી: ચીન પાકિસ્તાન બાદ હવે બાંગ્લાદેશને પણ લોન અને રોકાણના જાળમાં ફસાવીને ભારતને ચારે બાજુથી ઘેરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તીસ્તા નદી પર ડેમ બનાવવો અને ચીન-મ્યાંમાર-બાંગ્લાદેશ ઈકોનોમિક કોરિડોર જેવી યોજનાઓ આ રણનીતિનો જ ભાગ માનવામાં આવે છે.

વિદેશનીતિનું પુનઃમૂલ્યાંકન: લેખ સૂચવે છે કે ભારતની 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ અને હાલની રાજદ્વારી સ્થિતિમાં સુધારાની જરૂર છે. માત્ર સરહદી સુરક્ષા પૂરતું સીમિત રહેવાને બદલે, આર્થિક સહયોગ અને મજબૂત જનસંપર્ક દ્વારા પાડોશી દેશો સાથેના સંબંધો સુધારવા અનિવાર્ય છે.

વૈશ્વિક પ્રભાવ: ચીનના વધતા નાણાકીય દબાણને કારણે પડોશી દેશો ભારતથી દૂર થઈ રહ્યા છે, જે ભારતની વધતી જતી મુશ્કેલીઓનો સંકેત આપે છે.

આ લેખ સ્પષ્ટ કરે છે કે બાંગ્લાદેશમાં ચીનનો પ્રવેશ માત્ર આર્થિક નથી, પરંતુ તે ભારત માટે એક લાંબાગાળાની ભૂ-રાજકીય (Geopolitical) અને સુરક્ષાત્મક પડકાર છે. ભારતે પોતાની પૂર્વની સુરક્ષા અને 'એક્ટ ઈસ્ટ પોલિસી'ને મજબૂત કરવા માટે તાત્કાલિક અસરકારક વ્યૂહરચના બનાવવી પડશે.

# ભારતની એકતા અને પ્રગતિ માટે સમર્પિત જીવન

આજે, 6 જુલાઈનો દિવસ રાષ્ટ્રવાદ અને નિઃસ્વાર્થ સેવાના આદર્શોને હૃદયથી માનનારા અસંખ્ય લોકો માટે વિશેષ મહત્વ ધરાવે છે. આજે આપણે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની 125મી જન્મજયંતિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. જેમનું જીવન મા ભારતી પ્રત્યેની હિંમત અને અતૂટ પ્રતિબદ્ધતાનું એક શાશ્વત ઉદાહરણ બની રહ્યું છે. આધુનિક ભારતમાં બહુ ઓછા નેતાઓએ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી જેટલી ઊંડાણપૂર્વક બુદ્ધિપ્રતિભા, જાહેર સેવા અને નૈતિક દ્રઢ વિશ્વાસના અવિરત સંગમને સાકાર કર્યો છે.યુવા શ્યામા પ્રસાદ મુખર્જીનો જન્મ એવા પરિવારમાં થયો હતો, જ્યાં તેમને સુખ-સુવિધાસભર અને સુરક્ષિત જીવન સરળતાથી મળી શકતું હતું. તેમના પિતા સર આશુતોષ મુખર્જી તેમના સમયના અગ્રણી શિક્ષણવિદ્ અને પ્રખર બુદ્ધિજીવી હતા. તેમ છતાં, ભાગ્યે તેમને વિશેષાધિકારોનો માર્ગ આપ્યો હોવા છતાં, તેમનો અંતરાત્મા તેમને બલિદાન અને રાષ્ટ્ર સેવાના માર્ગ તરફ દોરી ગયો. તેઓ દ્રઢપણે માનતા હતા કે તેઓ તેમના સમયની ઉથલપાથલના મૂક પ્રેક્ષક બનીને ન રહી શકે, પછી તે સંસ્થાનવાદ, કોમવાદ, માનવતાવાદી પડકારો અને અન્ય બાબતો સામે લડવાનું કેમ ન હોય. જીવનની આ સફર દરમિયાન તેમણે અનેક ગંભીર વ્યક્તિગત આઘાતો પણ સહન કર્યા. તેમણે પોતાનું બાળક અને પછીથી તેમની પત્નીને ગુમાવવા સહિતની ઊંડી અંગત કરૂણાંતિકાઓ સહન કરી. છતાં, આ કરૂણાંતિકાઓએ તેમના સંકલ્પને વધુ ઊંડો બનાવ્યો અને સેવા કરવાની તેમની અતૂટ પ્રતિબદ્ધતાને મજબૂત કરી.જો કોઈ એક આદર્શે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના જાહેરજીવનને સૌથી વધુ વ્યાખ્યાયિત કર્યો હોય, તો તે ભારતની અખંડિતતા પ્રત્યેની તેમની અડગ પ્રતિબદ્ધતા હતી. પશ્ચિમ બંગાળ ભારતનો અભિન્ન ભાગ રહે તે સુનિશ્ચિત કરવા માટે તેઓ વિભાજનની ઉથલપાથલ દરમિયાન મક્કમ રહ્યા હતા. થોડા વર્ષો પછી, તે જ દ્રઢ વિશ્વાસ તેમને જમ્મુ અને કાશ્મીર તરફ દોરી ગયો. જેલવાસ તેમને અટકાવી શક્યો નહીં અને એકલતા પણ તેમના મનોબળને નબળું પાડી શકી નહીં. અસંખ્ય લોકોના હિતને પોતાનું ધ્યેય બનાવનાર આ મહાન વ્યક્તિત્વનું જીવન અટકાયતમાં અચાનક સમાપ્ત થયું. ઈતિહાસમાં કેટલીક એવી ક્ષણો આવે છે, જ્યારે કોઈ વ્યક્તિનું સર્વોચ્ચ બલિદાન રાજકારણની સીમાઓને વટાવીને રાષ્ટ્રીય સ્મૃતિનો ભાગ બની જાય છે. ડૉ. મુખર્જીની અંતિમ યાત્રા પણ આવી જ એક ઐતિહાસિક ક્ષણ તરીકે યાદ કરવામાં આવે છે. આચાર્ય વિનોબા ભાવેએ જણાવ્યું હતું કે ડૉ. મુખર્જીએ એવા હેતુ માટે પોતાનું બલિદાન આપ્યું જેમાં તેઓ શ્રદ્ધા ધરાવતા હતા. વર્ષો પછી, 2019માં કલમ 370 અને 35(A) નાબૂદ કરવી એ તેમની શહાદત માટે સૌથી યોગ્ય શ્રદ્ધાંજલિ હતી.ડૉ. મુખર્જીએ ઈન્ડિયા ફર્સ્ટ (ભારત સર્વોપરી) અને ભારતીય મૂલ્યોને પ્રથમ સ્થાન આપ્યું. અને તેમણે તે સમયની પરંપરાગત માનસિકતાને પડકારતી સંસ્થાઓનું નિર્માણ કરીને અને પ્રણાલીઓનું સંવર્ધન કરીને કર્યું. તેઓ કલકત્તા યુનિવર્સિટીના સૌથી યુવા વાઈસ ચાન્સેલર બન્યા. તેમની અનન્ય શૈલીમાં, તેઓ હકારાત્મક ફેરફારો લાવ્યા જે દેશભક્તિથી સભર અને ભવિષ્યવાદી હતા. શિક્ષણવિદોની એક પરિષદને સંબોધતા, ડૉ. મુખર્જીએ ખૂબ જ સુંદર રીતે કહ્યું હતું કે, "શૈક્ષણિક સંસ્થાઓને સંભવિત ક્લાર્ક અને ઓછા પગારવાળા સ્ટાફ ઊભા કરતી ફેક્ટરીઓ તરીકે જોવી તે ખોટું છે. આપણે એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવાના છે જેઓ આપણી સ્વાયત્ત સંસ્થાઓ, જેવી કે મ્યુનિસિપલ કોર્પોરેશન, પ્રાંતીય અને કેન્દ્રીય ધારાસભાઓને નેતૃત્વ પૂરું પાડવા માટે સક્ષમ હોય અને જીવનના વિવિધ ક્ષેત્રો જેવા કે નાણાકીય, વ્યાપારી અને ઔદ્યોગિક ક્ષેત્રોની બાબતોનું સંચાલન કરવા માટે પણ સક્ષમ હોય."તેમના નેતૃત્વ હેઠળ, કલકત્તા યુનિવર્સિટીએ લાયબ્રેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવો, વિજ્ઞાનમાં સંશોધનને પ્રોત્સાહન આપવું, કલાકૃતિઓના અભ્યાસને પ્રોત્સાહિત કરવો અને કૃષિ ક્ષેત્રે અભ્યાસક્રમો શરૂ કરવા જેવા કેટલાક અનન્ય પ્રયાસો હાથ ધર્યા. તેમણે રમતગમત, શિક્ષક પ્રશિક્ષણ અને વિદ્યાર્થી કલ્યાણ જેવા ક્ષેત્રો તરફ ધ્યાન દોર્યું. વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં ગૌરવની ભાવના જગાડવા માટે, તેમણે 24મી જાન્યુઆરીને યુનિવર્સિટીના સ્થાપના દિવસ તરીકે ઉજવવાની પ્રથા શરૂ કરી હતી. તેમણે અન્ય કોઈને નહીં પરંતુ ગુરુદેવ ટાગોરને યુનિવર્સિટી માટે એક ગીત કંપોઝ કરવા વિનંતી કરી હતી.આ ભાવનાનું બીજું એક ઉદાહરણ તેમના જીવનના પછીના ભાગમાં જોઈ શકાય છે, જ્યારે તેમણે ભારતીય જનસંઘની સ્થાપના કરવાનો નિર્ણય લીધો હતો. એવા સમયે જ્યારે કોંગ્રેસ પક્ષ સર્વવ્યાપી હતો, ત્યારે તેમને લાગ્યું કે ભારતના વિકાસની વકાલત કરે અને સાથે સાથે દેશના સાંસ્કૃતિક મૂળ સાથે જોડાયેલો રહે એવો વૈકલ્પિક રાજકીય અવાજ હોવો અત્યંત જરૂરી છે. કદાચ એ જ કારણસર પક્ષના ચૂંટણી પ્રતીક તરીકે દીવો પસંદ કરવામાં આવ્યો હતો. માટીનો એક નાનો દીવો ભલે સામાન્ય લાગે, પરંતુ તેની પાસે પોતાની ક્ષમતાથી અનેકગણો અંધકાર દૂર કરવાની શક્તિ હોય છે. ભારતીય જનસંઘે પણ પોતાના સક્રિય કાર્યકાળ દરમિયાન અને ત્યારબાદ પણ આ જ ભાવનાને સાર્થક કરી હતી.ભારતના પ્રથમ ઉદ્યોગ અને પુરવઠા મંત્રી તરીકે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીનો કાર્યકાળ એક એવા રાજનેતાને પ્રગટ કરે છે જેમની વિકાસની વિભાવના નોંધપાત્ર રીતે વ્યાપક અને માનવીય હતી. તેઓ ઉદ્યોગને માત્ર આર્થિક વિકાસનું સાધન નહીં, પરંતુ નવા સ્વતંત્ર બનેલા રાષ્ટ્રમાં ગૌરવ, તકો અને આત્મવિશ્વાસ પુનઃસ્થાપિત કરવાના માધ્યમ તરીકે જોતા હતા. તેઓ સંપત્તિના સર્જન અને મૂલ્યવર્ધનના દ્દઢ સમર્થક હતા. દામોદર વેલી કોર્પોરેશન, સિંદરી ફર્ટિલાઈઝર પ્લાન્ટ અને મજબૂત ઔદ્યોગિક નીતિ જેવી અગ્રણી પહેલો દ્વારા આધુનિક ઔદ્યોગિક ભારતનો પાયો નાખતી વખતે, તેમણે સાથે સાથે એ પણ સુનિશ્ચિત કર્યું કે ભારતની પરંપરાગત શક્તિઓની ઉપેક્ષા ન થાય. હેન્ડલૂમ, કુટિર ઉદ્યોગો, કારીગરો અને કાપડ કામદારોને તેમનામાં સમાન રીતે પ્રતિબદ્ધ હિમાયતી મળ્યા. અહીં, હું એક વ્યક્તિગત અનુભવ શેર કરવા માંગુ છું. સિંદરી પ્લાન્ટ, જેને ડૉ. મુખર્જીએ આત્મનિર્ભરતાના સ્પષ્ટ વિઝન સાથે સ્થાપવા માટે કામ કર્યું હતું, તેની દેશ ચલાવનારાઓ દ્વારા કેટલાક દાયકાઓ સુધી ઉપેક્ષા કરવામાં આવી હતી. હું સન્માનિત અનુભવું છું કે અમારી સરકારને તેના પુનરુત્થાનમાં યોગદાન આપવાની તક મળી. તે કાર્યક્રમ માટે ત્યાં હાજર રહેવું ખરેખર સૌથી વિશેષ ક્ષણોમાંની એક હતી.ભારતની સંસ્કારી પરંપરાએ લાંબા સમયથી સંવાદ અને ચર્ચાઓની ઉજવણી કરી છે. ડૉ. મુખર્જીએ આ લોકશાહી ભાવનાને સાકાર કરી હતી. તેઓ પંડિત નહેરુની કેબિનેટમાં જોડાયા હતા, એમ માનીને કે શરૂઆતના વર્ષોમાં રાષ્ટ્ર નિર્માણનું કાર્ય રાજકીય મતભેદોથી ઉપર છે. તેમણે નિષ્ઠા અને રચનાત્મક ભાવનાથી સેવા આપી હતી. પરંતુ જ્યારે તેમને લાગ્યું કે રાષ્ટ્રીય મહત્વના પ્રશ્નો માટે અલગ માર્ગની જરૂર છે, ત્યારે તેમણે ગૌરવપૂર્વક પદ છોડી દીધું અને દેશહિતમાં જરૂરી હોવાનું તેઓ માનતા હતા તેવા રાજકીય કાર્ય માટે સંપૂર્ણ સમર્પિત થઈ ગયા.75 વર્ષ પહેલાં પંડિત નેહરુએ પ્રથમ સુધારો રજૂ કર્યો હતો, જેને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર સીધો પ્રહાર માનવામાં આવ્યો હતો. ડૉ. મુખર્જી તેના સૌથી પ્રખર વિવેચકોમાંના એક હતા. તેઓ કોંગ્રેસ શું કરી શકે છે તેની સંપૂર્ણ સમજ ધરાવતા હતા અને સમય જતાં તેમની આ ચેતવણી સાચી પણ સાબિત થઈ. 75 વર્ષ પહેલાં પ્રથમ બંધારણીય સુધારો લાવનારી કોંગ્રેસે 1975માં દેશમાં કટોકટી લાદી હતી અને 50 વર્ષ પહેલાં 42મો બંધારણીય સુધારો અમલમાં મૂક્યો હતો, જેને ફરી એકવાર ઉદાર લોકશાહી મૂલ્યોના મૂળભૂત સિદ્ધાંતો પર પ્રહાર તરીકે જોવામાં આવ્યો.ડૉ. મુખર્જી તેમના માનવતાવાદી પ્રયાસો માટે પણ અલગ તરી આવતા હતા. જ્યારે 1943માં બંગાળમાં સૌથી ભયાનક દુષ્કાળ પડ્યો ત્યારે ડૉ. મુખર્જી પ્રભાવિત લોકોની સેવામાં લીન થઈ ગયા હતા. તેમણે સુનિશ્ચિત કર્યું કે લોકોને ભોજન કરાવવા માટે અસંખ્ય કેન્ટીન અને રાહત કેન્દ્રો ખોલવામાં આવે. એક તરફ, તેઓ પોતાના લોકોની દુર્દશાથી ખૂબ જ હચમચી ગયા હતા, તો બીજી તરફ, તેઓ વસાહતી શાસકોની અસંવેદનશીલતાથી નારાજ હતા. તેમણે એક પુસ્તક પણ લખ્યું, 'પંચાશેર મનવંતર', જેમાં તેમણે પોતાની વેદના વ્યક્ત કરી હતી. જ્યારે 1942માં મેદિનીપુરમાં સુપર સાયક્લોન આવ્યું ત્યારે સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા માટેના તેમના પ્રયાસો વ્યાપકપણે પ્રશંસા પામ્યા હતા.કોલકાતાની એક કોલેજમાં બોલતા, ડૉ. મુખર્જીએ યુવાનોને આગ્રહ કર્યો હતો કે, "તમે જે પણ કામ હાથ લો, તે ગંભીરતાથી, સંપૂર્ણ રીતે અને સારી રીતે કરો; તેને ક્યારેય અડધું કે અધૂરું ન છોડો, જ્યાં સુધી તમે તમારું સર્વશ્રેષ્ઠ ન આપ્યું હોય ત્યાં સુધી ક્યારેય સંતુષ્ટ ન થાઓ." ભારત જ્યારે વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે આપણે તેમને આપી શકીએ તેવી સર્વશ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ એ છે કે તે મજબૂત, સંયુક્ત, આત્મવિશ્વાસુ અને કરુણાથી સભર ભારતનું નિર્માણ કરવા માટે દરરોજ પ્રયત્નશીલ રહીએ જેમાં તેઓ ખૂબ જ ગાઢ વિશ્વાસ ધરાવતા હતા. આજની યુવા પેઢીને જોઈને મને સંપૂર્ણ વિશ્વાસ છે કે તેઓ આ જવાબદારીને સફળતાપૂર્વક નિભાવશે અને આ સંકલ્પને સાકાર કરશે. ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીનું જીવન માત્ર રાજકારણ પૂરતું મર્યાદિત ન હતું, પરંતુ તે રાષ્ટ્રનિર્માણ, શિક્ષણ, અને માનવતાવાદી મૂલ્યોનું એક અનુપમ ઉદાહરણ છે. આપના લેખમાંથી ઉભરી આવતા મુખ્ય મુદ્દાઓ જે તેમની મહાનતાને વર્ણવે છે:



ત્યાગ અને રાષ્ટ્રનિષ્ઠા: એક સુખ-સુવિધાસભર પરિવારમાંથી હોવા છતાં, વ્યક્તિગત કરૂણાંતિકાઓ વચ્ચે પણ રાષ્ટ્રહિતને સર્વોપરી ગણીને બલિદાન આપવાની તેમની ભાવના અજોડ હતી.

અખંડ ભારતનો મંત્ર: 'એક દેશમાં બે નિશાન, બે વિધાન અને બે પ્રધાન ન ચાલે' - આ વિચારધારા સાથે તેમણે જમ્મુ અને કાશ્મીર માટે જે બલિદાન આપ્યું, તે ભારતની અખંડિતતાનો પાયો બન્યો. ૨૦૧૯માં કલમ ૩૭૦ અને ૩૫(A) નાબૂદ થવી એ તેમની શહાદતનું સાચું સન્માન છે.

શિક્ષણવિદ તરીકેની દ્રષ્ટિ: કલકત્તા યુનિવર્સિટીના સૌથી યુવા વાઈસ ચાન્સેલર તરીકે, તેમણે શિક્ષણને માત્ર ડિગ્રી મેળવવાનું સાધન નહીં, પણ રાષ્ટ્રને સક્ષમ નેતૃત્વ પૂરું પાડવાનું માધ્યમ બનાવ્યું.

ઔદ્યોગિક ભારતનો પાયો: પ્રથમ ઉદ્યોગ મંત્રી તરીકે તેમણે દામોદર વેલી કોર્પોરેશન અને સિંદરી ફર્ટિલાઈઝર પ્લાન્ટ જેવા પ્રોજેક્ટ્સ દ્વારા ભારતની આત્મનિર્ભરતાનું સપનું જોયું હતું, જે આજે પણ પ્રસ્તુત છે.

લોકશાહી મૂલ્યો: પંડિત નેહરુની કેબિનેટમાં રાષ્ટ્રહિત માટે જોડાયા અને જ્યારે મૂલ્યોની વાત આવી ત્યારે ગૌરવપૂર્વક રાજીનામું આપીને વૈકલ્પિક રાજકીય વિચારધારા (ભારતીય જનસંઘ) ને જન્મ આપ્યો, જે તેમની નૈતિક દ્રઢતા દર્શાવે છે.

## નખત્રાણા તાલુકાના રવાપર અને નેત્રા ગામોમાં

# પીવાના પાણી અને રમતગમતની સુવિધાઓ માટેની માંગ કરતા જિ. પં.સદસ્યા નેહાબેન રૂપારેલ

મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના રવાપર અને મફતનગર-નેત્રા ગામોમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની ગંભીર સમસ્યા પ્રવર્તી રહી છે. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે તા. ૫/૬/૨૦૨૬ ના રોજ બંને ગામોની ગ્રામ સભામાં સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યા હતા.રવાપર ગ્રામ પંચાયત દ્વારા ગામમાં પીવાના પાણી માટે 2 નવા બોરવેલ, તેની સાથે જરૂરી મોટર-પેનલ અને પાંચ લાખ લીટર ક્ષમતાવાળો સ્ટોરેજ ટાંકો મંજૂર કરવા માંગ કરવામાં આવી છે. તેમજ મફતનગર-નેત્રા ગ્રામ પંચાયત દ્વારા મફતનગર ખાતે નવો બોર, મોટર અને પાઈપલાઈનની સુવિધા ઉપલબ્ધ કરાવવા ઠરાવ કરવામાં આવ્યો છે.આ બંને ગામોની માંગણીને ધ્યાને રાખી જિલ્લા પંચાયતના સભ્યશ્રી નેહા રૂપારેલે દયાપર અને નખત્રાણા સિંચાઈ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને લેખિત રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં પાણીની સમસ્યા દર વર્ષે વકરે છે, જેને ધ્યાને રાખી તાત્કાલિક પગલાં લઈ કાયમી ઉકેલ લાવવામાં આવે.

આ સાથે જ ગ્રામ્ય વિસ્તારના યુવાનોને રમતગમત માટે પ્રોત્સાહન મળે તે માટે રવાપર હાઈવે ખાતે અને નેત્રા ખાતે ગુમેશ્વર મંદિર પાસે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવાની માંગ પણ કરવામાં આવી છે. આ ગ્રાઉન્ડમાં શેડ, સ્ટેજ અને દર્શકો માટે બેસવાની વ્યવસ્થા સરકારશ્રીના નિયમો મુજબ કરવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.રવાપર વિસ્તારમાં મૂળભૂત સુવિધાઓનો અભાવ હોવાથી સ્થાનિક નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ માંગણીઓનો વહેલી તકે સકારાત્મક નિકાલ કરી ગ્રામજનોને રાહત આપવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## ભાવનગરમાં મ્યુલ એકાઉન્ટ કેસમાં છેલ્લા ૮ મહિનાથી ફરાર શખ્સ ઝડપાયો

ભાવનગર: મ્યુલ એકાઉન્ટ કેસમાં છેલ્લા આઠ મહિનાથી ફરાર શખ્સને રેન્જ સ્ટ્રાઈકીંગ ફોર્સની ટીમે મેઘાણી સર્કલ પાસેથી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રેન્જ સ્ટ્રાઈકીંગ ફોર્સની ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે,મ્યુલ એકાઉન્ટ કેસમાં છેલ્લા આઠ મહિનાથી ફરાર ભાવેશકુમાર મથુરદાસ ગાંધી (ઉં.વ. ૩૯, રહે. સુરત) ભાવનગરના મેઘાણી સર્કલ પાસે આવેલી સ્વીટ દુકાન નજીક તેના બનેવી સાથે ઉભો છે. જે બાતમીના આધારે રેન્જ સ્ટ્રાઈકીંગ ફોર્સની ટીમે દરોડો પાડી ભાવેશકુમાર મથુરદાસ ગાંધીને ઝડપી લીધો હતો.ઝડપાયેલા શખ્સને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે.

# ભાવનગર ગ્રામ્ય ડિવિઝનમાં ૩૪ લાખની વીજચોરી પકડાઈ



ભાવનગર : ભાવનગર PGVCL દ્વારા સતત છઠ્ઠા દિવસે વીજ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરાઈ. ભાવનગર ગ્રામ્ય ડિવિઝનના 7 સબ ડિવિઝનમાં 30 ટીમોએ પોલીસ સુરક્ષા સાથે 255 કનેક્શન તપાસ્યા. જેમાં 75 ગ્રાહકો રૂ. 34.61 લાખની વીજચોરી કરતા ઝડપાયા. વીજચોરો સામે દંડાત્મક કાર્યવાહી કરાઈ છે.- પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના ભાવનગર ગ્રામ્ય ડિવિઝનમાં વીજતંત્ર દ્વારા આજે વીજ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. સતત છઠ્ઠા દિવસે કરવામાં આવેલા વીજ ચેકિંગમાં ૭૫ કનેક્શનોમાં રૂા.૩૪ લાખની વીજચોરી પકડાઈ છે. વીજચોરીના કારણે પીજીવીસીએલને થતાં વીજલોસને સરભર કરવા માટે ભાવનગરમાં સતત છઠ્ઠા દિવસે વીજ ચેકિંગ ડ્રાઈવ યથાવત્ રહી છે. પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના ભાવનગર ગ્રામ્ય ડિવિઝન હેઠળ આવતા વરતેજ, વલ્લભીપુર, સણોસરા, સિહોર ટાઉન અને ગ્રામ્ય તથા નારી સબ ડિવિજનમાં વીજતંત્રની ૩૦ ટીમ દ્વારા આજે વહેલી સવારથી વીજ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૨૪૬ રહેણાંકી અને ૯ વાણિજ્ય મળી કુલ ૨૫૫ વીજ કનેક્શનો તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૭૨ રહેણાંકી અને ૩ વાણિજ્ય કનેક્શનો મળી કુલ ૭૫ કનેક્શનોમાં કુલ રૂા.૩૪.૬૧ લાખની વીજચોરી પરડાઈ હતી. વીજચોરી કરનારા ગ્રાહકો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનિય છે કે, વીજ ચેકિંગ કરવા જનારી ટીમો પર હુમલાના બનાવો બને છે ત્યારે વીજ ચેકિંગ કરનારી વીજતંત્રની ૩૦ ટીમ સાથે એસઆરપી, જીયુવીએનએલ પોલીસ, સ્થાનિક પોલીસ પણ જોડાઈ હતી.

## ગોત્રી બ્રીજની ડિઝાઇન તૈયાર થાય નહીં અને નવી રોડ લાઇનના અમલ સુધી સર્વપલ્લી રાધાકૃષ્ણન શાળાનું બાંધકામ અટકાવ્યું

વડોદરા : નવો બ્રિજ બાંધવામાં આવનાર છે ત્યારે ગોત્રી વિસ્તારમાં આવેલી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન શાળાના મકાનનું નવું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે તે બ્રિજને નડતરરૂપ થાય તેવી શક્યતાઓ રહેલી છે જેને ધ્યાનમાં રાખી કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ વિભાગે રોડ લાઈન અને બ્રિજની ડિઝાઈન તૈયાર થાય નહીં ત્યાં સુધી શાળાનું બાંધકામ અટકાવી દેવા સૂચના આપી છે.સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આ કામગીરી કરવામાં આવી રહી છે. શાળામાં 20 ઓરડા તૈયાર થશે હાલમાં આ નવા મકાનનું બાંધકામ શરૂ થઈ ગયું છે ચાર મહિના પહેલા તેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું અને હવે જ્યારે તેના પાયા બહાર આવ્યા છે ત્યારે કોર્પોરેશન દ્વારા અડચણ ઊભી થઈ છે ત્યારે આ શાળા નવી બાંધતા અગાઉ શિક્ષણ સમિતિના સત્તાવાળાઓએ રોડ લાઈનની શું પરિસ્થિતિ છે કે પછી ભવિષ્યનું કોઈ આયોજન છે કે નહીં તેની જાણકારી લીધા વિના જ શાળાનું નવું મકાન બાંધવાનો નિર્ણય લઈ લેવામાં આવ્યો હશે તેમ માનવામાં આવે છે. શાળાનું નવું મકાન બાંધવાની કામગીરી શરૂ થયાને જ્યારે ચાર મહિના થયા છે ત્યારે કોર્પોરેશન દ્વારા હાલની રોડલાઈનના અમલ માટે તથા નવા તૈયાર થનાર બ્રિજને આ મકાન નડતરરૂપ બનશે કે કેમ કેવી શક્યતાને આધારે કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ વિભાગે તાત્કાલિક અસરથી ગોત્રીની ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન શાળા અને શિક્ષણ સમિતિના સત્તાધીશોને મૌખિક સૂચના આપી હાલમાં આ શાળાનું બાંધકામ કરવું નહીં અને ભવિષ્યમાં થનાર બ્રિજ અને હાલની રોડલાઇનને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં બાંધકામ કરવાનું રહેશે

# ડાક્ટરના પિતા પર લાકડી વડે હુમલો, કાંડું તોડી જાનથી મારવાની ધમકી આપી

### ક્લિનિક બંધ કરાવવાની અને વધુ પૈસા લેવાના ખોટા આક્ષેપો સાથે શખ્સે આચર્યો આતંક

ભાવનગર : ભાવનગરના સીદસર ગામમાં મહાવીર ક્લિનિકના આસિસ્ટન્ટ નરેન્દ્રભાઈ વૈષ્ણવ પર સુરેશ ચાવડા નામના શખ્સે જીવલેણ હુમલો કર્યો. ક્લિનિક બંધ કરાવવાના અને વધુ પૈસા લેવાના ખોટા આક્ષેપો સાથે સુરેશે લાકડી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી. ઈજાગ્રસ્ત નરેન્દ્રભાઈને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. વરતેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.સીદસર ગામમાં આધેડના પુત્રનું દવાખાનું ચાલતું હોય ગામના શખ્સે ખોટી રીતે દવાખાનુ ચાલતુ હોય અને તુ માણસો પાસેથી વધારે પૈસાઓ લઈને ખોટી રીતે લુટે છો તેમ કહી શખ્સે ઉશ્કેરાઈ ડોક્ટરના પિતાને ફોનમાં ગાળો આપી દવાખાનામાં ઘૂસી લાકડી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી



આપી હતી. ભાવનગરના વરતેજ પોલીસ સ્ટેશન હેઠળના સીદસર ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સીદસર બસ સ્ટેન્ડ પાસે આવેલા 'મહાવીર ક્લિનિકદ માં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા ૫૫ વર્ષીય નરેન્દ્રભાઈ બંસીદાસ વૈષ્ણવ પર સ્થાનિક શખ્સે જીવલેણ હુમલો કરી જાનથી મારી નાખવાની ઘમકી આપી હતી. દરમિયાનમાં નરેન્દ્રભાઈના પુત્ર સિધ્ધાર્થનું દવાખાનું બંધ કરાવવાના ઈરાદે સુરેશ કાવાભાઈ ચાવડાએ અગાઉ ફોન પર ગાળો આપી ધમકી આપી હતી. સુરેશનું કહેવું હતું કે તમે લોકો દર્દીઓ પાસેથી વધુ પૈસા લો છો. તેમ કહી ગત તારીખ ૩ જુલાઈના રોજ સવારે સુરેશ કુંડલીવાળી લાકડી લઈને દવાખાનામાં ઘૂસી ગયો હતો અને નરેન્દ્રભાઈ પર હુમલો ગંભીર ઈજા પહોંચાડી હતી.આસપાસના લોકો દોડી આવતા નરેન્દ્રભાઈનો જીવ બચ્યો હતો, પરંતુ સુરેશએ 'હવે પછી આડોઅવળો થયો તો છરી મારી દઈશદ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટયો હતો. ઈજાગ્રસ્તને સારવાર માટે ભાવનગરની હોસ્પિટલમાં દાખલ કરાયા છે. વરતેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઉમરાળામાં યુરીનલ તોડી નાખ્યા બાદ કામગીરી ખોરંભે પડતા લોકોને હાલાકી



ઉમરાળા : ઉમરાળાના જવાહર ચોક નજીક ગઢના દરવાજા પાસે આવેલા જૂના યુરીનલ તોડી પાડયા પછી હજુ સુધી નવા યુરીનલનું બાંધકામ હાથ ન ધરી લોકોને ખુલ્લી જગ્યામાં શૌચક્રિયા કરવા મજબૂર કરનાર ઉમરાળા ગ્રામ પંચાયત દ્વારા અણઘડ વહીવટનો વધુ એક નમૂનો પ્રકાશમાં આવ્યો છે. ઉમરાળાના જવાહર ચોકથી શાકમાર્કેટ સુધીની બજારના ભાગને સી.સી.રોડ બનાવવા માટે ત્યાં રહેલ સીમેન્ટના બ્લોક કાઢવા ખોદાણ કર્યા પછી દોઢેક મહિનાથી ખોદી નાખેલ બજારના એ ભાગ પર સી.સી. રોડની કામગીરી શરૃ કરાઈ નથી. દરમિયાન બીજી જુલાઈથી વરસાદ શરૃ થઈ જતાં ખોદાયેલા રોડ પર પાણી ભરાવાથી બજારના વેપારીઓ,ગ્રાહકો અને રાહદારીઓ પારાવાર મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે.બજારના જે ભાગમાંથી બ્લોક કાઢી નાખ્યા છે તે ભાગ પર કરિયાણું, કટલેરી,વાસણ, ઈલેક્ટ્રીક, ઈલેક્ટ્રોનિક્સ સામાન, કપડાં વગેરેની મુખ્ય દુકાનો ઉપરાંત મસ્જિદ,શાકમાર્કેટ વગેરે આવેલ છે.આથી ત્યાં આખો દિવસ લોકોની સતત અવર-જવર રહે છે.આવા રસ્તા પર વરસાદના પાણી ભરાવાથી લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.ગ્રામ પંચાયત જો સમયસર કામ કરવા અસમર્થ હોય તો યુરીનલ અને બજારના રસ્તાને તોડી નાખી જે સુવિધા હતી તે છીનવી શા માટે લીધી તે બાબત અને પંચાયતનું આવું વલણ લોકોમાં ચર્ચાસ્પદ સાથે ટીકાપાત્ર બન્યું છે.

# વારસિયામાં ચાલતી ગેંગવોરના કારણે ફરીથી મારામારી: અલ્પુ સિન્ધી ગેંગના સાગરીત પર હરિ સિન્ધી સહિત ત્રણનો હુમલો

વડોદરા : વડોદરામાં ૭ દિવસ પૂર્વે રેસકોર્સ વિસ્તારમાં અલ્પુ સિન્ધી ગેંગના રવિ દેવજાની પર હરિ સિન્ધી અને તેના સાગરીતોએ હુમલો કર્યો હતો. 25 જૂને સવારે 4 વાગ્યે નટુભાઈ સર્કલ પાસે નાસ્તો કરતી વખતે આ ઘટના બની હતી. પૂર્વ અદાવતમાં હરિ સિન્ધી, સાહિલ રાજપૂત અને વિવેક કેવલાણીએ રવિને જાનથી મારી નાખવાની ધમકી આપી, સાહિલે પથ્થર વડે હુમલો કરતા રવિ લોહીલુહાણ થયો હતો.વારસિયામાં ચાલતી ગેંગવોરના પડઘા ૭ દિવસ પહેલા રેસકોર્સ વિસ્તારમાં પડયા હતા. જેમાં અલ્પુ સિન્ધી ગેંગના શખ્સ પર હરિ સિન્ધી અને તેના સાગરીતોએ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

હરણી વારસિયા રિંગરોડ દાજીનગર સોસાયટીમાં રહેતા રવિ બીમનદાસ દેવજાની બ્રેડનો ધંધો કરે છે. અકોટા પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે,ગત 25મી જૂને મળસ્કે ચાર વાગ્યે હું તથા મારો મિત્ર અર્જુન ઉર્ફે બલ્લે ઠાકુર કાર લઈને નટુભાઈ સર્કલ પાસે નાસ્તો કરવા ગયો હતો. રોડની સાઈડ પર કાર ઊભી રાખી અર્જુન નાસ્તો લેવા ગયો હતો. થોડીવાર પછી અર્જુને આવીને કહ્યું કે, હરિ સિન્ધી પણ અહીંયા નાસ્તો કરવા આવ્યો છે, તને બોલાવે છે. જેથી, હું નીચે ઉતરીને તેને મળવા ગયો હતો. ત્યાં હરિ સિન્ધી તથા સાહીલ રાજપૂત અને વિવેક ઉર્ફે બન્ની કેવલાણી પણ હતા. વિવેક અને સાહીલ સાથે અગાઉ મારે માથાકૂટ થઈ હોઈ તેની અદાવત રાખીને મારી સાથે ઉશ્કેરાઈને હરિ વાત કરવા લાગ્યો હતો. મેં તેને શાંતિથી વાત કરવા કહ્યું હતું. હરિ સિન્ધી તથા વિવેક મારી સાથે ઝઘડો કરવા લાગ્યા હતા. મને જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓ પૈકી સાહીલ રાજપૂતે મને પાછળથી મારા માથામાં પથ્થર મારી દેતા લોહીલુહાણ થઈને નીચે પડી ગયો હતો. ત્યારબાદ તેઓ ભાગી ગયા હતા.



## જીવિત વ્યક્તિનું નામકરણ નહીં કરવાના નિર્ણયનો ભંગ

# RSSના અગ્રણીના નામનો છેદ ઉડાવી દેવા શિક્ષણ સમિતિનો પ્રયાસ

વડોદરા: વડોદરા કોર્પોરેશન સંચાલિત શિક્ષણ સમિતિની અટલાદરા સ્થિત શ્યામા પ્રસાદ મુખર્જીનું નામકરણ છેલ્લા કેટલાક વર્ષોથી કરવામાં આવ્યું હતું. પરંતુ થોડા સમય પહેલા શિક્ષણ સમિતિના અધ્યક્ષ આદિત્ય પટેલ દ્વારા શિક્ષણ સમિતિના નિર્ણયને અભરાઈ પર ચડાવી દઈ શાળા સંકુલનું નવું નામ જીવતા હોય એવા સંત મહંત સ્વામીનું નામ આપવામાં આવતા ચર્ચાનો વિષય બન્યો છે. વડોદરા કોર્પોરેશન સંચાલિત શિક્ષણ સમિતિની શાળાઓ પહેલા નંબર આપવામાં આવ્યા હતા અને તમામ શાળાઓ નંબરથી ઓળખાતી હતી ત્યારબાદ ભાજપ સત્તા પર આવ્યું તેના દ્વારા શિક્ષણ સમિતિની તમામ શાળાનું નામકરણ કરવામાં આવ્યું તેમાં ખાસ કરીને જાણીતા લેખકો હોય કે પૂર્વ રાષ્ટ્રપતિ, આઝાદીની લડતમાં ભાગ લીધો હોય તેમજ સંત વ્યક્તિઓ જેઓ એ સમાજને ઘણું યોગદાન આપ્યું હોય તેવા નામાંકિત વ્યક્તિઓના નામ સાથે શાળાનું નામ જોડવામાં આવ્યા હતા.ત્યારબાદ શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે હાલના ધારાસભ્ય કેયુર રોકડિયા હતા ત્યારે કેટલાક જાણીતા હોય સમાજમાં યોગદાન આપ્યું હોય પરંતુ તેઓ હયાત જીવતા હોય તેવા વ્યક્તિનું નામ શાળા સાથે જોડવાનું નક્કી કરવામાં આવી રહ્યું હતું ત્યારે શિક્ષણ સમિતિના અધ્યક્ષ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો કે કોઈપણ જીવિત વ્યક્તિ હોય તેવા વ્યક્તિનું નામ શાળા સાથે જોડવું નહીં. તેમ છતાં તાજેતરમાં શિક્ષણ સમિતિના અધ્યક્ષ આદિત્ય પટેલ દ્વારા અચાનક શિક્ષણ સમિતિની તેમની મુદત પૂરી થવાની હતી તે પૂર્વે તાત્કાલિક સામાન્ય સભા બોલાવી તેમાં અગાઉ જે નિર્ણય કર્યો હતો તેનો ભંગ કરવામાં આવ્યો હતો.

શાળાની નામકરણ કરવાની જ્યારે કામગીરી થઈ હતી ત્યારે અટલાદરા વિસ્તારમાં આવેલી શિક્ષણ સમિતિ સંચાલિત શાળાનું નામ આર.એસ.એસ.ના અગ્રણી શ્યામાપ્રસાદ મુખર્જીની સાથે જોડીને નામકરણ કરવામાં આવ્યું હતું.

## નખત્રાણા તાલુકાના રવાપર અને નેત્રા ગામોમાં પીવાના પાણી અને રમતગમતની સુવિધાઓ માટેની માંગ કરતા જિ. પં.સદસ્યા શ્રીમતિ નેહાબેન રૂપારેલ

મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના રવાપર અને મફતનગર-નેત્રા ગામોમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની ગંભીર સમસ્યા પ્રવર્તી રહી છે. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે તા. ૫/૬/૨૦૨૬ ના રોજ બંને ગામોની ગ્રામ સભામાં સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યા હતા.રવાપર ગ્રામ પંચાયત દ્વારા ગામમાં પીવાના પાણી માટે 2 નવા બોરવેલ, તેની સાથે જરૂરી મોટર-પેનલ અને પાંચ લાખ લીટર ક્ષમતાવાળો સ્ટોરેજ ટાંકો મંજૂર કરવા માંગ કરવામાં આવી છે. તેમજ મફતનગર-નેત્રા ગ્રામ પંચાયત દ્વારા મફતનગર ખાતે નવો બોર, મોટર અને પાઈપલાઈનની સુવિધા ઉપલબ્ધ કરાવવા ઠરાવ કરવામાં આવ્યો છે.આ બંને ગામોની માંગણીને ધ્યાને રાખી જિલ્લા પંચાયતના સભ્યશ્રી નેહા રૂપારેલે દયાપર અને નખત્રાણા સિંચાઈ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને લેખિત રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં પાણીની સમસ્યા દર વર્ષે વકરે છે, જેને ધ્યાને રાખી તાત્કાલિક પગલાં લઈ કાયમી ઉકેલ લાવવામાં આવે.આ સાથે જ ગ્રામ્ય વિસ્તારના યુવાનોને રમતગમત માટે પ્રોત્સાહન મળે તે માટે રવાપર હાઈવે ખાતે અને નેત્રા ખાતે ગુમેશ્વર મંદિર પાસે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવાની માંગ પણ કરવામાં આવી છે. આ ગ્રાઉન્ડમાં શેડ, સ્ટેજ અને દર્શકો માટે બેસવાની વ્યવસ્થા સરકારશ્રીના નિયમો મુજબ કરવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

રવાપર વિસ્તારમાં મૂળભૂત સુવિધાઓનો અભાવ હોવાથી સ્થાનિક નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ માંગણીઓનો વહેલી તકે સકારાત્મક નિકાલ કરી ગ્રામજનોને રાહત આપવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. રવાપર ગ્રામ પંચાયતે પીવાના પાણીની સુવિધા માટે બે નવા બોરવેલ, જરૂરી મોટર-પેનલ અને પાંચ લાખ લીટરની ક્ષમતા ધરાવતો સ્ટોરેજ ટાંકો બનાવવાની માંગ કરી છે. તેવી જ રીતે, મફતનગર-નેત્રા ગ્રામ પંચાયતે મફતનગર ખાતે નવો બોર, મોટર અને પાઈપલાઈનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ઠરાવ કર્યો છે. આ બંને ગામોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, જિલ્લા પંચાયતના સભ્ય નેહા રૂપારેલે દયાપર અને નખત્રાણા સિંચાઈ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરીને આ મામલે તાત્કાલિક પગલાં ભરવા વિનંતી કરી છે.પાણીની સમસ્યાની સાથે સાથે રવાપર અને નેત્રા ગામના યુવાનોને પ્રોત્સાહન આપવા માટે રમતગમતની સુવિધાઓ વધારવાની પણ માંગ ઉઠી છે. રવાપર હાઈવે ખાતે અને નેત્રામાં ગુમેશ્વર મંદિર પાસે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવાની રજૂઆત કરવામાં આવી છે. આ ગ્રાઉન્ડમાં શેડ, સ્ટેજ અને દર્શકો માટે બેસવાની વ્યવસ્થા સરકારી નિયમો મુજબ કરવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# સ્મિત ના કાને પત્ની સ્પંદન નો મધુર ગીત ગણગણવા નો અવાજ...

સંગીત ક્લાસ માંથી ઘરે આવતા વેંત સ્મિત ના કાને પત્ની સ્પંદન નો મધુર ગીત ગણગણવા નો અવાજ ન પડતા એણે બેત્રણ વાર પત્ની ને બોલાવવી,

સ્પંદનઓ..સ્પંદન..સ્પંદન..

ડાર્લિંગ ક્યાં છો?

જલ્દી જલ્દી બહાર તારા માટે તારી મન પસંદ કંઈક લાવ્યો છું.

ઓરડા માં ચારેય બાજુ પ્રસરેલ ઓરડાની સુગંધના નશા માં ખોવાયેલ સ્મિત ધીમેથી બોલ્યો કે લાગે છે કે મોગરા ની ખુશ્બુ ફરી મને સ્પંદન ના ઈશ્ક માં પાગલ ન બનાવી નાખે,ક્યાં છો? આમ છુપાઈ છુપાઈ ને પ્રેમના બાણ ચાલવી ને ઘાયલ કરવાનું રહેવા દે આમ પણ તારો આ આશિક જન્મો જન્મથી તને પ્રેમ કરે છે.

ક્યાં છૂપાઈ છો?

આ મોગરા ના ફૂલો ની સુગંધ ઈર્ષાના માર્યા મને કેદ કરી લેશે તો..એ વધારે મહેક્યા કરે છે એટલે તો..સ્મિત ને સ્પંદન ના હાથ નો સ્પર્શ થતા એ બોલતા બોલતા અટકી ગયો.

સ્પંદન ના સ્નેહાળ હાથ નો સ્પર્શ થતા જ સ્મિત બોલ્યો કે અરે!!વાહ,આજ ગુલાબી રંગ ની સાડી પહેરી છે તારા પર તો પ્રકૃતિ ના બારેય કલર ખૂબ શોભે છે પણ ગુલાબી કલર ની તો વાત જ અલગ છે.

સહેજ શરમાઈ ને સ્પંદન બોલી કે ખરેખર ગુલાબી રંગ સાડી માં સુંદર લાગુ છું લાગતી જ હોઈશ તમારી આપેલ દરેક ગિફ્ટ માં તમારો પ્રેમ સમાયેલો હોય છે એટલે તો મારી સુંદરતા ને વધારતી હોય છેઅરે!!આ પેકેટ માં શું લાવ્યા છો?

સ્મિત એ કહ્યું કે તારા ફેવરિટ રબડી જલેબી અને સમોસા લાવ્યો છું..

વાહ!!સ્મિત, બધી વાનગીઓ એક પ્લેટ માં સર્વ કરીને બે ત્રણ મિનિટ માં આવી..બોલી ને નાસ્તા ના પેક્ટ હાથ માં પકડી સ્પંદન કિચન તરફ ધીમે ધીમે જવા લાગી.

સ્મિત મનોમન બોલ્યો કે મારી સ્પંદન ના સ્નેહાળ સ્પર્શ એ દિન પ્રતિદિન અમારા પ્રેમમાં ભરતી લાવી છે એટલે તો ત્રીસ વર્ષનું લગ્ન જીવન થનગનાટ કરતા ઊછળતા મોજાં ની જેમ વિતિ ગયું. આજ અમારા લગ્ન જીવન ના ત્રીસ દિવસ પૂરા થયા બાદ પણ સ્પંદન ના મુખ નું હાસ્ય અને યુવાની અકબંધ રહી છે.ભલે સ્પંદનની સુંદર મોટી આંખોનું નૂર બાળપણ થી જ જતું રહ્યું હોય પણ એની આંખોની અંદર ડૂબકી લગાવું છું ને ત્યારે પ્રેમ ના ઢાઈ અક્ષર "I love yu" ના પડઘા મારા હદય સુધી પોંહચે છે. જ્યારે એ હસે છે ત્યારે વન માં સખીઓ સાથે રમતી સુંદરતા ની દેવી શકુંતલા ની હુબહુ કોપી લાગે છે. વહેલી સવારે વરંડા ની પરસાળ માં બેસી ને સંગીત સાધના કરતી હોય છે ને ત્યારે સૂર્યોદય નું પ્રથમ કિરણ એના સફેદ ચહેરા પર પડતાં જ એનો ચહેરો હીરા માફક જગમગવા લાગે છે. સાચું કહુ મને તો લાગે છે કે નક્કી સ્પંદન ને ભગવાન એ નિરાંત ના સમયે બનાવી હશે..



સ્મિત નો પ્રેમ

- રુપાલી દવે

ગુલાબી રંગની સાડી માં તો પ્રેમ ની દેવી એફ્રોડાયટ નું જીવંત સ્વરૂપ જ જોઈ લ્યો..

જ્યારે જ્યારે ગુલાબી રંગ ની સાડીમાં સ્પંદન ને નિહાળું છું ત્યારે ત્યારે મારું દિલ બેત્રણ મિનિટ માટે ધબકવાનું બંધ કરી દે છે અને મન બોલી ઊઠે છે કે કાશ મારી આંખો સ્પંદન ને નિહાળી શકતી હોત..

એક પ્લેટ માં રબડી જલેબી અને સમોસા સુંદર રીતે સજાવી ને બેઠક ખંડ માં આવીને પ્લેટ સેન્ટર ટેબલ પર મૂક્યું. અચાનક વરસી રહેલ ધોધમાર વરસીની રોમેન્ટિક ઠંડક માં બન્ને રબડી,જલેબી અને સમોસાનો ભરપૂર આનંદ માણી રહ્યા હતા. પતિની આપેલ મેરેજ ગિફ્ટ ગુલાબી સાડી ના સ્પર્શ માં સ્પંદન ખિલખિલાટ કરતા કરતા અવનવી વાતો કરી રહી હતી ને સ્મિત એની પત્ની ની સુંદરતા અને વાતો માં સાથે રસ તરબોળ થઈ ગયો હતો.

મેરેજ ડે ને લીધે સ્મિત એ સ્કૂલ માં રજા લીધી હતી પણ જે સંસ્થા એ એની લાઈફ માં સોનેરી કિરણો પાથરાયા હતા એ અંધ જન સંસ્થા ના બાળકો ને માટે આજ રજા નો દિવસ નહતો.

ત્રીસ વર્ષ ના લગ્ન જીવન બાદ સ્મિત અને સ્પંદન પાસે બધુજ હતું પણ ક્યારેય બાળક ની કિલકારી ઘરમાં ગુંજી નહતી છતાંય બન્ને ના પ્રેમ માં નાની સરખી પણ સમસ્યા નહતી.ઘણીવાર સ્મિત મજાક કરતા સ્પંદન ઉદાસ થઈ જાય ત્યારે કહેતો હતો કે ડાર્લિંગ,ઈશ્વર એ તો કુદરત માં બધા જ પ્રકાર ના રસ,આનંદ અને સબંધો વ્હેતા મૂક્યા છે આતો માણસની વિચિત્ર નજર ની ખૂબી છે કે એને જ્યાં સ્વાર્થ વસતો હોય એ જ સબંધો પોતાના વધારે લાગતા હોય છે.પક્ષીઓ ના બચ્ચા ને પાંખ આવતા એ માળો છોડીને ઉડી જાય છે ત્યારે માદા પક્ષી ને સંતાનો વગર એકલા ગમતું નથી એટલે તો માળો તોડીને અન્ય જગ્યા એ ઉડી જતા હોય છે.ડાર્લિંગ,એવું નથી કે ઊડી ગયેલ બચ્ચા એના ઘેર પરત નથી આવ્યા આવતા હોય છે પણ ઘર નામશેષ થઈ જતા નિરાશ થઈ ને ખુદનો માળો બનાવી લેતા હોય છે. આપણે લક્કી છીએ સ્પંદન કે આપણા બન્ને ઘર ના આંગણે ઊગેલ પીપળા,લીમડા, વડ,આંબા વગેરે ઝાડ માં વસ્તા અસંખ્ય ભુલા પડી ગયેલ પક્ષીઓ ના માતા પિતા છીએ.

નાસ્તા બાદ ધમધોકાર વરસાદ નો આનંદ માણવા સ્મિત અને સ્પંદન એકબીજા નો હાથ પકડીને ઘરના પરસાળ ના હીંચકા માં બેસી ને એકબીજા માં ખોવાઈ ને વાતો કરવામાં મશગુલ બની ગયા.જ્યારે વાત કવિ કાલિદાસ ના કાવ્ય મેઘદૂત ની થાય ત્યારે મેઘ રાજા પણ પત્ની વીજળી સાથે જોર શોર થી વરસવા લાગે છે..

પરસાળ ના હીંચકા બેઠેલ સ્મિત અને સ્પંદન ના ઓવારણા લેતા હતાં ઉજીમાસી મનોમન બોલ્યા કે બન્ને ની "જોડી સલામત રહે" આશીર્વાદ આપી ને ઘરની અંદર અન્ય કામકાજ માટે જઈ રહ્યા હતા ત્યાં સ્મિત બોલ્યો કે માસી,મમ્મી ના ફોટા આગળ ગિફ્ટ પડી છે ને એ લઈ લેજો તમારા માટે લાવ્યો હતો.

કેમ?

તમારો દીકરો લાવ્યો છે એવું સમજી ને હક થી લઈ લેજો..

વરસો થી સ્મિત ના પરિવાર સાથે રહેતા ઉજી માસી ની આંખ માંથી "દીકરો" શબ્દ સાંભળતા જ એના આંખ ના ખુણા ભીના થઈ ગયા. દસ મિનિટ થી બન્ને નો વાર્તાલાપ સાંભળી રહેલ ઉજી બેન મનોમન બોલ્યા કે ભલેને ઓરડાની અંદર સુગંધ સુગંધિત મોગરાની હતી પણ સ્પંદન ની સાડી નો કલર ગુલાબી નહતો..લાલ હતો..

# ફાઇનલી...પતિ-પત્ની બન્યાં આમિર-ગૌરી!





## ત્રીજા લગ્ન બાદ ઈમોશનલ થયો એક્ટર, દીકરા સામે પાર્ટનરને કિસ કરી; વરસતા વરસાદમાં સેલેબ્સે આવ્યાં

મુંબઈ | બોલીવુડના 'મિસ્ટર પરફેક્શનિસ્ટ' આમિર ખાન આજે લગ્નગ્રંથિથી જોડાયો. 61 વર્ષની ઉંમરે, આમિરે ત્રીજા લગ્ન કરીને પોતાની પ્રેમિકા ગૌરીને પોતાની જીવનસાથી બનાવી છે. આમિર અને ગૌરીએ રજિસ્ટર્ડ લગ્નનો વિકલ્પ પસંદ કર્યો અને હવે તે પતિ-પત્ની બની ગયા છે. સમારોહ પછી, તેની આંખોમાં ખુશીના આંસુ આવી ગયા. પરિવારમાં ઉત્સવનો માહોલ છે, અને નવદંપતીઓ પર દરેક ક્ષેત્રે પ્રેમ અને અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે. મુંબઈ: બોલીવુડના જાણીતા અભિનેતા અને 'મિસ્ટર પરફેક્શનિસ્ટ' તરીકે ઓળખાતા આમિર ખાને આજે જીવનની એક નવી ઈનિંગની શરૂઆત કરી છે. ૬૧ વર્ષની ઉંમરે આમિર ખાને તેની પ્રેમિકા ગૌરી સાથે રજિસ્ટર્ડ લગ્ન કરીને લગ્નગ્રંથિથી જોડાઈ ગયા છે. આ ખાસ અવસરે પરિવાર અને અંગત મિત્રોની હાજરીમાં બંનેએ એકબીજાનો સાથ સ્વીકાર્યો હતો.

લગ્નની વિધિ પૂર્ણ થયા બાદ આમિર ખાન ખૂબ જ ભાવુક જોવા મળ્યા હતા. તેમની આંખોમાં ખુશીના આંસુ જોઈને પરિવારના સભ્યો પણ ભાવુક થઈ ગયા હતા. એક સુંદર ક્ષણ ત્યારે જોવા મળી જ્યારે લગ્ન બાદ આમિરે પોતાના દીકરાની હાજરીમાં ગૌરીને કિસ કરી અને નવા જીવનની શરૂઆત કરી. આ ક્ષણોના ફોટા સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યા છે, જેમાં બંને દંપતી ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા છે.

લગ્ન સમારોહમાં બોલીવુડના અનેક દિગ્ગજ કલાકારો અને હસ્તીઓએ હાજરી આપી હતી. વરસતા વરસાદ વચ્ચે પણ અનેક સેલેબ્સે આવીને નવદંપતીને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમમાં ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો અને દરેક વ્યક્તિ આ નવી જોડીને આશીર્વાદ આપતી નજરે પડી હતી.

આમિર અને ગૌરીના આ સંબંધે બોલીવુડમાં નવી ચર્ચા જગાવી છે. ચાહકો દ્વારા સોશિયલ મીડિયા પર બંને પર પ્રેમ અને શુભેચ્છાઓનો વરસાદ કરવામાં આવી રહ્યો છે. આમિર ખાન, જે તેમના પરફેક્શન માટે જાણીતા છે, તેમણે પોતાના અંગત જીવનમાં પણ એક નવો નિર્ણય લઈને પોતાની જીવનસાથી તરીકે ગૌરીને પસંદ કરી છે.

પરિવારમાં હાલ ખુશીનો માહોલ છે અને નવદંપતીઓના આ લગ્નની તસવીરો ચાહકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. બંનેના ચાહકો આશા રાખી રહ્યા છે કે તેમનું આગામી જીવન ખૂબ જ સુખમય અને સફળ રહે. આમિર ખાન માટે આ લગ્ન માત્ર એક બંધન નથી, પરંતુ એક લાંબા અને સુખદ સફરની શરૂઆત છે.

# સલમાનખાનની આગામી ફિલ્મ માતૃભૂમિ સેન્સર બોર્ડને સુપરત કરવામાં જ આવી નથી



મુંબઈ: સલમાન ખાનની આગામી ફિલ્મ 'માતૃભૂમિ' સેન્સર બોર્ડમાં અટવાઈ હોવાના અહેવાલો પાયાવિહોણા છે. સલમાન ખાન ફિલ્મ્સ દ્વારા સત્તાવાર નિવેદન જારી કરાયું છે કે, ફિલ્મને હજુ સેન્સર બોર્ડ સમક્ષ રજૂ કરાઈ જ નથી. તેથી પ્રમાણપત્ર અટકવાનો પ્રશ્ન જ નથી. ફિલ્મના નિર્માતાઓએ રિલીઝ તારીખ અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી, પરંતુ અપૂર્વ લાખિયાએ દિગ્દર્શન કર્યું છે.સલમાનખાનની આગામી ફિલ્મ માતૃભૂમિ સેન્સર બોર્ડમાં અટવાઇ હોવાના અહેવાલોને નકારી કાઢવામાં આવ્યા છે. સલમાનખાન ફિલ્મ્સ દ્વારા આ મામલે સોશ્યલ મિડિયા પર નિવેદન જારી કરી જણાવવામાં આવ્યું હતું કે માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ ફિલ્મને સેન્સર બોર્ડ સાથે વાકું પડયુ છે કે ફિલ્મના પ્રમાણપત્રને અટકાવી રાખવામાં આવ્યું હોવાના અહેવાલો ખોટા છે. ફિલ્મને હજી પ્રમાણપત્ર મેળવવા માટે સેન્સર બોર્ડને સુપરત કરવામાં આવી નથી. તેથી આવા અહેવાલો પાયાવિહોણાં છે. ફિલ્મ વિશેની સત્તાવાર માહિતી સલમાનખાન ફિલ્મ્સ દ્વારા જારી કરવામાં આવશે.જો કે પ્રોડકશન કંપનીએ ફિલ્મને ક્યારે સેન્સર બોર્ડ સમક્ષ મોકલવામાં આવશે તે બાબતે કોઇ ચોખવટ કરી નથી. શરૂઆતમાં ફિલ્મને ૧૭ એપ્રિલે ઈદના તહેવાર અગાઉ રજૂ કરવાનું આયોજન હતું પણ બાદમાં તેને પંદર ઓગસ્ટના વીકએન્ડમાં રજૂ કરવામાં આવશે તેવી અટકળો ચાલી હતી. પ્રોડક્શન હાઉસે ફિલ્મને ક્યારે રિલિઝ કરવામાં આવશે તે અંગે કોઇ જાહેરાત કરી ન હોઇ અટકળો હજી ચાલશે.

## રેમો ડિસોઝા નિર્દેશિત એક્શન ફિલ્મના શૂટિંગ માટે મુંબઇમાં ભવ્ય સેટ બનાવી તૈયાર રખાયો છે



# ટાઇગર શ્રોફ રેમો ડિસોઝા સાથે એક્શન ફિલ્મ કરશે, ઓગસ્ટથી મુંબઇમાં શૂટિંગ શરૂ

મુંબઈ : રેમો ડિસોઝા દિગ્દર્શિત ટાઈગર શ્રોફની એક્શન ફિલ્મનું શૂટિંગ 1 ઓગસ્ટથી મુંબઈમાં શરૂ થશે. આ માટે ભવ્ય સેટ તૈયાર કરાયો છે. રોહન દીપ સિંહ સહિતના નિર્માતાઓ દ્વારા બનતી આ ફિલ્મનું ટાઈટલ અને અન્ય કલાકારોની જાહેરાત ટૂંક સમયમાં થશે. ટાઈગર શ્રોફ ઓક્ટોબરથી રામ માધવાનીની ફિલ્મનું પણ શૂટિંગ કરશે. રેમો ડિસોઝા નિર્દેશિત એક્શન ફિલ્મના શૂટિંગ માટે મુંબઈમાં ભવ્ય સેટ બનાવી તૈયાર રખાયો છે મુંબઈમાં પહેલી ઓગસ્ટથી રેમો ડિસોઝા નિર્દેશિત એક્શન ફિલ્મનું શૂટિંગ શરૂ કરવામાં આવશે. આ ફિલ્મનો હીરો ટાઇગર શ્રોફ છે. એક્શન હીરો ટાઇગર શ્રોફની આ ફિલ્મનું નિર્માણ રોહન દીપ સિંહ વિશાલ ગુરનાની, નીરજ તિવારી અને વિકી જૈન દ્વારા કરવામાં આવી રહ્યું છે. હાલ ફિલ્મના શૂટિંગ માટેની તૈયારીઓ ચાલી રહી છે. ફિલ્મનું ટાઇટલ અને અન્ય સ્ટારકાસ્ટની હજી જાહેરાત કરવામાં આવી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર મુંબઈમાં શૂટિંગ કરવા માટે એક ભવ્ય સેટનું નિર્માણ પણ કરી દેવામાં આવ્યું છે. ચપળતા અને શારીરિક સૌષ્ઠવ માટે જાણીતા ટાઇગર શ્રોફની એક્શન ફિલ્મ રેમો ડિસોઝા નિર્દેશિત કરવાના છે. ટાઇગરે રોહિત શેટ્ટીના કોપ યુનિવર્સની ફિલ્મ સિંઘમ અગેઇનમાં એસીપી સત્યા તરીકે ભૂમિકા ભજવી હતી.ટાઇગર રામ માધવાનીની ફિલ્મનું શૂટિંગ ઓક્ટોબર મહિનાથી શરૂ કરવાનો છે. આ ઉપરાંત તે એક ઓર ફિલ્મ વિદ્યુત જામવાલ સાથે પણ શરૂ કરશે તેવી અટકળો ચાલી રહી છે. બોલીવુડના એક્શન સ્ટાર ટાઈગર શ્રોફ અને જાણીતા દિગ્દર્શક રેમો ડિસોઝા એક નવી એક્શન ફિલ્મ માટે સાથે આવી રહ્યા છે. આ ફિલ્મનું શૂટિંગ ૧ ઓગસ્ટ, ૨૦૨૬ થી મુંબઈમાં શરૂ કરવામાં આવશે. નિર્માણ ટીમે આ પ્રોજેક્ટ માટે મુંબઈમાં અત્યંત ભવ્ય સેટનું નિર્માણ કર્યું છે, જે ફિલ્મના એક્શન દ્રશ્યો માટે ખાસ તૈયાર કરવામાં આવ્યો છે. આ ફિલ્મનું નિર્માણ રોહન દીપ સિંહ, વિશાલ ગુરનાની, નીરજ તિવારી અને વિકી જૈન દ્વારા કરવામાં આવી રહ્યું છે. જોકે ફિલ્મનું ટાઈટલ અને મુખ્ય કલાકારોની સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી, પરંતુ ટાઈગર શ્રોફની ઉપસ્થિતિથી દર્શકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. પોતાની ચપળતા અને શારીરિક ક્ષમતા માટે જાણીતા ટાઈગર શ્રોફ આ ફિલ્મમાં વધુ એક વખત જોરદાર એક્શન કરતા જોવા મળશે.

### ટાઇગરનો આગામી વર્કફ્રન્ટ

ટાઈગર શ્રોફ હાલમાં પોતાની ફિલ્મી કારકિર્દીના ખૂબ જ વ્યસ્ત તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. તાજેતરમાં જ તેમણે રોહિત શેટ્ટીના કોપ યુનિવર્સની ફિલ્મ 'સિંઘમ અગેઈન'માં એસીપી સત્યાના પાત્રમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. ૧ ઓગસ્ટથી રેમો ડિસોઝાની ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યા બાદ, ટાઈગર ઓક્ટોબર મહિનાથી દિગ્દર્શક રામ માધવાનીની આગામી ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાના છે. ટાઈગર શ્રોફના ચાહકો આ નવી એક્શન ફિલ્મની સત્તાવાર જાહેરાત અને ટાઈટલની રાહ જોઈ રહ્યા છે. રેમો ડિસોઝા અને ટાઈગરની જોડી બોલીવુડમાં શું કમાલ બતાવશે તે જોવું રસપ્રદ રહેશે.



# રાજપાલ યાદવનો ચેક બાઉન્સ થતાં પ્રિયંકા ચોપડાના ભૂતપૂર્વ મેનેજર જાજુએ નોટીસ આપી



મુંબઈ : અગાઉ દિલ્હીની કોર્ટમાં નાણાંકીય મામલે સલવાયેલાં રાજપાલ યાદવને ફરી કોર્ટનું તેડું આવ્યું છે. આ વખતે મધ્યપ્રદેશના આંબેડકર નગર જિલ્લાના જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફરહાન એમ કુરેશીએ ચેક બાઉન્સના મામલે રાજપાલ યાદવ અને અન્ય ત્રણ આરોપીઓને અગિયાર સપ્ટેમ્બરે કોર્ટ સમક્ષ હાજર થવા સમન્સ પાઠવ્યા છે.

પ્રિયંકા ચોપડાના ભૂતપૂર્વ મેનેજર પ્રકાશ જાજુએ જણાવ્યું હતું કે તેમણે એક્ટર રાજપાલ યાદવ, ભૈયાજી સુપરહીટના નિર્માતા મહેન્દ્ર ધારીવાલ અને ધાકડ ફિલ્મના નિર્માતા સોહેલ મકલાઇ સામે કેસ નોંધાવ્યો છે. જેના પગલે અદાલતે ત્રણે જણાંને સમન્સ પાઠવ્યા છે. મેં તેમને લોન આપી હતી અને તેની સિક્યુરિટી તરીકે ચેક લીધા હતા. જ્યારે તેઓ નાણાં ચૂકવવામાં નિષ્ફળ ગયા ત્યારે મેં ચેક જમા કરાવ્યા હતા. પણ આ ચેક બાઉન્સ થયા હતા.મારા રાજપાલ યાદવ પાસે ૨૫ લાખ, મહેન્દ્ર ધારીવાલ પાસે ૫૦ લાખ અને સોહેલ મકલાઇ પાસે ૪૦ લાખ રૂપિયા લેણાં નીકળે છે.પ્રકાશ જાજુએ લેણાં વસૂલ કરવા કાનુની પગલાં લીધાં તેના પરથી શીખ લઇ ફિલ્મ ડ્રિસ્ટ્રિબ્યુટર્સ પણ તેમની લેણી રકમો વસૂલ કરવા કાનુની પગલાં લેવાનું વિચારી રહ્યા છે. બોલીવુડના જાણીતા અભિનેતા રાજપાલ યાદવ ફરી એકવાર કાનૂની વિવાદમાં ફસાયા છે. મધ્યપ્રદેશના આંબેડકર નગર જિલ્લાની કોર્ટે ચેક બાઉન્સના એક કેસમાં રાજપાલ યાદવ સહિત ત્રણ આરોપીઓને સમન્સ પાઠવીને ૧૧ સપ્ટેમ્બરે કોર્ટમાં હાજર રહેવાનો આદેશ આપ્યો છે. આ મામલો પ્રિયંકા ચોપરાના ભૂતપૂર્વ મેનેજર પ્રકાશ જાજુ સાથે જોડાયેલો છે.પ્રકાશ જાજુએ કરેલી ફરિયાદ મુજબ, તેમણે રાજપાલ યાદવ, 'ભૈયાજી સુપરહીટ'ના નિર્માતા મહેન્દ્ર ધારીવાલ અને 'ધાકડ' ફિલ્મના નિર્માતા સોહેલ મકલાઈને લોન આપી હતી. આ રકમના બદલામાં સિક્યુરિટી તરીકે ચેક લેવામાં આવ્યા હતા. જોકે, જ્યારે આ રકમ ચૂકવવાનો સમય આવ્યો ત્યારે સંબંધિત વ્યક્તિઓ નાણાં ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હતા. ત્યારબાદ પ્રકાશ જાજુએ જ્યારે ચેક બેંકમાં જમા કરાવ્યા ત્યારે તે બાઉન્સ થયા હતા.



# નવાઝુદ્દીન પુત્રી શોરાને લોન્ચ કરવા પચીસ વર્ષ પછી ફરી રંગમંચ પર

મુંબઈ : અગાઉ રંગભૂમિ પર કામ કરી સિનેમામાં પોતાની પ્રતિભાને જોરે એક્ટર તરીકે નેશનલ એવોર્ડ જીતનાર નવાઝુદ્દીન સિદ્દિકી પચીસ વર્ષ બાદ રંગભૂમિ પર પાછો ફરી રહ્યો છે. આ વખતે તે રંગભૂમિ પર કદમ માંડી રહેલી પુત્રી શોરા સિદ્દિકી સાથે પહેલીવાર કામ કરશે.

નવાઝુદ્દીન સિદ્દિકીએ પોતાને એક્ટર તરીકે ઘડવામાં રંગભૂમિના પ્રદાનનો અવારનવાર ઉલ્લેખ કર્યો છે. હવે એક્ટર તરીકે નવાઝુદ્દીન પોતાના મૂળિયાં ભણી પાછો વળી રહ્યો છે. સિદ્દિકી પરિવાર માટે આ નાટક મહત્વનું બની રહેશે. પ્રથમ વખત આ નાટક દ્વારા પિતા અને પુત્રી એકસાથે રંગમંચ પર અભિનય કરતાં જોવા મળશે. સોરા સિદ્દિકી માટે પિતા સાથે કામ કરવું એ એક વ્યવસાયી સીમાચિન્હ બની રહેશે.

નકાબ એ એક સસ્પેન્સ, હાસ્ય અને અવનવા વળાંકો ધરાવતું નાટક છે. નવાઝુદ્દીન જેવા મંજાયેલા અભિનેતાને રંગભૂમિ પર કામ કરતો જોવા મળે તે ચાહકો માટે એક લ્હાવો બની રહેશે. બોલીવુડના શ્રેષ્ઠ અભિનેતાઓમાં ગણાતા નવાઝુદ્દીન સિદ્દિકી ફરી એકવાર પોતાના મૂળિયાં તરફ પાછા વળ્યા છે. રંગભૂમિના મંચ પરથી અભિનયની શરૂઆત કરનાર અને ત્યારબાદ સિનેમા જગતમાં નેશનલ એવોર્ડ વિજેતા અભિનેતા તરીકે પોતાની અલગ ઓળખ બનાવનાર નવાઝુદ્દીન, લાંબા ૨૫ વર્ષના અંતરાલ બાદ ફરીથી રંગભૂમિ પર પરત ફરી રહ્યા છે. આ વખતે આ પરત ફરવું ખૂબ જ ખાસ છે કારણ કે તેમની સાથે તેમની પુત્રી શોરા સિદ્દિકી પણ અભિનયના ક્ષેત્રમાં પ્રવેશ કરી રહી છે.

નવાઝુદ્દીન સિદ્દિકીએ હંમેશા પોતાના ઘડતરમાં રંગભૂમિના યોગદાનને મહત્વનું ગણાવ્યું છે. હવે તેઓ પોતાની પુત્રી શોરાને પણ તે જ માર્ગે આગળ વધારી રહ્યા છે. 'નકાબ' નામના નાટકમાં પિતા અને પુત્રી પ્રથમવાર એકસાથે અભિનય કરતા જોવા મળશે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## સાઈ ભોપાલ સાયકલિંગમાં ફિટનેસનો જોશ

● આર્ટ ઓફ લિવિંગ સાથે મળીને આયોજન



(એજન્સી) ભોપાલ । તા. 05

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં આવેલા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) ના સેન્ટ્રલ રિજનલ સેન્ટર ખાતે આજે 'સન્ડે ઓન સાયકલ' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. 'કોમ્યુનિટી ફિટનેસ રાઈડ' વિષય હેઠળ યોજાયેલી આ પહેલમાં 'આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન'ના સહયોગથી અનેક લોકોએ ભાગ લીધો હતો.

સાઈ ભોપાલ કેમ્પસથી શરૂ થયેલી આ સાયકલિંગ રાઈડમાં ૧૦૦થી વધુ સાયકલ સવારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ફિટનેસના શોખીનો, વિદ્યાર્થીઓ અને સ્થાનિક નાગરિકોનો સમાવેશ થતો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને પર્યાવરણને અનુકૂળ, ટકાઉ અને તંદુરસ્ત પરિવહન માટે સાયકલિંગ અપનાવવા પ્રોત્સાહિત કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓએ સહભાગીઓને સંતુલિત જીવન જીવવા માટે શારીરિક પ્રવૃત્તિ અને માનસિક શાંતિનું મહત્વ સમજાવ્યું હતું. સહભાગીઓએ સામૂહિક રીતે પ્રતિજ્ઞા લીધી હતી કે તેઓ દૈનિક જીવનમાં નિયમિતપણે શારીરિક પ્રવૃત્તિઓ અને સાયકલિંગને પ્રાધાન્ય આપશે. કાર્યક્રમ બાદ એક સંવાદ સત્ર અને રિફ્રેશમેન્ટનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

સાઈ ભોપાલ કેન્દ્ર દ્વારા આવી પહેલના માધ્યમથી ભોપાલ અને આસપાસના વિસ્તારોમાં સ્વાસ્થ્ય અને સુખાકારીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનના 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ'ના વિઝનને સાકાર કરવા માટે આ કેન્દ્ર સતત પ્રયત્નશીલ છે. સાયકલિંગ માત્ર શરીર માટે જ નહીં, પણ માનસિક સ્વાસ્થ્ય માટે પણ અત્યંત ગુણકારી છે, તેવો સંદેશ આ કોમ્યુનિટી રાઈડ દ્વારા સ્પષ્ટપણે જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં પણ સાઈ દ્વારા આવી અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે જે નાગરિકોને સક્રિય જીવનશૈલી માટે પ્રેરિત કરશે.

## LPL 2026 નો ભવ્ય પ્રારંભ: 500 ડ્રોન સાથે ઓપનિંગ સેરેમની

(એજન્સી) કોલંબો । તા. 05

શ્રીલંકાની પ્રીમિયર T20 લીગ, 'લંકા પ્રીમિયર લીગ' (LPL) પોતાની છઠ્ઠી એડિશન સાથે એક નવા સ્તરે પહોંચવા માટે તૈયાર છે. આ ટૂર્નામેન્ટનો પ્રારંભ એક અત્યંત આધુનિક અને શાનદાર ઓપનિંગ સેરેમની સાથે કરવામાં આવશે, જેમાં ૫૦૦ સિન્ક્રોનાઈઝ ડ્રોન આકાશમાં એક અવિસ્મરણીય નજારો ઊભો કરશે. આ ઈવેન્ટ શ્રીલંકાના ક્રિકેટ ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી લાઈવ એન્ટરટેઈનમેન્ટ ઈવેન્ટ્સમાંની એક ગણાશે.

### ૫૦૦ ડ્રોનથી આકાશમાં વિશિષ્ટ નજારો

IPG ગ્રૂપ દ્વારા આયોજિત આ ઓપનિંગ સેરેમનીનો મુખ્ય આકર્ષણ ૫૦૦ ડ્રોનનો શૉ છે. આ ડ્રોન આકાશમાં શ્રીલંકન ક્રિકેટ, ટુર્નામેન્ટમાં સામેલ થનારી ફ્રેન્ચાઈઝી અને T20 ક્રિકેટના રોમાંચને રજૂ કરતા વિવિધ આકારો અને દ્રશ્યો ઊભા કરશે. આ ભવ્ય શો ક્રિકેટના ચાહકો માટે એક ગ્લોબલ સ્પોર્ટ્સ ઈવેન્ટ જેવો અનુભવ લાવશે, જે LPLના વધતા મહત્વ અને તેની પ્રોડક્શન ક્ષમતાને વિશ્વ મંચ પર સાબિત કરશે. ટૂર્નામેન્ટનો પ્રારંભ SSC કોલંબો સ્ટેડિયમ ખાતે થશે. ક્રિકેટપ્રેમીઓ અને દર્શકો માટે ટિકિટો ૧ જુલાઈથી 'BookMyShow' પર ઉપલબ્ધ કરી દેવામાં આવી છે. આયોજકો દ્વારા ચાહકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ વહેલી તકે ટિકિટ ખરીદીને આ ઐતિહાસિક ઓપનિંગ સેરેમનીનો હિસ્સો બને. આ રાત્રે T20 ક્રિકેટના રોમાંચ સાથે મનોરંજનનો એક અદભૂત સમન્વય જોવા મળશે. IPG ગ્રૂપનું આ પગલું દર્શાવે છે કે તેઓ LPLને માત્ર એક ક્રિકેટ લીગ તરીકે જ નહીં, પરંતુ એક ઉચ્ચ-ગુણવત્તાયુક્ત એન્ટરટેઈન્મેન્ટ પ્રોપર્ટી તરીકે સ્થાપિત કરવા માંગે છે. સ્ટેડિયમમાં મનોરંજન, બ્રૉડકાસ્ટ અપીલ અને ઈવેન્ટ પ્રોડક્શનના આંતરરાષ્ટ્રીય ધારાધોરણોને અનુસરીને, LPL હવે દુનિયાની મોટી ફ્રેન્ચાઈઝી લીગ સાથે સ્પર્ધા કરવા માટે સજ્જ છે.

# વૈભવ સૂર્યવંશીનું ડેબ્યૂ કોહલી-રોહિત પણ ન કરી શક્યા

## વૈભવ સૂર્યવંશીની શાનદાર એન્ટ્રી ડેબ્યૂમાં ફટકારી બે સિક્સર



(એજન્સી) મેન્ચેસ્ટર । તા. 05

ભારતીય ક્રિકેટના આકાશમાં એક નવો તારો ઉદય પામ્યો છે. માત્ર ૧૫ વર્ષની વયના ઉભરતા સ્ટાર બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ ઈંગ્લેન્ડ સામેની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં પોતાનું ડેબ્યૂ કરી સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા છે. મેન્ચેસ્ટરના મેદાન પર વાઈસ-કેપ્ટન તિલક વર્માના હસ્તે ડેબ્યૂ કેપ મેળવનાર વૈભવે પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય ઈનિંગ્સમાં જ પોતાની આક્રમક બેટિંગની છાપ છોડી દીધી છે.

### દિગ્ગજોના લિસ્ટમાં સ્થાન

વૈભવે જોકે માત્ર ૧૪ રન બનાવ્યા હતા, પરંતુ તેણે પોતાની ઈનિંગ્સ દરમિયાન જે બે ગગનચુંબી સિક્સર ફટકારી, તેણે ક્રિકેટના જાણકારોનું ધ્યાન ખેંચ્યું છે. આ સિદ્ધિ સાથે તે ભારતનો છઠ્ઠો એવો બેટ્સમેન બની ગયો છે, જેણે પોતાની ડેબ્યૂ ટી-૨૦ મેચમાં એકથી વધુ સિક્સર ફટકારી હોય. આ યાદીમાં પૂર્વ દિગ્ગજ કેપ્ટન રાહુલ દ્રવિડનું નામ સૌથી ઉપર છે, જેમણે પોતાની એકમાત્ર ટી-૨૦ મેચમાં ત્રણ સિક્સર ફટકારી હતી. નોંધનીય છે કે વિરાટ કોહલી, રોહિત શર્મા અને અભિષેક શર્મા જેવા આક્રમક બેટ્સમેનો પણ પોતાની ડેબ્યૂ ટી-૨૦ મેચમાં આ સિદ્ધિ મેળવી શક્યા નહોતા.

### જોફ્રા આર્ચર સામે આક્રમક તેવર

વૈભવની બેટિંગની ખાસિયત એ રહી કે તેણે ડર્યા વગર વિશ્વના સૌથી ઝડપી બોલરોનો સામનો કર્યો. તેણે ઈંગ્લેન્ડના ખતરનાક બોલર જોફ્રા આર્ચરની ઓવરમાં ફાઈન લેગ પર જે સિક્સર ફટકારી, તે તેના આત્મવિશ્વાસની ચાડી ખાતી હતી. ત્યારબાદ જોશ ટંગના સ્લોઅર બોલને મિડ વિકેટની બહાર મોકલીને તેણે સાબિત કર્યું કે તે લાંબી રેસનો ઘોડો છે. ટીમના વાઈસ-કેપ્ટન તિલક વર્માએ પણ તેની આ હિંમતની ભરપૂર પ્રશંસા કરી છે.

### ટીમ ઈન્ડિયાની હાર છતાં ઉજવણી

ભલે આ મેચમાં ભારતને છ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હોય, પરંતુ વૈભવના ડેબ્યૂએ ભારતીય ચાહકોને ભવિષ્ય માટે એક નવી આશા આપી છે. ઈશાન કિશન અને તિલક વર્મા જેવા ખેલાડીઓ બાદ હવે વૈભવ સૂર્યવંશીનું નામ પણ ડેબ્યૂમાં સિક્સર ફટકારનારા બેટ્સમેનોમાં ગર્વથી લેવાય છે.

આ આંકડાકીય સિદ્ધિ દર્શાવે છે કે આ ૧૫ વર્ષનો યુવાન ખેલાડી દબાણની સ્થિતિમાં પણ પોતાના કુદરતી રમતના અંદાજને છોડતો નથી. ભારતીય ક્રિકેટ માટે આ એક ખૂબ જ સકારાત્મક સંકેત છે કે ડેબ્યૂ કરનાર ખેલાડીઓ હવે આંતરરાષ્ટ્રીય સ્તરના બોલરો સામે પણ આક્રમક વલણ અપનાવી રહ્યા છે. આગામી મેચોમાં વૈભવ પાસેથી ક્રિકેટ પ્રેમીઓને વધુ મોટી ઈનિંગ્સની અપેક્ષા રહેશે. નિષ્ણાતોના મતે, જો તેને યોગ્ય માર્ગદર્શન મળતું રહેશે, તો તે ભારતીય ટી-૨૦ ટીમનો ભવિષ્યનો એક મહત્વનો સ્તંભ સાબિત થઈ શકે છે.

### રાહુલ દ્રવિડ અને આશિષ નેહરા જેવા દિગ્ગજોના લિસ્ટમાં એન્ટ્રી

આ આંકડાકીય લિસ્ટમાં પૂર્વ દિગ્ગજ કેપ્ટન રાહુલ દ્રવિડનું નામ સૌથી વધુ આશ્ચર્યજનક છે. 'ધ વોલ' તરીકે જાણીતા દ્રવિડે પોતાની એકમાત્ર ટી20 મેચમાં ઈંગ્લેન્ડ સામે 21 બોલમાં 31 રન બનાવ્યા હતા. જેમાં 3 સિક્સર સામેલ હતી. વર્તમાન ટીમમાં ઈશાન કિશને 2021 માં 4 સિક્સર અને તિલક વર્માએ 2023 માં 3 સિક્સર સાથે આ સિદ્ધિ મેળવી હતી. રસપ્રદ વાત એ છે કે, રોહિત શર્મા, વિરાટ કોહલી અને પૂર્વ નંબર-1 ટી20 બેટ્સમેન અભિષેક શર્મા પણ પોતાના ડેબ્યૂ મેચમાં એકથી વધુ સિક્સર ફટકારી શક્યા નહોતા.

# ફિટ ઈન્ડિયા સાયકલિંગમાં મનસુખ માંડવિયાની હાજરી



(એજન્સી) નવી દિલ્હી । તા. 05

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે 'ફિટ ઈન્ડિયા સન્ડે ઓન સાયકલ'ના ૮૦મા સંસ્કરણનું નેતૃત્વ કર્યું હતું. સત્ય સાઈ સેવા સંસ્થાઓના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં ૯,૦૦૦થી વધુ લોકોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ પ્રસંગે સાયકલિંગની સાથે કોમ્યુનિટી રન, ઝુમ્બા અને યોગાના સત્રો પણ યોજાયા હતા.

### સ્વાસ્થ્ય માટે જન આંદોલન

મીડિયા અહેવાલ મુજબ, ડિસેમ્બર ૨૦૨૪માં મંત્રી મનસુખ માંડવિયા દ્વારા શરૂ કરવામાં આવેલી આ પહેલ આજે એક વિશાળ જન આંદોલનમાં ફેરવાઈ ગઈ છે. અત્યાર સુધીમાં દેશભરમાં ૩૦ લાખથી વધુ લોકો આ મિશનમાં જોડાઈ ચૂક્યા છે. મંત્રીએ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, "ભારતમાં દર ૪ વ્યક્તિમાંથી ૧ વ્યક્તિ વધુ વજન ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના લક્ષ્યને સાકાર કરવા માટે નાગરિકોનું ફિટ રહેવું અત્યંત જરૂરી છે."

કાર્યક્રમની શરૂઆત વૈદિક મંત્રોચ્ચાર અને દીપ પ્રાગટ્ય સાથે થઈ હતી. રમતગમત મંત્રાલયના સચિવ હરિ રંજન રાવ અને સત્ય સાઈ સેવા સંસ્થાના પ્રમુખ નિમિષ પંડ્યા સહિતના મહાનુભાવો આ પ્રસંગે હાજર રહ્યા હતા. સાયકલિંગ શરૂ કરતા પહેલા સૌએ 'નશા મુક્ત ભારત' માટે સામૂહિક શપથ લીધા હતા. જાણીતા અભિનેતા નસીર અબ્દુલ્લા પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા અને તેને એક યાદગાર અનુભવ ગણાવ્યો હતો.

### સાયકલિંગનો સંદેશ

મંત્રી માંડવિયાએ નાગરિકોને મોબાઈલ સ્ક્રીનથી દૂર રહીને રોજ ઓછામાં ઓછો એક કલાક પોતાના સ્વાસ્થ્ય માટે ફાળવવા અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, "ફિટનેસ એ દરેક નાગરિક માટે અનિવાર્ય છે. સાયકલિંગ એ હૃદય અને શરીરને સ્વસ્થ રાખવાનો શ્રેષ્ઠ માર્ગ છે." ફિટ ઈન્ડિયાની આ મુહિમ હવે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સક્રિય રીતે ચાલી રહી છે, જેમાં ખેલો ઈન્ડિયા કેન્દ્રો અને સાઈ (SAI) ના પ્રાદેશિક કેન્દ્રો પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. ભારતને તંદુરસ્ત બનાવવા માટે આ સાયકલિંગ ઝુંબેશ આગામી સમયમાં નવા સીમાચિહ્નો સર કરશે તેવી અપેક્ષા છે.

# અક્ષર પટેલની સ્પેશિયલ સેન્ચુરી ભારતનો પ્રથમ સ્પિનર, પ્રથમ ભારતીય સ્પિનર બન્યો

(એજન્સી) મેન્ચેસ્ટર । તા. 05

ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર અક્ષર પટેલે શનિવારે ઈંગ્લેન્ડ સામેની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. મેન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફર્ડ મેદાન પર રમાયેલી મેચમાં અક્ષર પટેલે હેરી બ્રૂકને પેવેલિયન ભેગો કરીને પોતાની ૧૦૦મી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય વિકેટ પૂર્ણ કરી છે. આ સિદ્ધિ સાથે અક્ષર પટેલ ભારત માટે આ ફોર્મેટમાં ૧૦૦ વિકેટ લેનારો ચોથો બોલર અને ઈતિહાસનો સૌપ્રથમ સ્પિનર બની ગયો છે.



### દિગ્ગજ સ્પિનરોને પાછળ છોડ્યા

ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં ઘણા દિગ્ગજ સ્પિનરોએ પોતાની છાપ છોડી છે, પરંતુ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ વિકેટના આંકડા સુધી પહોંચવાનું માન અક્ષર પટેલને મળ્યું છે. તેણે પોતાની ૯૮મી મેચમાં આ કીર્તિમાન સ્થાપિત કર્યો છે. યુઝવેન્દ્ર ચહલ જેવા અનુભવી સ્પિનર પણ અત્યાર સુધી આ આંકડાની નજીક પહોંચી શક્યા નથી, જે અક્ષર પટેલની સતત શાનદાર બોલિંગનું પ્રમાણ આપે છે. અક્ષરે પાંચમી ઓવરમાં ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂકને આઉટ કરીને આ ખાસ મુકામ મેળવ્યું હતું.

અત્યાર સુધીના આંકડાઓ પર નજર કરીએ તો, અર્શદીપ સિંહ ૧૩૪ વિકેટ સાથે મોખરે છે, ત્યારબાદ જસપ્રિત બુમરાહ ૧૨૧ વિકેટ અને હાર્દિક પંડ્યા ૧૧૪ વિકેટ સાથે અક્ષર પટેલની આગળ છે. હવે અક્ષર પટેલ ૧૦૦ વિકેટ સાથે આ ક્લબમાં ચોથા સ્થાને સામેલ થઈ ગયો છે. આ તમામ બોલરોમાં અક્ષર પટેલ એકમાત્ર સ્પિનર હોવાને કારણે તેની આ સિદ્ધિ વધુ ખાસ બની જાય છે.

### ટીમ ઈન્ડિયાનો ભરોસાપાત્ર ઓલરાઉન્ડર

છેલ્લા કેટલાક વર્ષોમાં અક્ષર પટેલે પોતાની બોલિંગ અને બેટિંગથી ભારતીય ટીમને અનેક મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર કાઢી છે. નવી બોલ સાથેની શરૂઆત હોય કે મિડલ ઓવર્સમાં બેટ્સમેનો પર દબાણ લાવવાનું હોય, અક્ષર પટેલ હંમેશા કેપ્ટનનો સૌથી ભરોસાપાત્ર વિકલ્પ રહ્યો છે. તેની ચોક્કસ લાઈન-લેન્થ અને કરકસરભરી બોલિંગે તેને વર્તમાન ભારતીય ટીમનો અનિવાર્ય હિસ્સો બનાવી દીધો છે. માત્ર બોલિંગ જ નહીં, જરૂર પડે ત્યારે બેટિંગમાં પણ મેચ વિનિંગ ઈનિંગ્સ રમવાની તેની ક્ષમતા તેને એક સંપૂર્ણ ઓલરાઉન્ડર સાબિત કરે છે.

### ભવિષ્યની નવી દિશા

અક્ષર પટેલના આ પ્રદર્શનને કારણે ભારતીય ટીમમાં સ્પિનિંગ ઓલરાઉન્ડરની ભૂમિકા વધુ મજબૂત બની છે. તે અત્યારે તેના કરિયરના સર્વશ્રેષ્ઠ ફોર્મમાં છે અને ત્રણેય ફોર્મેટમાં ટીમ માટે મૂલ્યવાન યોગદાન આપી રહ્યો છે. અક્ષરની આ 'સ્પેશિયલ સેન્ચૂરી' બાદ હવે ભારતીય ચાહકોને અપેક્ષા રહેશે કે તે આગામી સમયમાં વધુ મોટી સિદ્ધિઓ મેળવીને દેશનું નામ રોશન કરે. તેની આ સફળતા ભારતીય સ્પિનરો માટે પણ પ્રેરણારૂપ બની રહેશે અને ટી-૨૦ ક્રિકેટમાં સ્પિનરોની ભૂમિકાને વધુ મહત્વનું સ્થાન

# શ્રેયસ અય્યર કપ્તાની હેઠળ ભારતનો પરાજય ભારત-ઈંગ્લેન્ડ શ્રેણીમાં ઈંગ્લેન્ડની સરસાઈ

(એજન્સી) મેન્ચેસ્ટર । તા. 05

ઈંગ્લેન્ડ પ્રવાસ પર ગયેલી ભારતીય ક્રિકેટ ટીમ માટે સમય અત્યારે કસોટીભર્યો ચાલી રહ્યો છે. મેન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફર્ડ મેદાન પર રમાયેલી બીજી ટી-૨૦ મેચમાં ભારતીય ટીમને ૪ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો છે. આ હાર સાથે જ કેપ્ટન શ્રેયસ અય્યરની કપ્તાની હેઠળ ટીમ ઈન્ડિયાની જીતની રાહ વધુ લાંબી થઈ ગઈ છે.



મેચના પ્રવાહ પર નજર કરીએ તો, ભારતે પ્રથમ બેટિંગ કરતા ૧૯૦ રનનો મજબૂત સ્કોર ખડક્યો હતો. ૧૬ ઓવર સુધી મેચ સંપૂર્ણપણે ભારતની પકડમાં હતો અને ઈંગ્લેન્ડની ૫ વિકેટ ઝડપી લેવામાં બોલરો સફળ રહ્યા હતા. જોકે, ૧૭મી ઓવરમાં રવિ બિશ્નોઈએ સતત નો-બોલ ફેંકતા અને જેકબ બેથલે આક્રમક બેટિંગ કરતા ૨૯ રન ઝૂડી કાઢ્યા હતા, જે મેચનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો.

### હતાશ અય્યરનું નિવેદન

હાર બાદ નિરાશ દેખાતા શ્રેયસ અય્યરે કહ્યું હતું કે, "હું હાર માટે કોઈ એક ખેલાડીને દોષિત ઠેરવવા માંગતો નથી. મને રવિ બિશ્નોઈ પર ભરોસો હતો અને તે આ ભૂલમાંથી શીખશે." અય્યરે વધુમાં જણાવ્યું કે ૧૯૦ રનનો સ્કોર આ પિચ પર જીતવા માટે પૂરતો હતો, પરંતુ મેચના અંતિમ ભાગમાં ઈંગ્લેન્ડના બેટ્સમેનોએ જે નિડરતા બતાવી તે કાબિલેદાદ છે.

### આગામી રણનીતિ

અય્યરની કપ્તાની હેઠળ ભારતે અત્યાર સુધી ૪ મેચ રમી છે, જેમાં ૩માં પરાજયનો સામનો કરવો પડ્યો છે. આયર્લેન્ડ પ્રવાસની બંને મેચ હાર્યા બાદ, હવે ઈંગ્લેન્ડ સામેની આ હારથી ટીમ પર દબાણ વધ્યું છે. શ્રેણીનો ત્રીજો મુકાબલો ૭ જુલાઈએ નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ મેદાન પર રમાશે. ભારતીય ટીમ હવે ૧-૧ની બરાબરી કરવાના મક્કમ નિર્ધાર સાથે મેદાનમાં ઉતરશે. ચાહકોને આશા છે કે આગામી મેચમાં ભારત શ્રેયસ અય્યર કપ્તાની હેઠળ પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય જીત મેળવી શ્રેણીમાં વાપસી કરશે.

ફાઈનલ // એમ્બાપ્પેનો વિજયી ગોલ, મોરોક્કો સામે ટક્કર થશે



# એમ્બાપ્પેની કમાલ ફ્રાન્સની ક્વાર્ટર ફાઈનલમાં એન્ટ્રી

(એજન્સી) ફિલાડેલ્ફિયા । તા. 05

ફિલાડેલ્ફિયાના મેદાન પર રમાયેલા ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ના રોમાંચક મુકાબલામાં ફ્રાન્સે પરાગ્વેને ૧-૦ થી પરાજય આપી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ફ્રાન્સના સ્ટાર સ્ટ્રાઈકર કિલિયન એમ્બાપ્પેના પેનલ્ટી ગોલના સહારે ફ્રાન્સે સતત ચોથી વખત વર્લ્ડ કપના અંતિમ આઠમાં સ્થાન મેળવ્યું છે. ૩૮ ડિગ્રી સેલ્સિયસની કાળઝાળ ગરમીમાં રમાયેલી આ મેચમાં બંને ટીમોએ જોરદાર ટક્કર આપી હતી, પરંતુ અંતે એમ્બાપ્પેનું કૌશલ્ય ભારે પડ્યું હતું.

### VAR ના નિર્ણયથી પલટાઈ બાજી

મેચમાં પરાગ્વેનું ડિફેન્સ અત્યંત મજબૂત હતું, જેને કારણે ફ્રાન્સના આક્રમક ખેલાડીઓને લાંબા સમય સુધી ગોલ કરવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો. જોકે, ૭૦મી મિનિટે રમતનો પાસો પલટાયો હતો. વિડિયો આસિસ્ટન્ટ રેફરી (VAR) ની દખલગીરી બાદ ફ્રાન્સને પેનલ્ટી મળી હતી. પરાગ્વેના ડિએગો ગોમેઝ પર ફાઉલનો નિર્ણય આવતા એમ્બાપ્પેએ અત્યંત શાંતિથી બોલને ગોલપોસ્ટમાં ધકેલી દીધો હતો. પરાગ્વેના ગોલકીપર ઓર્લેન્ડો ગિલે ઈન્જરી ટાઈમમાં પણ એમ્બાપ્પેના બે શૉટ્સ રોકીને પ્રભુત્વ જમાવ્યું હતું, પરંતુ તે ટીમને હારથી બચાવી શક્યો નહોતો.

### મેસ્સીનો રેકોર્ડ તોડવા તરફ એમ્બાપ્પે




આ ગોલ સાથે એમ્બાપ્પેએ વર્લ્ડ કપના ઈતિહાસમાં પોતાના ૧૯ ગોલ પૂર્ણ કર્યા છે. માત્ર ૧૯ વર્લ્ડ કપ મેચોમાં ૧૯ ગોલ નોંધાવીને તે લિઓનલ મેસ્સીના ૨૦ ગોલના સર્વકાલીન રેકોર્ડની અત્યંત નજીક પહોંચી ગયો છે. હાલમાં એમ્બાપ્પે ૭ ગોલ સાથે ગોલ્ડન બૂટની રેસમાં પણ મોખરે છે. લિઓનલ મેસ્સી પણ એટલા જ ગોલ ધરાવે છે, પરંતુ એમ્બાપ્પેના બે આસિસ્ટ તેને ટેબલમાં ટોચ પર રાખે છે. ચાર વર્ષ પહેલાં કતારમાં ગોલ્ડન બૂટ જીત્યા બાદ, હવે એમ્બાપ્પેની નજર સતત બીજા ગોલ્ડન બૂટ પર છે.

આગામી ટેસ્ટ સિઝન માટે બુમરાહ સજ્જ

# જસપ્રીત બુમરાહ પ્રેક્ટિસમાં પરત ફર્યો, ભારત-શ્રીલંકા ટેસ્ટ શ્રેણીની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી । તા. 05



ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ફરી એકવાર મેદાનમાં પરત ફર્યા છે. આગામી ટેસ્ટ સિઝન અને શ્રીલંકા પ્રવાસને ધ્યાનમાં રાખીને બુમરાહે લાલ બોલ સાથે પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. સોશિયલ મીડિયા પર પોતાની બોલિંગની તસવીરો શેર કરીને તેમણે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેઓ હવે લાંબા ફોર્મેટના ક્રિકેટ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

આઈપીએલ ૨૦૨૬માં બુમરાહનું પ્રદર્શન તેમના સ્તર મુજબનું રહ્યું નહોતું, પરંતુ ટી-૨૦ વર્લ્ડ કપમાં તેમણે શાનદાર વાપસી કરી હતી. આઠ ઈનિંગ્સમાં ૧૪ વિકેટ ઝડપીને તેઓ સંયુક્ત રીતે સૌથી વધુ વિકેટ લેનારા બોલર બન્યા હતા, જેમાં ન્યૂઝીલેન્ડ સામેની ફાઈનલ મેચમાં ૪/૧૫ ના આંકડા સાથે 'પ્લેયર ઓફ ધ મેચ'નો ખિતાબ પણ તેમણે જીત્યો હતો. હવે ફરી એકવાર બુમરાહનું ધ્યાન લાલ બોલની રમત પર કેન્દ્રિત થયું છે.

ભારત અને શ્રીલંકા વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ૧૫ ઓગસ્ટથી શરૂ થવા જઈ રહી છે. પ્રથમ ટેસ્ટ ગાલમાં રમાશે જ્યારે બીજી ટેસ્ટ ૨૩ ઓગસ્ટથી કોલંબોના સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબમાં યોજાશે. બીસીસીઆઈ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, આ શ્રેણી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના માર્ગમાં ખૂબ મહત્વની સાબિત થશે. બુમરાહની હાજરીથી ભારતીય ટીમનો બોલિંગ આક્રમણ વધુ મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

શ્રીલંકા પ્રવાસ ઉપરાંત, ભારત નવેમ્બર મહિનામાં ન્યૂઝીલેન્ડ સામે બે ટેસ્ટ મેચ રમશે. ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૭માં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારત પાંચ ટેસ્ટ મેચ રમશે, જે આ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ચક્રની અંતિમ શ્રેણી હશે. અત્યાર સુધી ભારતનું આ ચક્ર મિશ્ર રહ્યું છે, ત્યારે જસપ્રીત બુમરાહ પ્રેક્ટિસ અને પોતાની ફિટનેસ પર વિશેષ ધ્યાન આપી રહ્યા છે જેથી આગામી મહત્વપૂર્ણ શ્રેણીઓમાં ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે.

## અદાણી ગ્રુપ માટે મોટી રાહત, અમેરિકાએ કેસ કાયમી બંધ કર્યો

# અદાણી કેસમાં અમેરિકાનો મોટો નિર્ણય તમામ આરોપ રદ

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 05

ભારતના અગ્રણી ઉદ્યોગપતિ અને અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણી તેમજ અન્ય સાત લોકો સામે અમેરિકામાં ચાલી રહેલા કાયદાકીય વિવાદનો આખરે અંત આવ્યો છે. અમેરિકન ન્યાય વિભાગે આ ક્રિમિનલ કેસને કાયમી ધોરણે બંધ કરવાનો અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે. આ ઘટનાક્રમ બાદ વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને ભારતીય વેપારી જગતમાં મોટી ચર્ચાઓ જાગી છે.

### અમેરિકન ન્યાય વિભાગનો સપાટો

મીડિયા અહેવાલ મુજબ, અમેરિકન ન્યાય વિભાગે ફેડરલ જજ સમક્ષ દસ પાનાનો વિસ્તૃત જવાબ રજૂ કર્યો છે. જેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે ગૌતમ અદાણી સામેનો આ કેસ કાયદાકીય રીતે અત્યંત નબળો હતો અને તેની અસર આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની પ્રતિષ્ઠા તેમજ કુટનીતિક સંબંધો પર નુકસાનકારક રીતે પડી શકે તેમ હતી. ન્યાય વિભાગે વધુમાં સ્વીકાર્યું છે કે આ પ્રકારના કેસ કરવાની જરૂર જ નહોતી, કારણ કે તે વર્તમાન સરકારની કાયદાકીય પ્રાથમિકતાઓની સાથે સુસંગત નથી.

યુએસ ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગરૌફિસે આ કેસ પાછો ખેંચવાની દરખાસ્ત પર પ્રશ્નો ઉઠાવ્યા હતા અને પૂછ્યું હતું કે ચાર્જશીટને શા માટે હંમેશા માટે ખતમ કરવી છે? જેના જવાબમાં ન્યાય વિભાગે તર્ક આપ્યો કે જો દરેક કિસ્સામાં પાછા લેવાના કારણો જાહેર કરવામાં આવે, તો તે ભવિષ્યમાં કાયદાકીય રણનીતિ અને આંતરિક ચર્ચાઓને જાહેર કરી દેશે, જે વહીવટી દૃષ્ટિએ યોગ્ય નથી. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, આ કેસમાં જે ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે તમામ ભારતીય ભૂમિ પર બની હતી. ભારતીય તપાસ એજન્સીઓએ આ મુદ્દે ઊંડાણપૂર્વક તપાસ કરી હતી અને તેમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ કે કૌભાંડ મળી આવ્યું નથી.



### રોકાણકારોને કોઈ આર્થિક નુકસાન નહીં

ન્યાય વિભાગે તેમના અહેવાલમાં ખાસ નોંધ્યું છે કે આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન અમેરિકન રોકાણકારોને કોઈ પણ પ્રકારનું નાણાકીય નુકસાન થયું નથી. આ કેસના મહત્વના સાક્ષીઓ અને પુરાવાઓ અમેરિકાની બહાર સ્થિત છે, જેના કારણે પ્રોસિક્યુટર્સ માટે આરોપો સાબિત કરવા અત્યંત મુશ્કેલ હતા. આરોપીઓના અમેરિકાની અદાલતમાં હાજર થવાની સંભાવના નહિવત હોવાથી કાયદાકીય અને પુરાવાકીય જટિલતાઓને જોતા કેસ આગળ ધપાવવો તાર્કિક નહોતો.

નિષ્ણાતોના મતે, આ નિર્ણય ગૌતમ અદાણી અને તેમના જૂથ માટે મોટી રાહત સમાન છે. આંતરરાષ્ટ્રીય મંચ પર તેમની વિશ્વસનીયતામાં આ નિર્ણયથી મોટો ઉછાળો આવી શકે છે. જે કેસને એક વર્ષ પહેલા જ બંધ કરી દેવાની જરૂર હતી, તે હવે સત્તાવાર રીતે સમાપ્ત થયો છે. આ ઘટનાક્રમ દર્શાવે છે કે કાયદાકીય રીતે પુરાવા વગરના આરોપો લાંબો સમય ટકી શકતા નથી.

આમ, ગૌતમ અદાણી સામેના કેસ રદ થવાથી ભારતીય ઉદ્યોગ જગતમાં સકારાત્મક માહોલ જોવા મળી રહ્યો છે. અમેરિકન ન્યાય વિભાગના આ સ્પષ્ટ વલણને કારણે સમગ્ર પ્રકરણ હવે કાયદાકીય પુસ્તકોમાંથી હંમેશા માટે દૂર થઈ ગયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે અદાણી જૂથ પોતાના વ્યવસાયિક લક્ષ્યો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે અને વૈશ્વિક રોકાણકારોનો વિશ્વાસ વધુ મજબૂત થશે.

## વ્હાઈટ હાઉસમાં બેઠક ટળશે

# નેતન્યાહૂ જાણે છે બોસ કોણ છે ટ્રમ્પનો કટાક્ષ



(એજન્સી) નવી દિલ્હી । તા. 05

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વચ્ચેના સંબંધોમાં અત્યારે ગંભીર ખેંચતાણ જોવા મળી રહી છે. વ્હાઈટ હાઉસમાં બંને નેતાઓ વચ્ચે સંભવિત મુલાકાત થવાની શક્યતા છે, પરંતુ આ મુલાકાત અગાઉ જ ટ્રમ્પે કરેલી એક ટિપ્પણીએ ઇઝરાયલી વડાપ્રધાનને રાજકીય રીતે અત્યંત અસહજ સ્થિતિમાં મૂકી દીધા છે.

અમેરિકન સ્વતંત્રતાની ૨૫૦મી વર્ષગાંઠના અવસરે જ્યારે નેતન્યાહૂના કાર્યાલયે બંને નેતાઓની બેઠકના સંકેત આપ્યા હતા, ત્યારે ટ્રમ્પે કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, 'નેતન્યાહૂ જાણે છે કે બોસ કોણ છે, તેમણે વ્હાઈટ હાઉસમાં મળવાની વિનંતી કરી છે.' ટ્રમ્પના આ નિવેદનને ઇઝરાયલી રાજકીય વર્તુળોમાં વડાપ્રધાનના અપમાન તરીકે જોવામાં આવી રહ્યું છે. વ્હાઈટ હાઉસના સૂત્રોના જણાવ્યા અનુસાર, ટ્રમ્પના વ્યસ્ત સમયપત્રકને કારણે આ મુલાકાત નિર્ધારિત સમય કરતા મોડી થઈ શકે છે, જે નેતન્યાહૂની મુશ્કેલીઓમાં વધારો કરી રહ્યો છે.

### ઈરાન યુદ્ધ અને બદલાયેલા સમીકરણો

ડોનાલ્ડ ટ્રમ્પ અને બેન્જામિન નેતન્યાહૂ વચ્ચેની આ મુલાકાત ઈરાન સાથેના સંઘર્ષ બાદ પ્રથમ વખત યોજાઈ રહી છે. ફેબ્રુઆરીમાં બંને વચ્ચેની બેઠક દરમિયાન ઈરાન પર સંયુક્ત હુમલાની યોજના બનાવવામાં આવી હતી, જે આખરે નિષ્ફળ રહી હતી. ત્યારથી જ બંને નેતાઓ વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ છે. મીડિયા અહેવાલો મુજબ, ટ્રમ્પ ખાનગી વાતચીતમાં નેતન્યાહૂ માટે અપશબ્દોનો ઉપયોગ કરતા રહ્યા છે, જે તેમના બગડતા સંબંધોની ચાડી ખાય છે.

ટ્રમ્પનું માનવું છે કે તેમણે ઇઝરાયલ માટે જે કર્યું છે તે અગાઉના કોઈ રાષ્ટ્રપ્રમુખે નથી કર્યું. જો કે, ઇઝરાયલ પર આરોપ છે કે તેમણે અમેરિકા દ્વારા કરવામાં આવેલા શાંતિ કરારને નિષ્ફળ બનાવવા માટે ઇરાદાપૂર્વક લેબનોન પર હુમલો કર્યો હતો. ટ્રમ્પ હવે લાંબા યુદ્ધોમાંથી અમેરિકાને બહાર કાઢવા માંગે છે, જ્યારે ઇઝરાયલની આક્રમક નીતિઓને કારણે ટ્રમ્પની પોતાની લોકપ્રિયતા અને રેટિંગ પર અસર પડી રહી છે. ટ્રમ્પની ટીમ પણ હવે માને છે કે નેતન્યાહૂ લગભગ દરેક મુદ્દે ખોટો દ્રષ્ટિકોણ ધરાવે છે.

### નેતન્યાહૂની રાજકીય મજબૂરી

ઇઝરાયલી વડાપ્રધાન માટે આ સમય અત્યંત પડકારજનક છે. દેશની જનતામાં તેમની ઘટતી લોકપ્રિયતા અને ભ્રષ્ટાચારના આરોપો તેમને ઘેરી રહ્યા છે. ઓક્ટોબરમાં યોજાનારી ચૂંટણીઓ નેતન્યાહૂના રાજકીય ભવિષ્યનો ફેંસલો કરશે. જો તેઓ સત્તા ગુમાવશે, તો તેમની સામે જૂના કાયદાકીય કેસ ફરી જીવંત થઈ શકે છે. બીજી તરફ, ટ્રમ્પ પોતાના દેશના હિતને સર્વોપરી ગણીને અમેરિકાને યુદ્ધના વાતાવરણમાંથી દૂર કરવા માંગે છે.

### આગામી સમયની સ્થિતિ

ટ્રમ્પ અને નેતન્યાહૂનું અલગ-અલગ રાજકીય વલણ સાબિત કરે છે કે વૈશ્વિક ભૂરાજનીતિમાં હિતો બદલાતા મિત્રો વચ્ચે પણ અંતર આવી શકે છે. ટ્રમ્પનું 'અમેરિકા ફર્સ્ટ'નું વલણ અને ઇઝરાયલની યુદ્ધખોર નીતિઓ વચ્ચેનો આ ટકરાવ આગામી સમયમાં મધ્ય-પૂર્વના રાજકારણને કેવી દિશા આપશે તે જોવું રહ્યું. હાલ તો નેતન્યાહૂએ ટ્રમ્પના કટાક્ષ અને અમેરિકાની બદલાયેલી નીતિઓ વચ્ચે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની જહેમત ઉઠાવવી પડી રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### ગુવાહાટીમાં બ્રિક્સ દેશોની નશીલા પદાર્થો અંગે બેઠક



ગુવાહાટી | ભારતની અધ્યક્ષતામાં આસામના પાટનગર ગુવાહાટી ખાતે ૬ થી ૭ જુલાઈ દરમિયાન બ્રિક્સના સભ્ય દેશોના નશાબંધી એજન્સીઓના વડાઓની મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ગૃહ મંત્રાલયના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય સભ્ય દેશો વચ્ચે સંસ્થાકીય સાતત્ય જાળવી રાખવા અને માદક દ્રવ્યોના ગેરકાયદેસર વેપારને ડામવા માટે સહકાર વધારવાનો છે. વર્તમાન સમયમાં ડાર્કનેટ અને ક્રિપ્ટોકરન્સીના માધ્યમથી થતી ડ્રગ્સની હેરાફેરી એક જટિલ આંતરરાષ્ટ્રીય પડકાર બની ગઈ છે. આ ઉપરાંત નવા પ્રકારના સાયન્થેટિક ડ્રગ્સ અને સાયકોએક્ટિવ પદાર્થો યુવા પેઢીના સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો ઊભો કરી રહ્યા છે. આ બેઠક દરમિયાન ભારત આ આધુનિક પડકારો સામે લડવા માટે ટેકનોલોજી અને ડેટા એનાલિટિક્સના ઉપયોગ પર વિશેષ ભાર મૂકશે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા આયોજિત આ બેઠકમાં સભ્ય દેશોના વરિષ્ઠ અધિકારીઓ સામેલ થશે. બેઠકના કાર્યસૂચિમાં મુખ્યત્વે ત્રણ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે: સાયન્થેટિક ડ્રગ્સની હેરાફેરી રોકવી, ગુપ્ત માહિતીનું આદાન-પ્રદાન વધારવું અને ક્ષમતા વર્ધન.

### ઈ-૨૦ પેટ્રોલ અંગેના તમામ દાવાઓ પાયાવિહોણા છે



નવી દિલ્હી | ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે પાડોશી દેશ ભૂતાન દ્વારા ભારતનું ઈ-૨૦ પેટ્રોલ નકારવામાં આવ્યું હોવાના અહેવાલો સંપૂર્ણપણે પાયાવિહોણા અને ખોટા છે. મંત્રાલયે રવિવારે એક સત્તાવાર નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે ભારતની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા ભૂતાનને ઈ-૨૦ પેટ્રોલની નિકાસ કરવા માટે કોઈ પણ પ્રકારની દરખાસ્ત મૂકવામાં આવી નથી. તાજેતરમાં કેટલાક રાજકીય પક્ષો અને મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભૂતાન, નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકાએ ભારતનું ઈ-૨૦ મિશ્રિત પેટ્રોલ લેવાનો ઈનકાર કર્યો છે. આ સમાચારો બાદ ઈ-૨૦ પેટ્રોલની વિશ્વસનીયતા અને કામગીરી અંગે ચિંતાઓ ઊભી થઈ હતી. જોકે, પેટ્રોલિયમ મંત્રાલયે સોશિયલ મીડિયા પર આ તમામ અહેવાલોને નકારી કાઢ્યા છે અને નાગરિકોને ફક્ત સત્તાવાર માહિતી પર જ ભરોસો રાખવાની સલાહ આપી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈ-૨૦ ઈંધણ વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને વ્યાપક પરીક્ષણો પછી જ દેશમાં લાગુ કરવામાં આવ્યું છે.

## પાકિસ્તાની કેમ્પમાં હાહાકાર

# ગ્વાડરમાં પાકિસ્તાની કોસ્ટ ગાર્ડ પર મોટો હુમલો, મજીદ બ્રિગેડનો કાળો કેર

(એજન્સી) નવી દિલ્હી । તા. 05

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં ફરી એકવાર લોહીયાળ સંઘર્ષની જ્વાળાઓ ભભૂકી ઉઠી છે. ગ્વાડર નજીકના પનવાન વિસ્તારમાં આવેલા પાકિસ્તાની કોસ્ટ ગાર્ડના કિલ્લેબંધ કેમ્પ પર શુક્રવારે મોડી સાંજે બલુચ લિબરેશન આર્મીએ એક ભયાનક આત્મઘાતી હુમલો કર્યો હતો. આ હુમલામાં પાકિસ્તાનના ૩૦ જેટલા કોસ્ટ ગાર્ડના જવાનો માર્યા ગયા હોવાના અનેકને ઈજાઓ પહોંચી હોવાના અહેવાલ છે. આ આક્રમક કાર્યવાહી બાદ સમગ્ર વિસ્તારમાં દહેશતનો માહોલ છે.

### આત્મઘાતી ટ્રક દ્વારા તબાહી

મીડિયા અહેવાલ મુજબ, આ હુમલાને અંજામ આપવામાં બલુચ લિબરેશન આર્મીની 'મજીદ બ્રિગેડ' નામના આત્મઘાતી એકમનો હાથ છે. આ આતંકવાદી હુમલાની પદ્ધતિ અત્યંત ઘાતક હતી. હુમલાખોર અતૌલ્લાહ બલુચ ઉર્ફે અજમલે વિસ્ફોટકોથી ભરેલો એક ટ્રક સીધો જ કેમ્પના મજબૂત લોખંડી દરવાજા સાથે અથડાવી દીધો હતો. દરવાજો તોડીને ટ્રક કેમ્પની મધ્યમાં પહોંચતા જ એક વિશાળ વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટની તીવ્રતા એટલી હતી કે કેમ્પમાં તૈનાત ૩૦ જવાનોએ ઘટનાસ્થળે જ દમ તોડ્યો હતો. આ ઘટનામાં ટ્રક ડ્રાઈવર પણ માર્યો ગયો છે અને મૃતકોનો આંકડો વધવાની પૂરી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ચીની હાજરી અને બલુચોનો રોષ

નિષ્ણાતોના મતે, આ હુમલા પાછળ પાકિસ્તાનની અન્યાયી નીતિઓ મુખ્ય કારણ છે. ગ્વાડર વિસ્તારમાં ચીનાઓ દ્વારા બંદરનો વિકાસ કરવામાં આવી રહ્યો છે, જેના વિરોધમાં બલુચ લિબરેશન આર્મી સતત આક્રમક વલણ અપનાવી રહી છે. બલુચિસ્તાનમાંથી કુદરતી સંસાધનો અને દુર્લભ ધાતુઓ પાકિસ્તાન સરકાર દ્વારા કાઢીને વેચવામાં આવે છે, પરંતુ તેના



બદલામાં સ્થાનિક બલુચ લોકોને એક પાઈ પણ મળતી નથી. આ આર્થિક શોષણ અને પાકિસ્તાની સેનાની જોહુકમીને કારણે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ છે, જે હવે સશસ્ત્ર વિપ્લવના સ્વરૂપે બહાર આવી રહ્યો છે.

### પાકિસ્તાની તંત્રનું મૌન

ગમખ્વાર ઘટના બાદ પાકિસ્તાન સરકાર અને ત્યાંની સેના દ્વારા આ મામલે સંપૂર્ણ મૌન સેવવામાં આવ્યું છે. કોઈ પણ સત્તાવાર નિવેદન આપવાનું ટાળીને આ હુમલાની ગંભીરતા છુપાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જોકે, બલુચ લિબરેશન આર્મીની મીડિયા વિંગ 'હક્કાલે'એ આ હુમલાનો વીડિયો પ્રસિદ્ધ કરીને સમગ્ર ઘટનાક્રમની પુષ્ટિ કરી છે. સરકારી મૌન છતાં, આ હુમલાએ પાકિસ્તાનની સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી દીધી છે.

### વ્યૂહાત્મક મહત્વ અને અશાંતિ

ગ્વાડર, પસની અને ઓરમારા જેવા બંદરગાહો ભૌગોલિક રીતે જહાજો માટે અત્યંત અનુકૂળ છે, તેથી ચીન આ વિસ્તારમાં આર્થિક કોરિડોર મારફતે પોતાની પકડ મજબૂત કરવા માંગે છે. પરંતુ બલુચ લિબરેશન આર્મીનું કહેવું છે કે, જ્યાં સુધી બલુચિસ્તાનના લોકોના હકોનું રક્ષણ નહીં થાય અને બહારના દેશોનો હસ્તક્ષેપ બંધ નહીં થાય, ત્યાં સુધી આવા હુમલાઓ ચાલુ રહેશે. આ ઘટનાક્રમ દર્શાવે છે કે બલુચિસ્તાનમાં પાકિસ્તાની સેના અને સ્થાનિક બળવાખોરો વચ્ચેનો સંઘર્ષ હવે વધુ ગંભીર વળાંક પર છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ હુમલાની નોંધ લેવાઈ રહી છે અને પાકિસ્તાન માટે પોતાના જ દેશમાં સુરક્ષા અને આર્થિક સ્થિરતા જાળવી રાખવી હવે મુશ્કેલ બની રહી છે. આવનારા દિવસોમાં આ ક્ષેત્રમાં અશાંતિ વધવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

## પાકિસ્તાનમાં આર્થિક અસમાનતાનું સંકટ ઊંડું બન્યું, વિશ્વ બેન્ક દ્વારા નાણાકીય ગેરવહીવટનો પર્દાફાશ

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 05

પાકિસ્તાનમાં પ્રાંતીય સ્તરે જાહેર ખર્ચમાં જોવા મળતી ભારે અસમાનતા અંગે વિશ્વ બેન્કના નવા અહેવાલે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. મીડિયા અહેવાલ મુજબ, વર્ષોથી નાણાકીય વિકેન્દ્રીકરણના દાવાઓ છતાં, પ્રાંતીય રાજધાનીઓને અન્ય જિલ્લાઓની તુલનામાં અનેકગણું વધુ ભંડોળ મળી રહ્યું છે, જેના કારણે દેશમાં આર્થિક અસમાનતાનો ખાઈ વધુ ઊંડી બની રહી છે.

વિશ્વ બેન્કના 'સ્ટ્રેન્થિનિંગ ફિસ્કલ ફેડરલિઝમ' અહેવાલમાં આંકડાકીય વિગતો ચોંકાવનારી છે. ક્વેટામાં માથાદીઠ ખર્ચ ૫૭,૦૦૦ રૂપિયા છે, જ્યારે બાકીના બલૂચિસ્તાનમાં તે માત્ર ૧૨,૦૦૦ રૂપિયા છે, જે ૪૭૫ ટકાનો વિશાળ તફાવત દર્શાવે છે. આવી જ સ્થિતિ લાહોર અને પેશાવરની પણ છે, જ્યાં રાજધાનીઓમાં અન્ય જિલ્લાઓની સરખામણીએ અનેકગણું વધુ નાણાકીય રોકાણ કરવામાં આવે છે. કરાચીમાં તફાવત થોડો ઓછો છે, પરંતુ ત્યાં પણ અન્ય જિલ્લાઓ કરતા ૧૭૮ ટકા વધુ ખર્ચ કરવામાં આવે છે.

અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે જિલ્લાઓને મળતું ભંડોળ ગરીબીના સ્તર, શિક્ષણ, આરોગ્ય કે માળખાકીય જરૂરિયાતો સાથે જોડાયેલું નથી. આ નાણાકીય ગેરવહીવટ પાછળ નબળું સ્થાનિક શાસન જવાબદાર છે. પ્રાંતીય નાણા પંચો મોટાભાગે નિષ્ક્રિય છે, જેના પરિણામે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને મળતું ભંડોળ ૨૦૦૫ના ૧૦ ટકાથી ઘટીને ૨૦૨૪માં માત્ર ૪.૭ ટકા પર આવી ગયું છે. આ પરિસ્થિતિ બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે. સૌથી ગંભીર બાબત એ છે કે શિક્ષણ અને આરોગ્ય પાછળ ખર્ચ વધારવા છતાં, શાળામાં પ્રવેશ અને સાક્ષરતા દરમાં કોઈ ખાસ સુધારો થયો નથી, ઉલટાનું કેટલાક પ્રદેશોમાં આ આંકડા ઘટ્યા છે.

## ખામેનેઈની અંતિમવિધિમાં બધાને મારી શકત ટ્રમ્પ, US પાસે સભ્યતા નથી, ઈરાનનો વળતો આકરો પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 05

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક તાજેતરના વિવાદાસ્પદ નિવેદને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે, ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ અલી ખામેનેઈની અંતિમવિધિ વખતે જ્યારે દેશના તમામ ટોચના નેતાઓ એકઠા થયા હતા, ત્યારે અમેરિકા ઈચ્છત તો એક જ ઝાટકે તે તમામનો ખાતમો કરી શક્યું હોત. જોકે, પરમાણુ વાટાઘાટોને પ્રાથમિકતા આપવાના હેતુથી અમેરિકાએ આ પગલું ન ભરવાનો નિર્ણય લીધો હતો.

### ટ્રમ્પનો ચોંકાવનારો દાવો

શનિવારે એક મીડિયા અહેવાલ સાથેના ફોન ઇન્ટરવ્યુમાં ટ્રમ્પે આ ખુલાસો કર્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, જો અમેરિકા લશ્કરી કાર્યવાહી કરવા માંગતું હોત તો તે સમયે ઈરાનનું આખું નેતૃત્વ એકસાથે ખતમ થઈ શક્યું હોત. ટ્રમ્પના મતે, તેઓ ઈરાન સાથે પરમાણુ કરાર કરવા માટે ઈચ્છુક છે, અને જો તે તમામ નેતાઓને મારી નાખવામાં આવે તો વાટાઘાટો કરવા માટે કોઈ બચશે જ નહીં. ટ્રમ્પે વધુમાં દાવો કર્યો હતો કે, હાલમાં ઈરાન આર્થિક અને લશ્કરી દબાણ હેઠળ છે, તેથી તે કોઈપણ ભોગે અમેરિકા સાથે સમજૂતી કરવા માટે તૈયાર છે.

### ઈરાનનો તીખો વળતો જવાબ

ટ્રમ્પના આ નિવેદન સામે ઈરાને આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપી છે. આર્મેનિયાના યેરેવાન સ્થિત ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, વ્યક્તિને મારી શકાય છે, પરંતુ તેના આદર્શોને નહીં. દૂતાવાસે અમેરિકા પર સભ્યતા અને સન્માનના અભાવનો આરોપ લગાવતા કહ્યું કે, જે દેશ પોતાની આઝાદીની ૨૫૦મી વર્ષગાંઠ ઉજવી રહ્યો છે, તે ખામેનેઈના અવસાન પર ઉમટેલી જનમેદનીના શોક અને લાગણીના પૂરને ક્યારેય સમજી શકશે નહીં. ઈરાને ટ્રમ્પના શબ્દોને સંસ્કૃતિહીન ગણાવ્યા છે.

### પારિવારિક કરૂણાંતિકા અને શોક

આયતુલ્લાહ ખામેનેઈના પાર્થિવ દેહને તેહરાનના ઈમામ ખુમેની ગ્રાન્ડ મોસલ્લા ખાતે અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો છે. આ હુમલામાં ખામેનેઈની સાથે તેમના પરિવારના સભ્યો, જેમાં તેમની પુત્રી, જમાઈ, પુત્રવધૂ અને ૧૪ મહિનાની પૌત્રીનો પણ સમાવેશ થાય છે, તેમણે જીવ ગુમાવ્યો હતો. જનાજામાં ઉમટેલી માનવમેદની જોઈને ટ્રમ્પ પોતે પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ટ્રમ્પે સ્વીકાર્યું હતું કે, તેમને એવી ધારણા હતી કે ઈરાની જનતા પોતાના નેતાને ધિક્કારે છે, પરંતુ આટલી મોટી સંખ્યામાં લોકોને જોઈને તેમને આંચકો લાગ્યો હતો.

**આક્રોશ** રાજ્ય દમન વિરુદ્ધ જનતાનો આક્રોશ વકર્યો, માનવ અધિકારના ઉલ્લંઘન સામે લોકો રસ્તા પર

# પાક અધિકૃત કાશ્મીરમાં હવે ફાટી નીકળ્યું જન આંદોલન

(એજન્સી) મુઝફ્ફરાબાદ । તા. 05

અધિકૃત જમ્મુ-કાશ્મીરમાં અત્યાચાર અને સરકારી દમન સામે લોકોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. જમ્મુ-કાશ્મીર જોઈન્ટ આવામી એક્શન કમિટીએ સમગ્ર ક્ષેત્રમાં વ્યાપક વિરોધ પ્રદર્શનનું એલાન આપ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, પાકિસ્તાની સત્તાવાળાઓ દ્વારા સ્થાનિક કાર્યકરોની ધરપકડ, ગુમ કરવા અને ડરાવવાના ખેલ સામે લોકો હવે રસ્તા પર ઉતરી આવ્યા છે.



સમિતિના સભ્ય સરદાર ઉમર નજીર કાશ્મીરીએ સોશિયલ મીડિયા પર આ આંદોલનમાં જોડાવા માટે તમામ લોકોને હાકલ કરી છે. તેમણે આ સંઘર્ષને અત્યાચાર અને રાજ્ય દમન સામેનો સામૂહિક અવાજ ગણાવ્યો છે. મુઝફ્ફરાબાદ, જેલમ ખીણ અને નીલમ જિલ્લામાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે, જ્યાં સુરક્ષા દળો દ્વારા દબાણ લાવવાના પ્રયાસો વધારી દેવામાં આવ્યા છે. સંગઠનના નેતા શૌકત નવાઝ મીરની અટકાયત બાદ જનતામાં રોષની લાગણી વધુ પ્રબળ બની છે.

આંદોલનકારીઓનું કહેવું છે કે નેતાઓની ધરપકડ કરીને લોકોના અવાજને દબાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, પરંતુ આ કાર્યવાહીથી જનતાનું મનોબળ તૂટવાને બદલે વધુ મજબૂત બન્યું છે. દરમિયાન, આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પાકિસ્તાનની ભારે ટીકા થઈ રહી છે. માનવ અધિકાર માટે કામ કરતી વૈશ્વિક સંસ્થાઓએ પણ આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે, પ્રાદેશિક ચૂંટણી પહેલા પાકિસ્તાન દ્વારા કરવામાં આવતી આ હિંસક કાર્યવાહી માનવ અધિકારનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.

મીડિયા અહેવાલ મુજબ, આ સંસ્થાને પ્રતિબંધિત જાહેર કરવી એ શાંતિપૂર્ણ રાજકીય પ્રવૃત્તિઓ પરનો હુમલો છે. સ્થાનિકોને ડર્યા વગર અને હિંમત દાખવીને શાંતિપૂર્ણ વિરોધ ચાલુ રાખવા માટે અપીલ કરવામાં આવી છે. પાકિસ્તાન સરકારની આ દમનકારી નીતિઓ સામે હવે વિશ્વ સમુદાય પણ પાકિસ્તાનને જવાબદાર ઠેરવવા માટે દબાણ વધારી રહ્યો છે.

## ભૂકંપ બાદ વેનેઝુએલાને ઓપરેશન અમિતાદની રાહત

(એજન્સી) નવી દિલ્હી । તા. 05

વેનેઝુએલામાં આવેલા વિનાશક ભૂકંપના પગલે સર્જાયેલી ગંભીર સ્થિતિમાં ભારત દેવદૂત બનીને સામે આવ્યું છે. ભારતે 'ઓપરેશન અમિતાદ' હેઠળ વેનેઝુએલામાં આર્મી ફિલ્ડ હોસ્પિટલ સ્થાપીને હજારો અસરગ્રસ્તોને તબીબી સહાય પૂરી પાડી છે. આ નિઃસ્વાર્થ સેવા બદલ વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલસી રોડ્રિગ્ઝે ભારતનો વિશેષ આભાર માન્યો છે.

ગત જૂન મહિનામાં વેનેઝુએલામાં આવેલા બે શક્તિશાળી ભૂકંપને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ આફતમાં ૨,૬૪૫ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૩૮,૫૦૦થી વધુ લોકો ગુમ હોવાની આશંકા છે. આવી કપરી ઘડીમાં ભારત સહિતના દેશોએ જે એકતા દર્શાવી છે, તેને બિરદાવતા રાષ્ટ્રપતિ રોડ્રિગ્ઝે જણાવ્યું હતું કે, "વેનેઝુએલા આ સહાયને ક્યારેય ભૂલી શકશે નહીં. ભારત અને અન્ય દેશોના બચાવકર્મીઓનું યોગદાન અત્યંત અમૂલ્ય છે. અમારો દેશ ફરીથી બેઠો થશે."

વેનેઝુએલામાં તબાહીનું પ્રમાણ ખૂબ મોટું છે. સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ પ્રમાણે, આ ભૂકંપથી અંદાજે ૬.૭ અબજ ડોલરનું સીધું આર્થિક નુકસાન થયું છે, જે દેશના કુલ ઘરેલું ઉત્પાદનના ૬ ટકા જેટલું છે. પાયાની સુવિધાઓ અને માળખાગત સુવિધાઓ સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ છે. આવા સમયે ભારતીય આર્મી ફિલ્ડ હોસ્પિટલે પોતાની કુશળતા દ્વારા લાખો લોકો માટે આશાનું કિરણ જગાવ્યું છે. વેનેઝુએલામાં ભારતીય દૂતાવાસે એક નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે 'ઓપરેશન અમિતાદ' માત્ર એક તબીબી મિશન નથી, પરંતુ તે બંને દેશો વચ્ચેની મિત્રતાનું પ્રતીક છે.

### ઘાટમાર્ગમાં કલાકો સુધી ટ્રાફિક જામ..

# વરસાદ ખુલતા સાપુતારામાં પ્રવાસીઓનો ઘોડાપૂર

**સર્પગંગા તળાવ, ટેબલ પોઇન્ટ સહિતના પ્રવાસન સ્થળોએ ભારે ભીડ,પોલીસની જહેમત બાદ વાહનવ્યવહાર પૂર્વવત**




ડાંગ | ચોમાસાની એન્ટ્રી સાથે જ ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારામાં પ્રવાસીઓનો ધસારો શરૂ થઈ ગયો છે.ગાઢ ધુમ્મસ, હરિયાળા ડુંગરો અને વરસાદી માહોલ વચ્ચે કુદરતી સૌંદર્યનો આસ્વાદ માણવા મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડ્યા છે. આજે દિવસ દરમ્યાન વરસાદે વિરામ લેતાં જ સાપુતારાની પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠી હતી. સમગ્ર ગિરિમથક ગાઢ ધુમ્મસની મનમોહક ચાદરમાં લપેટાઈ જતા આ અદભૂત નજારો નિહાળવા પ્રવાસીઓ મોટી સંખ્યામાં પહોંચ્યા હતા.ભારે જનમેદનીને કારણે સાપુતારાના તમામ મુખ્ય પ્રવાસન સ્થળોએ ભારે ભીડ જોવા મળી હતી.પ્રવાસીઓની વધતી અવરજવરને કારણે સાપુતારા-માલેગામ ઘાટમાર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી, જેના પરિણામે કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.બીજી તરફ સ્થાનિક હોટલો, રિસોર્ટ્સ અને હોમસ્ટેના તમામ રૂમો અગાઉથી જ બુક થઈ જતા અનેક સ્થળોએ 'હાઉસફુલ'ના પાટિયા જોવા મળ્યા હતા.ચોમાસાની શરૂઆતની સાથે જ સાપુતારા ફરી એકવાર પ્રકૃતિપ્રેમી પ્રવાસીઓની પ્રથમ પસંદગીનું ડેસ્ટિનેશન બન્યું છે.શનિ રવિની રજાઓમાં સર્પગંગા તળાવ ખાતે નૌકાવિહારનો આનંદ માણવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા.

ઉપરાંત સાપુતારાના હાર્દ સમાન ટેબલ પોઈન્ટ પર પણ ભારે ચહલપહલ જોવા મળી હતી, જ્યાં પ્રવાસીઓએ ઘોડેસવારી, ઊંટ સવારી તેમજ વિવિધ એડવેન્ચર પ્રવૃત્તિઓનો ભરપૂર આનંદ માણ્યો હતો. સાપુતારા ખાતે પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતાં સ્થાનિક નાના-મોટા વેપારીઓ, હોટેલ અને રિસોર્ટ સંચાલકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જો આગામી દિવસોમાં પણ વરસાદનું વાતાવરણ યથાવત રહેશે તો પ્રવાસીઓની સંખ્યામાં વધુ વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.સાપુતારા-શામગહાન ઘાટમાર્ગ તેમજ વિવિધ પ્રવાસન સ્થળોએ સર્જાયેલી ભીડ અને ટ્રાફિકની સમસ્યાને નિયંત્રણમાં લેવા માટે સાપુતારા પોલીસ મથકના પી.આઈ. જે. કે. બારીયા અને તેમની ટીમે સ્થળ પર પહોંચી ભારે જહેમત ઉઠાવી હતી. કલાકોની કામગીરી બાદ પોલીસે વાહનવ્યવહાર પૂર્વવત કરી ટ્રાફિક પર સફળતાપૂર્વક કાબૂ મેળવ્યો હતો.આ ઉપરાંત ડાંગ જિલ્લાના વઘઈ નજીક આવેલા ગીરાધોધ તેમજ ગીરમાળના ગીરાધોધ ખાતે પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડતાં સમગ્ર વિસ્તાર પ્રવાસીઓથી ધમધમી ઉઠ્યો હતો..

**ડાંગ જિલ્લામાં વરસાદ ઓછો થવાના કારણે જિલ્લાના તમામ માર્ગો પુન:યાતાયાત માટે શરૂ થયા, ગતરોજ ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે 2 પશુ મૃત્યુ નોંધાયા.**

# ડાંગ જિલ્લામાં છેલ્લા 10 કલાકમાં સરેરાશ 2.33 મિમી વરસાદ નોંધાયો..




ડાંગ | ડાંગ જિલ્લામાં તારીખ 4 જુલાઇ, 2026નાં શનિવારે સવારના 6 કલાકેથી સાંજના 4 વાગ્યા સુધીનાં છેલ્લા 10 કલાક દરમિયાન જિલ્લામાં સરેરાશ 2.33 મી.મી. વરસાદ નોંધાયો છે.જિલ્લાના ડિઝાસ્ટર કક્ષ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, છેલ્લા 10 કલાક દરમિયાન આહવા તાલુકામા 7 મી.મી (મોસમનો કુલ 434 મી.મી), વઘઈમાં 0 મી.મી (મોસમનો કુલ 523 મી.મી), સુબીરમા 0 મી.મી (મોસમનો કુલ 484 મી.મી), મળી જિલ્લામાં સરેરાશ 2.33 મી.મી (મોસમનો કુલ 480.33 મી.મી) વરસાદ નોંધાયો છે.દરમિયાન આ લખાય છે ત્યાં સુધી, એટલે કે આજે સાંજના ચાર વાગ્યાની સ્થિતિએ ડાંગ જિલ્લા પંચાયત હસ્તકના તમામ માર્ગો ખુલ્લા થવા પામ્યા છે. ગત રોજ ભારે વરસાદના કારણે 37 જેટલાં રસ્તાઓ અવરોધાયા હતા. જે માર્ગો આજરોજ સવાર થી પુન:યાતાયાત માટે શરૂ થયાં છે. ગતરોજ ભારે વરસાદના કારણે ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં સમાવિષ્ટ સુંદા ગામે દિનેશભાઇ સીતારામભાઇ ભોયેના ઘરે રાત્રીના 10 વાગ્યાનાં સુમારે એક પાડાનું શેડમાં દબાઇ જવાથી મૃત્યુ થયુ હતુ.જ્યારે વઘઇ તાલુકાના અશ્વિનભાઇ મંગુભાઇ દેવળેનો પાડો સાંજના 5 કલાકે અંબિકા નદીના પૂરમાં તણાઇ જવાથી મૃત્યુ પામ્યો હતો. તેમજ સુબીર તાલુકાના સાવરપાડા પ્રાથમિક શાળામાં વધુ વરસાદના કારણે આશરે 25 ફુટ જેટલી કમ્પાઉન્ડ વોલને નુકશાન થયેલ છે .ડાંગ જિલ્લામા વરસાદની આગાહીને પગલે કલેક્ટર એન.ડી.પરમાર સમગ્ર પરિસ્થિતિ ઉપર નજર રાખી, તંત્રના સંબંધિત વિભાગોને માર્ગદર્શિત કરી રહ્યા છે. દરમિયાન લાઇન ડિપાર્ટમેન્ટના અધિકારી, કર્મચારીઓને સંભવિત પરિસ્થિતિ ધ્યાને લેતા, તેમનું કાર્યમથક નહિ છોડવાની પણ સુચના આપવામા આવી છે.ઉલ્લેખનિય છે કે, ચોમાસાની ઋતુમા ડાંગ જિલ્લાની વનાચ્છાદિત પ્રકૃતિને મનભરીને માણવા માટે, પ્રકૃતિપ્રેમી પર્યટકો ડાંગ જિલ્લામા ઉમટી પડે છે. ત્યારે અહીંના નદી, નાળા, કોતરો, જળધોધ, ખીણ પ્રદેશ, ડુંગરો, વૃક્ષો, વન્યજીવો વિગેરે સાથે સેલ્ફી લેતા કે ફોટોગ્રાફી કરતા લોકો, ક્યારેક અજાણતા જ પોતાના કે અન્યોના જીવનુ જોખમ ઊભું કરતા હોય છે. જેમને સભાનપણે અહીંના પ્રાકૃતિક નજારાને માણવા માટે જિલ્લા વહીવટી તંત્રએ અનુરોધ કર્યો છે. ડાંગ જિલ્લા વરસાદ અને નુકસાની અહેવાલ (સ્થિતિ: ૪ જુલાઈ, ૨૦૨૬) વરસાદની સ્થિતિ: છેલ્લા ૧૦ કલાકમાં (સવારે ૬ થી સાંજે ૪ વાગ્યા સુધી) જિલ્લામાં સરેરાશ ૨.૩૩ મી.મી. વરસાદ નોંધાયો છે. આહવા: ૭ મી.મી. (મોસમનો કુલ ૪૩૪ મી.મી.) વઘઈ: ૦ મી.મી. (મોસમનો કુલ ૫૨૩ મી.મી.) સુબીર: ૦ મી.મી. (મોસમનો કુલ ૪૮૪ મી.મી.) જિલ્લાનો કુલ સરેરાશ વરસાદ: ૪૮૦.૩૩ મી.મી માર્ગ અને વ્યવહાર: ગત રોજ ભારે વરસાદને કારણે બંધ થયેલા ૩૭ રસ્તાઓ હવે વાહનવ્યવહાર માટે ફરી ખુલ્લા કરી દેવામાં આવ્યા છે. થયેલ નુકસાની: આહવા: સુંદા ગામે દિનેશભાઈ ભોયેના ઘરે શેડમાં દબાઈ જવાથી એક પાડાનું મૃત્યુ. વઘઈ: અશ્વિનભાઈ દેવળેનો પાડો અંબિકા નદીના પૂરમાં તણાઈ જવાથી મૃત્યુ. સુબીર: સાવરપાડા પ્રાથમિક શાળામાં ૨૫ ફૂટ લાંબી કમ્પાઉન્ડ વોલને નુકસાન. વહીવટી તંત્રની સૂચના: કલેક્ટર એન.ડી. પરમાર સમગ્ર સ્થિતિ પર દેખરેખ રાખી રહ્યા છે.

# અમરનાથ યાત્રા ત્રીજો દિવસ, 9 જુલાઈ સુધી રજીસ્ટ્રેશન સ્લોટ ફૂલ

- **પ્રશાસને કહ્યું- રજીસ્ટ્રેશન નહીં તો યાત્રા મુલતવી રાખો; નવો ક્વોટા ન મળે ત્યાં સુધી ચેકપોઇન્ટ પર રોકાવું પડશે**



પહેલગામ | જમ્મુ-કાશ્મીર પ્રશાસને રજીસ્ટ્રેશન કરાવ્યા વિના અમરનાથ પહોંચી રહેલા યાત્રાળુઓને જણાવ્યું છે કે તેઓ પોતાની યાત્રા થોડા દિવસ માટે મુલતવી રાખે. પ્રશાસન અનુસાર, 9 જુલાઈ સુધીના તમામ રજીસ્ટ્રેશન સ્લોટ સંપૂર્ણપણે ફુલ થઈ ગયા છે.

આવી સ્થિતિમાં, જો કોઈ યાત્રી રજીસ્ટ્રેશન વિના બાલતાલ અથવા પહેલગામ રૂટ પરથી આગળ વધવાનો પ્રયાસ કરશે તો તેને ચેકપોઈન્ટ્સ પર રોકી દેવામાં આવશે. તેને 9 જુલાઈ પછી જ આગળ જવા દેવામાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું કે રવિવારથી ફક્ત રજીસ્ટર્ડ યાત્રાળુઓને જ કાશ્મીર તરફ જવાની મંજુરી આપવામાં આવશે. રજીસ્ટ્રેશન વિનાના યાત્રાળુઓને ચેકપોસ્ટ પર રોકી દેવામાં આવશે.

જમ્મુ ડિવિઝનલ કમિશનર રમેશ કુમારે જણાવ્યું કે 3 દિવસમાં 13 હજારથી વધુ રજીસ્ટર્ડ યાત્રાળુઓ બાલતાલ-પહેલગામ રૂટ પરથી બાબા બર્ફાનીના દર્શન માટે બેઝ કેમ્પથી રવાના કરવામાં આવ્યા છે.

3 જુલાઈથી શરૂ થયેલી યાત્રા 28 ઓગસ્ટે પુરી થશે. 57 દિવસ દરમિયાન 14 કિમી લાંબા બાલતાલ રૂટ અને 48 કિમી લાંબા પહેલગામ રૂટ પરથી યાત્રાળુઓ ગુફા માટે જશે.

પહેલગામ રૂટ પર યાત્રા દરમિયાન એક પોલીસ અધિકારી યાત્રાળુ સાથે વાતચીત કરતા. સુરક્ષામાં તહેનાત જવાનો તમામ યાત્રાળુઓને મદદ કરી રહ્યા છે.

પહેલગામ રૂટ પર યાત્રા દરમિયાન એક પોલીસ અધિકારી યાત્રાળુ સાથે વાતચીત કરતા. સુરક્ષામાં તહેનાત જવાનો તમામ યાત્રાળુઓને મદદ કરી રહ્યા છે.

યાત્રા દરમિયાન માઉન્ટેન રેસ્ક્યુ ટીમ (MRT) નો એક અધિકારી એક યાત્રાળુને મેડિકલ સહાયતા આપતો. ઊંચાઈ પર ઓક્સિજનની કમી થઈ જાય છે.

યાત્રા દરમિયાન માઉન્ટેન રેસ્ક્યુ ટીમ (MRT) નો એક અધિકારી એક યાત્રાળુને મેડિકલ સહાયતા આપતો. ઊંચાઈ પર ઓક્સિજનની કમી થઈ જાય છે.

શનિવારે અનંતનાગમાં અમરનાથ ગુફા મંદિરમાં પૂજા કર્યા પછી પાછા ફરતી વખતે એક ભક્ત પોતાના ખભા પર ભગવાન શિવની મૂર્તિ લઈને જતો જોવા મળ્યો.

શનિવારે અનંતનાગમાં અમરનાથ ગુફા મંદિરમાં પૂજા કર્યા પછી પાછા ફરતી વખતે એક ભક્ત પોતાના ખભા પર ભગવાન શિવની મૂર્તિ લઈને જતો જોવા મળ્યો.

## News Brief

### 'કોઇએ ખિસ્સામાં તો કોઇએ મોજામાં નોટોની ગડ્ડી સંતાડી...', રામ મંદિર દાન ચોરીના CCTV રિકવર



(એજન્સી) નવી દિલ્હી | તા.05

અયોધ્યાના રામ મંદિરમાં દાન ચોરી કેસમાં SITએ ડીલીટ થયેલા CCTV ફૂટેજ રિકવર કર્યા છે. જેમાં કેટલાક લોકો ખિસ્સા અને મોજામાં નોટો છુપાવતા દેખાયા છે. આ ફૂટેજમાં આરોપીઓના ચહેરા સ્પષ્ટ ન હોવાથી હાઈ-ઝૂમ રિઝોલ્યુશનથી ઓળખ પ્રયાસો ચાલુ છે. નિર્માણ એજન્સી L&T અને સુપરવિઝન એજન્સીના એન્જિનિયરોની પણ પૂછપરછ કરાઈ છે. SIT બાંધકામમાં ગેરરીતિ અને જમીન સોદાની પણ તપાસ કરી રહી છે.અયોધ્યા રામ મંદિર દાન ચોરી કેસની તપાસ પૂરજોશમાં ચાલી રહી છે. અયોધ્યામાં બે દિવસ સુધી ધામા નાખીને બેસેલી SITના હાથે ચઢાવાની ચોરીના ગાયબ થયેલા રેકોર્ડ પણ લાગ્યા છે. એવી માહિતી મળી રહી છે કે, વિશેષ સોફ્ટવેરની મદદથી ડિલિટ કરવામાં આવેલા CCTV ફૂટેજ રિકવર કરી લેવાયા છે, જેમાં દાનની ચોરી કરનારાઓની કરતૂત કેદ થયેલી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રિકવર કરાયેલા ફૂટેજમાં કોઈ ખિસ્સામાં તો કોઈ મોજામાં નોટોના બંડલ છુપાવતું જોવા મળ્યું છે. શ્રદ્ધા અને આસ્થાને શર્મસાર કરી દેનારી આવી કેટલીય ઘટનાઓ કેદ થઈ છે, જેને જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા છે. ફૂટેજમાં ચહેરા સ્પષ્ટ ન દેખાતા હોવાથી તેની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. હાઈ-ઝૂમ રિઝોલ્યુશન પર આરોપીઓના ચહેરા ઓળખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પહેલાં જ ખુલાસો થઈ ચૂક્યો છે કે, ચઢાવાની રકમ સગેવગે કરવા માટે આરોપીઓ CCTV કેમેરા સામે એવી રીતે ઊભા રહેતા હતા જેથી કોઈનો ચહેરો સ્પષ્ટ ન આવી શકે. અગાઉ મળેલા CCTV ફૂટેજમાં બ્લાઈન્ડ સ્પોટ જોવા મળ્યા છે.આ જ આધાર પર ડિલીટ કરાયેલા ફૂટેજને રિકવર કરવાની યોજના તૈયાર કરવામાં આવી હતી. આ યોજના હેઠળ જ ખાસ સોફ્ટવેરની મદદથી કેટલાક ફૂટેજ રિકવર કરી લેવાયા છે. આ ફૂટેજના આધારે હવે એ સ્પષ્ટ થઈ જશે કે દાનની ચોરીનો અસલી માસ્ટરમાઈન્ડ કોણ હતો અને સુરક્ષામાં ક્યાં-ક્યાં ખામીઓ રહી ગઈ હતી તથા આ કોઈ સુનિયોજિત કાવતરાનો ભાગ હતો કે પછી માત્ર સામાન્ય ચોરી જ હતી. SIT હાલ આ તમામ સવાલોના જવાબો શોધવાનો પ્રયાસ કરી રહી છે. આ સાથે જ એવી પણ માહિતી મળી છે કે, CCTV ફૂટેજની દેખરેખ રાખવાની જવાબદારી જેમના શિરે હતી તેવા એક મુખ્ય સભ્યને તેડું મોકલીને પૂછપરછ કરવામાં આવી છે અને આ મામલે જવાબદાર અધિકારીને બરાબરની ફિટકાર લગાવવામાં આવી.રામ મંદિરમાં દાનની ચોરીના કેસની તપાસ માટે રચાયેલી SITના લપેટામાં હવે નિર્માણ એજન્સીઓ પણ આવી ગઈ છે. તપાસના બીજા દિવસે SITના અધિકારીઓએ રામ મંદિરની બાંધકામ એજન્સી એલએન્ડટી (L&T) અને સુપરવિઝન એજન્સીઓના એન્જિનિયરોને તેડું મોકલીને પૂછપરછ કરી હતી. આ પૂછપરછ દરમિયાન TEC તરફથી એન્જિનિયર જગદીશ આફલે અને ગિરીશ સહસ્ત્ર ભોજની ઉપરાંત એલએન્ડટીના પણ એન્જિનિયરો હાજર રહ્યા હતા અને તેમણે અધિકારીઓના સવાલોના જવાબો આપ્યા હતા. તપાસ અધિકારીઓએ આ તમામ પૂછપરછની સાથે-સાથે બાંધકામને લગતા દસ્તાવેજો અને રેકોર્ડ પણ મંગાવ્યા છે. હાલ આ બાંધકામ રેકોર્ડની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે, જે શનિવારે પણ યથાવત રહી હતી. જો કે, SITના મુખ્ય ત્રણેય ઉચ્ચ અધિકારીઓ લખનઉ પરત ફર્યા છે અને તેઓ સોમવારે ફરી અયોધ્યા આવશે. આમ છતાં, અધિકારીઓનો સ્ટાફ ત્રીજા દિવસે પણ અહીં તૈનાત રહ્યો હતો અને તેમણે રેકોર્ડની તપાસ કરીને રિપોર્ટ તૈયાર કર્યો છે.

એક તરફ દાનની ચોરી મામલે મુખ્ય આરોપીઓની ઓળખ કરી લેવામાં આવી છે. આ ઉપરાંત, આ ચોરી ક્યારથી શરૂ થઈ, સુરક્ષા અને દેખરેખની શું વ્યવસ્થાઓ હતી, ક્યાં ખામી રહી ગઈ અને આવી ચોરીઓ અટકાવવા માટેના ઉપાયો અંગેના સૂચનો પણ આપવામાં આવ્યા છે. જ્યારે બીજી તરફ રામ મંદિરમાં વિવિધ મામલે થયેલી ગેરરીતિઓ તેમજ જમીનની ખરીદ-વેચાણ સાથે સામગ્રીની સપ્લાય (પૂર્તિ) અને બાંધકામની કામગીરીમાં થયેલી અનિયમિતતાઓની પણ ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.તમને જણાવી દઈએ કે, SITના ચેરમેન પોતે આઈઆઈટીયન છે અને તેઓ આવી તકનીકી બાબતોમાં વિશેષ કુશળતા ધરાવે છે. તેનો ફાયદો પણ તપાસ ટીમને મળી રહ્યો છે. હાલમાં SIT આ મામલે સંપૂર્ણ ગોપનીયતા જાળવી રહી છે. એસઆઈટી ઈચ્છે છે કે કોઈ પણ સંજોગોમાં આ તપાસ પર આંચ ન આવે અને તપાસને લગતો એક પણ તથ્ય (પૂરાવો) બહાર ન નીજાય. આ અંગે યોગ્ય ફોરમ પર જ રિપોર્ટની ચર્ચા કરવામાં આવશે અને ત્યારબાદ જ આગળની યોગ્ય કાર્યવાહી અંગેનો નિર્ણય લેવાશે. જન્મભૂમિ પરિસરમાં બે દિવસ સુધી ઝીણવટભરી તપાસ કર્યા બાદ SITના ઉચ્ચ અધિકારીઓ શુક્રવારે મોડી સાંજે લખનઉ હેડક્વાર્ટર પરત ફર્યા છે, પરંતુ ટેકનિકલ સ્ટાફ શનિવારે પણ ત્યાં હાજર રહ્યો હતો અને દિવસભર મહેસૂલ રેકોર્ડની ચકાસણી કરવાની કામગીરી ચાલી હતી. આ દરમિયાન કોઈ પ્રમુખ વ્યક્તિઓની પૂછપરછ થઈ હોવાની માહિતી મળી નથી.

### નામિબિયા અને મોરોક્કો જેવા દેશો પણ ભારતથી આગળ

# પાસપોર્ટ રેન્કિંગમાં ભારતનું ખરાબ પ્રદર્શન, ટોપ-100 ની યાદીમાંથી બહાર

(એજન્સી) નવી દિલ્હી | તા.05

'ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ 2026'માં ભારતીય પાસપોર્ટ 125મા સ્થાને પહોંચ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના રેન્કિંગમાં ફરી ઘટાડો થયો છે. હવે ભારતીય પાસપોર્ટ ધારકો વિશ્વના માત્ર 26 દેશોમાં જ વિઝા વિના પ્રવાસ કરી શકશે. ગયા વર્ષે ભારત 124મા ક્રમે હતું. પાડોશી દેશોમાં ચીન 104મા સ્થાને છે, જ્યારે પાકિસ્તાન 188મા સ્થાને સૌથી નીચે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવાસની સુવિધા અને પાસપોર્ટની મજબૂતાઈ દર્શાવતા 'ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ 2026' ના તાજા આંકડા જાહેર થઈ ગયા છે. આ વર્ષના ઈન્ડેક્સમાં ભારતીય પાસપોર્ટના રેન્કિંગમાં ફરી એકવાર ઘટાડો નોંધાયો છે અને ભારત ખસીને 125મા સ્થાન પર આવી ગયું છે. આ રેન્કિંગ ઘટવાને કારણે હવે ભારતીય પાસપોર્ટ ધારકો વિશ્વના માત્ર 26 દેશોમાં જ વિઝા વિના (Visa-Free) અથવા વિઝા ઓન અરાઈવલની સુવિધા સાથે પ્રવાસ કરી શકશે. વર્ષ 2025 માં ભારત 124મા ક્રમે હતું, પરંતુ આ વર્ષે તેમાં એક સ્થાનનો ઘટાડો થયો છે અને દેશ ટોપ 100 ની યાદીથી વધારે દુર થયો છે. વૈશ્વિક યાદીમાં ભારતીય પાસપોર્ટનું રેન્કિંગ નામિબિયા કરતાં પણ નીચે છે. આ ઉપરાંત ફિલિપીન્સ, મોરોક્કો અને ઉઝબેકિસ્તાન જેવા દેશો પણ આ યાદીમાં ભારત કરતાં આગળ છે. જ્યારે ભારત અઝરબૈજાન અને કિર્ગિઝસ્તાન કરતાં વધુ સારી સ્થિતિમાં છે. હાલમાં ભારતીય નાગરિકો ભૂટાન, નેપાળ, જમૈકા, મકાઉ, પેલેસ્ટાઈન, ટ્યુનિશિયા, અંગોલા અને બાર્બાડોસ જેવા 26 સ્થળોએ વિઝા વગર જઈ શકે છે. જોકે, અમેરિકા, યુકે, જર્મની, ફ્રાન્સ, ચીન અને યુએઈ (UAE) સહિત વિશ્વના આશરે 88 દેશોમાં પ્રવેશવા માટે ભારતીયોએ આજે પણ ફરજિયાત વિઝા લેવા પડે છે.

ભારતના પાડોશી દેશોની વાત કરીએ તો, ચીન 104મા ક્રમે છે જે ભારત (125મું સ્થાન) કરતાં ઘણું આગળ છે. જોકે, દક્ષિણ એશિયાના અન્ય દેશોની સરખામણીમાં ભારતની સ્થિતિ ઘણી સારી છે. ઈન્ડેક્સમાં બાંગ્લાદેશ 166મા, નેપાળ 164મા અને પાકિસ્તાન 188મા સ્થાને છે. પાકિસ્તાન આ વૈશ્વિક ઈન્ડેક્સમાં સૌથી નીચે રહેલા દેશોમાં સામેલ છે.ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ 2026 ની ટોપ 10 ની યાદીમાં મોટા ભાગના યુરોપીય દેશોએ પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. આ વર્ષે સૌથી મોટો ઉલટફેર એ થયો છે કે વૈશ્વિક સ્તરે શક્તિશાળી ગણાતા અમેરિકા અને ફ્રાન્સ બંને સંયુક્ત રીતે 11મા સ્થાને આવી ગયા છે અને ટોપ 10 માં સ્થાન મેળવવાથી વંચિત રહી ગયા છે.

# NFR ના RPF દ્વારા છ દિવસમાં કાનૂની કાર્યવાહી કરવામાં આવી હતી

**જેમાં ₹43 લાખથી વધુની કિંમતની ગેરકાયદેસર અને કિંમતી વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી, અને 17 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.**




માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) ના રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) એ 25 થી 30 જૂન, 2026 દરમિયાન તેના અધિકારક્ષેત્રમાં ગુના અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સઘન ઝુંબેશ હાથ ધરી હતી. આ સમયગાળા દરમિયાન, RPF ના કર્મચારીઓએ વિવિધ રેલ્વે સ્ટેશનો અને ટ્રેનો પર અનેક સફળ કામગીરી હાથ ધરી હતી. આ કામગીરીના પરિણામે માદક દ્રવ્યો, ગેરકાયદેસર દારૂ, ચોરાયેલો માલ, ગેરકાયદેસર ટ્રેન ટિકિટો અને રોકડ રકમની રિકવરી તેમજ ગુનેગારોની અટકાયત, સંવેદનશીલ મુસાફરોને બચાવવા અને રેલ્વે મિલકતનું રક્ષણ કરવામાં આવ્યું હતું. આ સતત કામગીરી ઉત્તરપૂર્વ ફ્રન્ટીયર રેલ્વેની સલામત અને મુસાફરો-મૈત્રીપૂર્ણ રેલ નેટવર્ક સુનિશ્ચિત કરવા માટે અટલ પ્રતિબદ્ધતા દર્શાવે છે.છ દિવસ દરમિયાન, RPF ના કર્મચારીઓએ 36 સફળ કામગીરી હાથ ધરી હતી. આ કેસોમાં, આશરે 41.99 લાખની કિંમતનો 83.984 કિલો ગાંજો, 39,000 થી વધુ કિંમતનો ગેરકાયદેસર દારૂ/બિયરની 343 બોટલ અને એક કેન, 1.12 લાખથી વધુ કિંમતના 7 મોબાઈલ ફોન, 7,000 થી વધુ કિંમતની 2 ગેરકાયદેસર રેલ્વે ટિકિટ અને 35,000 થી વધુ રોકડ જપ્ત કરવામાં આવી હતી. જપ્ત કરાયેલી વસ્તુઓની કુલ કિંમત 43.92 લાખથી વધુ હતી. RPF કર્મચારીઓએ ડ્રગ્સની હેરાફેરી, ટિકિટના કાળાબજાર, ચોરી, પથ્થરમારો અને રેલ્વે કાયદા અને અન્ય સંબંધિત કાયદાઓ હેઠળના ગુનાઓમાં સંડોવાયેલા 17 ગુનેગારોની પણ ધરપકડ કરી હતી.આ કાર્યવાહી RPFની માનવતાવાદી પ્રતિબદ્ધતાને પણ ઉજાગર કરે છે. આ સમયગાળા દરમિયાન, RPF એ 15 સગીરો (છોકરાઓ અને છોકરીઓ) અને 2 સંવેદનશીલ પુખ્ત વયના લોકો સહિત 17 લોકોને બચાવ્યા. બધી જરૂરી પ્રક્રિયાઓનું પાલન કર્યા પછી, તેમને સંબંધિત બાળ કલ્યાણ સમિતિઓ, ચાઈલ્ડલાઈન, વન સ્ટોપ સેન્ટર્સ, NGO અથવા વાલીઓને સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યા હતા. વધુમાં, RPF કર્મચારીઓએ દાલખોલા રેલ્વે સ્ટેશન પર ઘાયલ મુસાફરને તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડી, જેથી સમયસર સારવાર અને આરોગ્ય કેન્દ્ર સુધી સુરક્ષિત પરિવહન સુનિશ્ચિત થાય.રેલવે સંપત્તિના રક્ષણના પ્રયાસોના ભાગ રૂપે, RPF એ નાગરિક વહીવટ, RPSF, GRP અને સ્થાનિક પોલીસ સાથે મળીને સફરાઈ રેલ્વે સ્ટેશન પર અતિક્રમણ વિરોધી ઝુંબેશ સફળતાપૂર્વક હાથ ધરી. આ કામગીરી દરમિયાન, 61 ગેરકાયદેસર બાંધકામો તોડી પાડીને આશરે 5,600 ચોરસ મીટર રેલ્વે જમીન પર અતિક્રમણ દૂર કરવામાં આવ્યું હતું. આ અતિક્રમણ દૂર કરવાની ઝુંબેશ કોઈપણ અનિચ્છનીય ઘટના વિના શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

## ભાજપના કોર્પોરેટરના નામે દારૂની મહેફીલનો વીડિયો વાઈરલ

અમદાવાદ | અમદાવાદના સરદારનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર દારૂની કથિત મહેફીલમાં હાજર હોવાના આક્ષેપ સાથેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ તયો છે. આ મામલે સરદારનગર પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. તો બીજી તરફ કોર્પોરેટર દ્વારા પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, તેના દ્વારા કોઈ પાર્ટીનું આયોજન કરાયું નહોતું અને તે વીડિયોમાં ક્યાંય દેખાતા નથી. કોર્પોરેટરે આ મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.


# સિટી એક્સપ્રેસ

MONDAY 06 JULY-2026

AHMEDABAD


## પ્રદેશ કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિક આજથી 3 દિવસ ગુજરાતમાં

અમદાવાદ | ગુજરાત કોંગ્રેસને સંગઠનાત્મક રીતે વધુ મજબૂત બનાવવા AICCના મહાસચિવ, ગુજરાતના પ્રભારી અને રાજ્યસભા સાંસદ મુકુલ વાસનિક 8થી 10 જુલાઈ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિઓ સાથે સંગઠનને મજબૂત કરવા સમીક્ષા બેઠક કરવાના છે. તેમજ કાર્યકરો સાથે સીધો સંવાદ કરી આગામી વ્યૂહરચના પર ચર્ચા કરીને નવા સંગઠનની રચના કરવામાં આવશે. આગામી 2027ની વિધાનસભા ચૂંટણી માટે સ્થાનિક સ્તરે સંગઠનને મજબૂત કરવા માટેનો પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

